ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

દ્વિતીય વર્ષ બી.એ.

ઈતિહાસ : પેપર - ૦૩

# ભારતનો ઈતિહાસ

(ઈ.સ.૮મી થી ઈ.સ.૧૩મી સદી સુધી)

(મુખ્ય વિષય તથા ગૌણ)

વિભાગ

# 2

## સમાજ અને સંસ્કૃતિ : 8મીથી 13મી સદી

## (Society and Culture : 8th to 13th Century)


એકમ 5

સામાજિક સંગઠન (Social Organisation) 7

એકમ 6

વિચારસરણી (Ideology) 20

એકમ 7

પ્રાદેશિક સાંસ્કૃતિક પરંપરાઓનો વિકાસ
(Development of Regional Cultural Traditions) 32

કેટલાંક ઉપયોગી પુસ્તકો (Some Useful Books) 54

## Expert Committee

Prof. K.N. Panikkar (Chairman)
Prof. B.D. Chattopadhyaya

Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A.J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic
History and Culture
Calcutta University
Calcutta

Prof. Gyan Pandey
History Department
Delhi University
Delhi

Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Dr. A. R. Khan
Dr. Kapil Kumar (*Convenor*)
IGNOU. New Delhi

## Course Preparation Team

Dr. Kapil Kumar
Dr. Abha Singh
Ms. Mira Rai
Ms. Sangeeta Pandey } *Course Coordinators*)
Dr. Ahmed Raza Khan }

## Block Preparation Team

| Unit No. | Contributors | Faculty Members IGNOU |
| --- | --- | --- |
| 5,6 and 7 | Prof. K.M. Shrimali<br>History Department<br>Delhi University<br>Delhi | Dr. Kapil Kumar<br>Dr. A.R. Khan<br>Ms. Mira Rai |

**Course Editor**
Prof. K M. Shrimali
History Department
Delhi University
Delhi

**Block Coordinator**
Dr. Kapil Kumar

## Production

Mr. Balakrishna [illegible]
Registrar (PPD)
IGNOU

આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવ[illegible] અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ [illegible]સ્તિકા પ્રસિદ્ધ કરી છે.

© *Indira Gandhi National Open University*

*All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*

**લેખન :**

પ્રો. દેવેન્દ્ર ભટ્ટ

**પરામર્શ** (વિષય) :

પ્રો. કે. સી. બારોટ — એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

**પરામર્શ** (ભાષા) :

પ્રો. એન. એલ. પઢિયાર — એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

**પ્રકાશક**

**કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

**"જ્યોતિર્મય" પરિસર, શ્રી બાલાજી મંદિર સામે, સરખેજ-ગાંધીનગર હાઈ-વે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧**

**સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.**

# વિભાગ 2 સમાજ અને સંસ્કૃતિ : 8મીથી 13મી સદી
# (Society and Culture : 8th to 13th Century)

**વિષય પ્રવેશ :**

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે, અથવા તો બ્રિટિશ સામ્રાજયવાદી ઇતિહાસકારોએ આપણા મનમાં એવું ઠસાવી દીધું છે કે, ઈસુના પ્રથમ સહસ્રાબ્દ (1000 વર્ષ) દરમ્યાન ભારતીય સમાજ સ્થિર, સ્થગિત અને અપરિવર્તનશીલ રહ્યો હતો. પરંતુ હકીકતે તેમ નથી. આ વિભાગમાં એ દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે, ઈસુની 8મીથી 13મી સદી દરમ્યાન (પૂર્વ મધ્યકાલીન યુગમાં) પણ ભારતીય સમાજ અને સંસ્કૃતિ અત્યંત સંવેદનશીલ હતાં, તથા તેમણે આ સમયમાં અર્થતંત્ર, રાજનીતિ, વિચારસરણી વગેરે ક્ષેત્રોમાં જે પરિવર્તનો થઈ રહ્યા હતા તેના પ્રત્યાઘાતો ઝીલ્યા હતા, અને તે બધાને યોગ્ય પ્રતિભાવ પણ આપ્યો હતો. આ અભ્યાસક્રમના **વિભાગ 1**માં આપણે આ સમય દરમ્યાન આકાર લઈ રહેલી આર્થિક ઘટનાઓનું અવલોકન કર્યું હતું. હવે આ **વિભાગ 2**માં એ આર્થિક ઘટનાઓનો તે સમયનાં સમાજ, વિચારસરણી અને સંસ્કૃતિ ઉપર કઈ રીતનો પ્રભાવ પડ્યો હતો, તે જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ મુદ્દાને નીચે પ્રમાણે ત્રણ એકમોમાં વહેંચી દેવામાં આવ્યો છે :

**એકમ 5**માં અનુગુપ્ત સમયમાં ભારતીય સમાજ અપરિવર્તનશીલ હતો, તેવી ઊભી કરાયેલી માન્યતાનું સંખ્યાબંધ સાહિત્યિક તેમ જ આભિલેખિક આધારસાધનોની મદદ વડે ખંડન કરવામાં આવ્યું છે. આમાં આ સમયનાં વૈશ્યો તથા શૂદ્રોની બદલાતી સ્થિતિઓ, લહિયાઓના નવા વર્ગનો ઉદ્ભવ, જ્ઞાતિઓનું પેટા જ્ઞાતિઓમાં વિભાજન, પ્રાચીન વર્ણવ્યવસ્થામાં પડેલી તિરાડો, સામંતશાહી હોદ્દાઓ અને ચડ-ઊતર શ્રેણીઓનો ઉદ્ભવ, સામાજિક તંગદિલીમાં વધારો વગેરે સમાજને લગતી બાબતો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

**એકમ 6**માં 'વિચારસરણી' સંબંધી બાબતો વિષે ચર્ચા કરવામાં આવી છે. આમાં વિચારસરણીની વ્યાખ્યા કરવામાં પડતી મુશ્કેલી, વિચારસરણીનાં વિવિધ પરિમાણો ઉપરાંત વિચારસરણીનું સ્વરૂપ, ભૂમિકા તથા કાર્ય વગેરેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ સૈદ્ધાંતિક ચર્ચાની પુષ્ટિ માટે આ સહસ્રાબ્દ દરમ્યાન, ખાસ કરીને અનુ-ગુપ્ત સદીઓ દરમ્યાન, ભારતમાં આકાર પામેલી વિશિષ્ટ ધાર્મિક ઘટનાઓનું આલેખન પણ કરવામાં આવ્યું છે, જેથી 'વિચારસરણી'માં રહેલી સુષુપ્ત, પ્રગાઢ, શક્યતાઓનું દર્શન થઈ શકે. આ એકમની સમગ્ર ચર્ચાનો હેતું 'વિચારસરણી'નો જનસમૂહ ઉપર ભારે પ્રભાવ પાડનારી શક્તિ તરીકે અભ્યાસ કરવાની જરૂર ઉપર ભાર મૂકવાનો છે.

**એકમ 7**માં ભારતની સાંસ્કૃતિક પરંપરાઓનું વ્યાપક દર્શન કરવામાં આવ્યું છે. પ્રદેશવાદનો ઉદ્ભવ એ આ સમયની સાંસ્કૃતિક પરંપરાનું સૌથી ધ્યાન ખેંચે તેવું લક્ષણ હતું. આ પ્રદેશવાદી વલણ સંસ્કૃતિનાં લગભગ બધાં પાસાંઓમાં જોવા મળે છે. આ સમયમાં મંદિર-સ્થાપત્યનો વિકાસ, તથા શિલ્પકલા, ધાતુ શિલ્પ, ચિત્રકલા, માટીકામ જેવી અન્ય કલાઓનો પણ વિકાસ; ઉપરાંત શિક્ષણ અને વિદ્યાનાં ક્ષેત્રમાં થયેલો વિકાસ; પ્રાદેશિક ભાષાઓનો અને લિપિઓનો તથા હસ્તલિખિત વૃત્તાંતો, સ્થાનિક સંવત્સરો વગેરેનો ઉદ્ભવ; તથા ધર્મમાં ઉદ્ભવેલાં નવાં વલણો – આ બધું અનુ-ગુપ્ત સદીઓમાં લોકોના ભૌતિક જીવનમાં આવેલાં પરિવર્તનોનો નિર્દેશ કરે છે. આ બધાં સાસ્કૃતિક આવિર્ભાવોમાં પણ પ્રાદેશિક વલણો છતાં થાય છે. આ એકમમાં આ બધાંનો અભ્યાસ કરવાનો પ્રયાસ થયેલો છે.

# એકમ 5 સામાજિક સંગઠન (Social Organisation)

## રૂપરેખા


5.0 પ્રસ્તાવના
5.1 આરંભના મધ્યકાલીન સમાજની પુનર્રચનાનાં સ્રોતો
5.2 બ્રાહ્મણવાદી દષ્ટિબિન્દુ – સામાજિક સંગઠનની ચુસ્તતામાં વધારો
5.3 વિરોધના સૂરો
5.4 ભૌતિક આધારોમાં પરિવર્તન અને નવી સમાજવ્યવસ્થા
5.5 નવું સામાજિક સંકુલ
  5.5.1 શૂદ્રોના ખેડૂતો તરીકે ઉદ્‌ગમ
  5.5.2 બંગાળ અને દક્ષિણ ભારતમાં વચલા વર્ણોની ગેરહાજરી
  5.5.3 નવા શિક્ષિત વર્ગનો ઉદ્‌ભવ
  5.5.4 નવી મિશ્ર જાતિના ઉદ્‌ભવમાં અસાધરણ વધારો
    (i) બ્રાહ્મણોમાં
    (ii) ક્ષત્રિયોમાં
    (iii) વૈશ્યો અને શૂદ્રોમાં
5.6 ભૂમિની વહેંચણી, સામંતશાહી દરજ્જાઓ અને વર્ણવિશેષતાઓ
5.7 સામાજિક તંગદિલીઓમાં નોંધપાત્ર વધારો
5.8 સારાંશ
5.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
5.10 ચાવીરૂપ શબ્દો


## 5.0 પ્રસ્તાવના

લગભગ એકાદ સદીથી બ્રિટિશ સામ્રાજ્યવાદી ઇતિહાસકારોએ ઇસુની પ્રથમ સહસ્રાબ્દી (પહેલા હજાર વર્ષ) દરમ્યાન ભારતીય સમાજ સ્થગિત તથા અપરિવર્તનશીલ રહ્યો હતો, તેવી માન્યતા ઊભી કરી છે. પરંતુ આ એકમમાં આપણે એ પ્રતિપાદિત કરવાનો પ્રયત્ન કરીશું કે, આ સમય દરમ્યાન, અને વિશેષ કરીને આપણા અભ્યાસ સમય (ઈ.સ. 8મીથી 13મી સદી) દરમ્યાન, ભારતીય સમાજ ચેતનવંતો હતો; તેણે આ સમયે રાજકારણ, અર્થકારણ અને વિચારસરણીનાં ક્ષેત્રોમાં આવેલાં પરિવર્તનોનાં સ્પંદનો ઝીલ્યાં હતાં, અને તેને યોગ્ય પ્રતિભાવ પણ આપ્યો હતો. આને પરિણામે જે નૂતન સામાજિક પરિવેશ પેદા થયો હતો, અને પુરાણા સમાજમાં કંઈક અંશે પરિવર્તન આવ્યું હતું. તેના ઉપર, તથા આ સામાજિક પરિવર્તનનાં સ્વરૂપ અને લાક્ષણિકતાઓ ઉપર, આ એકમમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

## 5.1 આરંભના મધ્યકાલીન સમાજની પુનર્રચનાનાં સ્રોતો (Sources for the Reconstruction of Early Medieval Society)

આ રીતની નવી સામાજિક રચનાનો, અથવા તો સાચી રીતે કહીએ તો, પુરાણા સમાજમાં આવેલાં પરિવર્તનોનો નિર્દેશ આ સમયનાં અનેક સાહિત્યિક તેમ જ આભિલેખિક આધારસાધનોમાંથી મળે છે. આ સમયની ભારતના મુખ્ય મુખ્ય રાજવંશોની જાણકારી મોટે ભાગે તેમના અભિલેખોમાંથી જ મળે છે, અને આવા અભિલેખોની કુલ સંખ્યા હજારોની થવા જાય છે. આ અભિલેખો ભારતની જુદી જુદી ભાષાઓ તથા લિપિઓમાં લખાયેલા છે (જુઓ આગળ, એકમ 7). તેમાંથી આપણને સમગ્ર દેશની તેમ જ દેશના વિવિધ પ્રદેશોની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક પરિસ્થિતિઓ વિષે ઘણી સારી માહિતી પ્રાપ્ત થાય છે.

તેવું જ આ સમયની વિવિધ પ્રકારની સાહિત્યિક આધારસામગ્રીનું છે. **'ધર્મશાસ્ત્રો'** ઉપરની [illegible]કાઓ તથા અન્ય ધાર્મિક લેખો ઉપરથી આપણને આ સમયની સામાજિક-આર્થિક વ્યવસ્થામાં ઊથલપાથલ

કે ઉતાર-ચઢાવ વિષે જાણવા મળે છે. તે જ રીતે 'કાવ્ય', નાટક, તથા વૈજ્ઞાનિક પ્રકારના ગ્રંથો અને સ્થાપત્યો પણ અનુ-ગુપ્ત સમયની સમાજ-વ્યવસ્થાની કેટલીક બાબતો ઉપર પ્રકાશ પાડે છે. કલ્હણનું **'રાજતરંગિણી'**, શ્રીહર્ષનું **'નૈષધીયચરિત'**, મેરુતુંગાચાર્યનું **'પ્રબંધ ચિંતામણિ'**, સોઢ્ઢલની **'ઉદય સુંદરી'**, જિનસેનનું **'આદિપુરાણ'**, મેધાતિથિ અને વિજ્ઞાનેશ્વરની **'મનુસ્મૃતિ'** તથા **'કથાસ્મૃતિ'** ઉપરની ટીકાઓ, ઉપરાંત **'માનસોલ્લાસ'**, **'માયામત'** અને **'અપરાજિતપૃચ્છા'** જેવા ગ્રંથો પણ આ સમય દરમ્યાન ભારતીય સમાજમાં આવેલાં પરિવર્તનો વિષે માહિતી આપનારાં અગત્યનાં આધારસાધનો બની રહે છે.

## 5.2 બ્રાહ્મણવાદી દૃષ્ટિબિન્દુ – સામાજિક સંગઠનની ચુસ્તતામાં વધારો (Brahmanical Perspective : Growing Rigidity in Social Organisation)

ભારતીય સમાજમાં હૂણ, આરબ, તુર્ક વગેરે જેવા 'મ્લેચ્છો'ના પ્રવેશને કારણે બ્રાહ્મણવાદી સમાજ-સંરક્ષકો સચિંત અને સાવચેત બન્યા. તેમણે પુરાણી સમાજ-વ્યવસ્થાને જાળવી રાખવાની જરૂર ઉપર ભાર મૂકવા માંડ્યો. **શંકરાચાર્યે 'વર્ણાશ્રમધર્મ'** (ચાર વર્ણો અને ચાર આશ્રમો-વાળી સમાજ અને જીવન-વ્યવસ્થા) ભયમાં હોવાનો પોકાર ઉઠાવ્યો; 11મી સદીનો લેખક **ધનપાલ** પ્રાચીન વર્ણવ્યવસ્થામાં ગંભીર પ્રકારની અવ્યવસ્થા ઊભી થયાનો નિર્દેશ કરે છે. છઠ્ઠીથી તેરમી સદીના કેટલાય રાજવીઓ પોતાના અભિલેખોમાં પોતે 'વર્ણવ્યવસ્થા' જાળવી રાખી હોવાનો દાવો કરે છે. તેમના લેખોમાં તેમણે કરેલી 'વર્ણાશ્રમધર્મ-સ્થાપના'ના વારંવાર સગર્વ ઉલ્લેખો આવે છે. **'માનસોલ્લાસ'**(12મી સદી)માં તો **'વર્ણાધિકારી'**(વર્ણવ્યવસ્થાની જાળવણી કરવા માટે નિમાયેલો ખાસ અધિકારી)નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ટૂંકમાં, આમાં બ્રાહ્મણધર્મના સંરક્ષકો, સ્મૃતિકારો, રાજકીય સલાહકારો વગેરેનું સામાજિક-હરોળોને આર્યેતર જાતિઓના લોકો માટે બંધ કરી, સામાજિક વ્યવસ્થાને આધારે વધારે સંકુચિત અને વધારે ચુસ્ત બનાવવાનું, તથા તેમાં કોઈ પણ પ્રકારનું પરિવર્તન લાવવાના પ્રયાસોનો વિરોધ કરવાનું વલણ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. કદાચ આ પ્રમાણેની સામાજિક 'યથાવત્-સ્થિતિ' જાળવી રાખવામાં આ લોકોનાં સ્થાપિત હિતો સમાયેલાં હશે. આમ છતાં આ જ સમય દરમ્યાન આ બ્રાહ્મણવાદી દૃષ્ટિબિંદુના વિરોધમાં પણ સૂરો ઊઠવા લાગ્યા હતા અને તેમાં જ આ સમયની સમાજવ્યવસ્થાના પરિવર્તનનાં બીજ સમાયેલાં હતાં.

## 5.3 વિરોધના સૂરો (Voices of Dissent)

આ સમયે ખાસ કરીને બિન-બ્રાહ્મણો દ્વારા વર્ણવ્યવસ્થાના મૂળભૂત આધારોની ટીકા થવા લાગી હતી. સદીઓ પહેલાં ગૌતમ બુદ્ધે જન્મના આધાર ઉપર વર્ણ નક્કી કરવાની પદ્ધતિની યોગ્યતાને પડકારી હતી. તેમનો રોષ વિશેષ કરીને બ્રાહ્મણો ઉપર, તથા બ્રાહ્મણવાદી દૃષ્ટિબિંદુ ઉપર હતો. જોકે તેમનો આ વિરોધી સૂર બ્રાહ્મણવાદી સમાજ-વ્યવસ્થાને બદલવામાં નિષ્ફળ ગયો હતો, તેમ છતાં એ સૂર સદંતર બંધ પણ થયો ન હતો, અને સમયે સમયે બ્રાહ્મણવાદી સમાજવ્યવસ્થા સામે અસંતોષે માથું ઊંચક્યા કર્યું હતું. 11મી સદીના જૈનગ્રંથ **'ધર્મપરીક્ષા'**માં જૈન અમિતાગતિ માણસના કર્મ (આચરણ) ઉપરથી વર્ણ નક્કી કરવાની ભલામણ કરે છે; **'કથાકોષ પ્રકરણ'** નામના જૈનગ્રંથમા બ્રાહ્મણોની શ્રેષ્ઠતા સામે અવાજ ઉઠાવવામાં આવ્યો છે. **'લાટકમેલક'** નામના એક વ્યંગ-ગ્રંથમાં એક બૌદ્ધ સાધુને વર્ણની મહત્તાને નકારતો, તથા વર્ણના આધાર ઉપર રચાયેલા જ્ઞાતિ-વાડાઓની નિંદા કરતો દર્શાવ્યો છે. કાશ્મીરી પંડિત **ક્ષેમેન્દ્રે 'કુલ-જાતિ-દર્પ'**(કુલ અને જાતિનું અભિમાન)ને સમાજના રોગ તરીકે, અને પોતાને તે રોગના ચિકિત્સક તરીકે વર્ણવ્યો છે. **'પદ્મપુરાણ'**માં બે વિરોધી વિચારસરણીઓ વચ્ચેના સંઘર્ષનું નિરૂપણ આવે છે. આમાંથી જૂની-સનાતની વિચારસરણી શૂદ્રને કંગાળ જીવન જીવવાનો આદેશ આપે છે, જ્યારે બીજી વિરોધી ('પાખંડી' !) વિચારસરણી શૂદ્રને ધનનું મહત્ત્વ સમજાવી પૈસા એકઠા કરવાનું સૂચન કરે છે ! આ બધા સૂરો પ્રાચીન વર્ણવ્યવસ્થા પ્રત્યેના અસંતોષનું, તથા આ વ્યવસ્થામાં પણ સુધારા (જો કરવા હોય તો) થઈ શકે છે, તેનું સૂચન કરતા હતા.

આ પ્રકારના બદલાયેલા વાતાવરણનો પડઘો 'સ્મૃતિ'ઓ ઉપરના ટીકાગ્રંથોમાં પણ પડેલો જોવા મળે છે. ટીકાકાર **'વિજ્ઞાનેશ્વર'** સ્પષ્ટપણે સૂચવે છે કે બધાં બ્રાહ્મણો શિક્ષાથી પર નથી; અપરાધી બ્રાહ્મણ અત્યંત વિદ્વાન હોય, અને તેણે અગાઉથી વિચાર કે યોજના કર્યા વગર અપરાધ કર્યો હોય, તો જ તેને શિક્ષામાંથી માફી મળી શકે. **વિશ્વરૂપ** નામનો બીજો ટીકાકાર 'આતતાયી' (ત્રાસવાદી) બ્રાહ્મણને, તથા યુદ્ધમાં સામે લડવા આવેલા બ્રાહ્મણને હણવાની છૂટ આપે છે. આ ઉપરાંત બ્રાહ્મણ ગૃહસ્થી (અલબત્ત, અત્યંત કપરા સંજોગોમાં) ચાર પ્રકારના શૂદ્રો(તેનો દાસ, તેનો ગોવાળ, તેનો મિત્ર કે તેનો ખેડૂત)ના હાથનું રાંધેલું ભોજન ખાઈ શકે છે, તેવું સ્મૃતિઓના ટીકાકારોનું માનવું છે.

11મી સદીના એક ગ્રંથમાં સામાજિક વર્ગો તથા વિભાગોની રચના જન્મના આધારે નહીં, પરંતુ વ્યવસાય(કર્મ)ના આધારે થવી જોઈએ તે બાબત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. તેમાં એક વિભાગમાં વિવિધ ધર્મોના ધર્મગુરુઓ, અને બીજા વિભાગમાં સંસારીઓ(ગૃહસ્થીઓ)ને રાખવામાં આવ્યા છે. આમાં બધા જ ધર્મગુરુઓને દંભી અને ઢોંગી કહેવામાં આવ્યા છે, જ્યારે સંસારીઓનું નીચે પ્રમાણે છ વર્ગોમાં સામાજિક વર્ગીકરણ સૂચવવામાં આવ્યું છે :

(1) **સૌથી ઊંચો વર્ગ :** રાજાઓ, ચક્રવર્તીઓ અને સમ્રાટો.
(2) **તે પછીનો ઉચ્ચ વર્ગ :** સામંતશાહી વ્યવસ્થા નીચેના સામંતો અને સરદારો.
(3) **મધ્યમ વર્ગ :** મોટા વ્યાપારીઓ, ધીરધાર કરનારાઓ, પશુપાલકો વગેરે.
(4) **નીચલો વર્ગ :** નાના દુકાનદારો અને નાના ખેડૂતો.
(5) **નીચી કક્ષાના લોકો :** કારીગરો, કડિયાઓ, હુન્નરમંદો, મજૂરો.
(6) **તદ્દન નીચલી કક્ષાના લોકો :** ચાંડાલો, કસાઈઓ વગેરે.

આમાં સમાજિક દરજ્જો નક્કી કરવા માટે આર્થિક બાબતોને આધાર તરીકે ગણી છે, તે સ્પષ્ટ છે. જોકે આ પ્રકારનું વર્ગીકરણ પણ બ્રાહ્મણવાદીઓ દ્વારા રચાયેલી સમાજરચના કરતાં બહુ જુદું પડતું ન હતું, તેમ તે ખાસ સમાનતાવાદી પણ ન હતું; અને તેમાં પણ અગાઉના સામાજિક પૂર્વગ્રહો તો કામ કરતા દેખાય જ છે. તેમ છતાં આ પ્રકારની પુનર્રચના (અથવા તો પુનર્રચનાનો ખ્યાલ) વધારે તર્કસંગત હતી જ.

## 5.4 ભૌતિક આધારોમાં પરિવર્તન અને નવી સમાજવ્યવસ્થા (Changing Material Base and the New Social Order)

આ પ્રમાણેના વ્યાપક પણ પરસ્પર વિરોધી વલણોનું આ અવલોકન એટલું તો સ્પષ્ટ કરે છે કે, આ સમયે સમાજવ્યવસ્થા ગતિશીલ હતી; તે પરિવર્તન માટેની ક્ષમતા ધરાવતી હતી, અને તે પરિવર્તન માગી પણ રહી હતી. તેનામાં સુસંવાદિતાનો અભાવ હતો; વાસ્તવમાં, તે સમયની બદલાતી આર્થિક પરિસ્થિતિઓ જોતાં સમાજમાં આવી સુસંવાદિતા રહે પણ નહીં. આ સમયમાં, અને ખાસ કરીને 8મી સદી પછીના સમયમાં, ભૂમિ-અનુદાન પ્રથાએ (જુઓ, વિભાગ 1, એકમ 1), તથા તેને કારણે થયેલા કૃષિ-વિકાસે સમગ્ર સામાજિક દૃષ્ટિબિંદુને બદલી નાખ્યું હતું . તેમાં તેની (કૃષિ-વિકાસની) સાથે નીચેની બાબતો પણ ભળી—પ્રાદેશિકવાદી અને સ્થાનિકવાદી વલણોને મળેલું ઉત્તેજન; તેનો (કૃષિવિકાસનો) શહેરી વિસ્તારોમાં આવતાં પરિવર્તનો ઉપર પડેલો પ્રભાવ; તેનો નાણાં-પદ્ધતિ સાથે જોડાયેલો સંબંધ; સામાજિક તથા આર્થિક સ્થગિતતા લાવવામાં તેણે ભજવેલો ભાગ તથા તેને કારણે ખેડૂત તથા ખેતી સાથે સંકળાયેલા ન હોય તેવા કારીગરોની ગુલામ જેવી દશા; અને આને જ કારણે શાસનકર્તા ભૂમિ-માલિકોની ઊભી થયેલી ચડ-ઊતર દરજ્જાવાળી શ્રેણી (જુઓ, વિભાગ 1ના એકમ 1થી 4; અને વિભાગ 3ના એકમ 8.3.4).

ટૂંકમાં, આ બધાને કારણે એક નવા જ પ્રકારનો સામાજિક પરિવેશ આકાર લઈ રહ્યો હતો. આગળ કહ્યું તેમ, મધ્યકાલીન ભારતીય અર્થતંત્રનાં નવાં વલણો સામંતશાહી વ્યવસ્થાની સ્થાપના તરફ દોરી જતા હતા; રાજકીય ક્ષેત્રે પણ મોટા ભાગનાં રાજ્યોમાં સામંતશાહી સત્તા-કેંદ્રો સ્થપાતાં જતાં હતાં. આથી સ્વાભાવિક રીતે જ સામાજિક ક્ષેત્ર પણ સામંતશાહી વ્યવસ્થાના સકંજામાંથી બચી જ ન શકે. આને પરિણામે સમાજમાં જે પરિવર્તનો આવ્યાં તે આ સમયનો ભારતીય સમાજ નિશ્ચેતન, સ્થિર, સ્થગિત અને અપરિવર્તનશીલ હતો તેવી ઊભી કરાયેલી માન્યતાનો છેદ ઉડાડી નાખે છે. અફસોસની વાત તો એ છે કે, કેટલાક રાષ્ટ્રીય ઇતિહાસકારો પણ આવી

ભૂલભરેલી માન્યતાનો ભોગ થઈ પડ્યા છે. જોકે છેલ્લા બે-ત્રણ દાયકાઓમાં ઇતિહાસકારો આ સમયના ભારતીય સમાજની ગતિશીલતા ઉપર, તથા બદલાતી જતી આર્થિક તરાહ સાથેના તેના સંબંધો ઉપર ભાર મૂકતા થયા છે, જે ખરેખર આવકારદાયક વલણ ગણાય.

**'તમારી પ્રગતિ ચકાસો' (1)**

1. 8મીથી 13મી સદી દરમ્યાન ભારતીય સમાજના નવનિર્માણ ઉપર પ્રકાશ પાડનારાં આધારસાધનોની યાદી બનાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

2. નીચેનામાંથી જે વિધાનો સાચાં હોય તેમની સામે ✔ અને જે ખોટાં હોય તેમની સામે ✘ની નિશાની કરો :
   (i) 8મીથી 13મી સદી દરમ્યાન વર્ણવ્યવસ્થાના મૂળભૂત આધારો વિષે શંકાઓ ઊઠવા લાગી હતી.
   (ii) આ સમયે સામાજિક માળખું સ્થગિત થઈ ગયું હતું.
   (iii) આ સમયે પ્રાચીન વર્ણવ્યવસ્થાના માળખામાં તિરાડો પડવા લાગી હતી.
   (iv) 11મી સદીના એક ગ્રંથમાં સામાજિક દરજ્જાઓનો પાયો જન્મને નહીં, પણ વ્યવસાયને ગણવામાં આવ્યો છે.

3. પ્રાચીન વર્ણવ્યવસ્થા સામે જે વિરોધનો સૂર ઊઠવા પામ્યો હતો, તે વિશે આશરે દસેક વાક્યોમાં લખો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 5.5 નવું સામાજિક સંકુલ (The New Social Ethos)

ઉપર્યુક્ત પરિબળોને કારણે 8મી સદી પછી જે નવું સામાજિક સંકુલ રચાયું, તથા જે 13મી સદીમાં દિલ્હી સલ્તનતની સ્થાપના થઈ ત્યાં સુધી તો ટકી રહ્યું હતું તેમ લાગે છે, તેનાં વિશિષ્ટ લક્ષણો નીચે પ્રમાણે ગણાવી શકાય :

– પ્રાચીન વર્ણવ્યવસ્થામાં થયેલો ફેરફાર, જેમ કે, **શૂદ્રો** ખેતીનો વ્યવસાય અપનાવવાને કારણે **વૈશ્યો**ની વધારે નજીક આવ્યા, અર્થાત્, શૂદ્રો અને વૈશ્યો વચ્ચેની ભેદરેખા ભુંસાવા લાગી.
– બંગાળ અને દક્ષિણ ભારતમાં એક નવા પ્રકારની બ્રાહ્મણ વ્યવસ્થાનો ઉદ્ભવ; આ નવી વ્યવસ્થામાં વચલા વર્ણો ગેરહાજર હતા.
– નવા લહિયા વર્ગનો ઉદ્ભવ થયો; આ વર્ગ પ્રાચીન વર્ણવ્યવસ્થામાં પોતાનું આગવું સ્થાન મેળવવા માટે પ્રયત્ન કરી રહ્યો હતો.
– નવી પેટા જ્ઞાતિઓ અને મિશ્રજ્ઞાતિઓમાં થયેલો ભારે વધારો.
– ભૂમિની તથા લશ્કરી સત્તાની અસમાન વહેંચણી, જેને પરિણામે વિવિધ સામંતશાહી-હોદ્દાઓનો અને શ્રેણીઓનો થયેલો ઉદ્ભવ. આ નવી સામંતશાહી શ્રેણીઓ (ચડતા-ઊતરતા હોદ્દાઓ) પ્રાચીન સમયની વર્ણ-વ્યવસ્થા અને વર્ણભેદને સીધી રીતે કાપતી હતી.
– સામાજિક તંગદિલીના કિસ્સાઓમાં થયેલો વધારો.

### 5.5.1 શૂદ્રોનો ખેડૂતો તરીકે ઉદ્ગમ (Emergence of Shudras as Cultivators)

આ સમયે કૃષિ વિસ્તરણ(કૃષિ લાયક ભૂમિ અને કૃષિ પ્રવૃતિ, બંનેના થયેલા વિસ્તાર)ને કારણે કૃષિનો વ્યવસાય કોણે કરવો, તે વિષેના અગાઉના ખ્યાલોમાં પરિવર્તન આવ્યું. હવે અનુ-ગુપ્તકાલીન **'ધર્મશાસ્ત્રો'** કૃષિને બધા જ વર્ણો માટેના **'સામાન્ય વ્યવસાય'**ની યાદીમાં મૂકવા લાગ્યા. **'પારાશર સ્મૃતિ'** તો બ્રાહ્મણોને તેમની પરંપરાગત છ ફરજો (વિદ્યાભ્યાસ કરવો અને કરાવવો, યજ્ઞ કરવો અને કરાવવો, દાન લેવું અને દેવું) ઉપરાંત કૃષિ-વ્યવસાય માટે પણ યોગ્ય ગણે છે. અલબત્ત, તેઓ શૂદ્રો પાસે ખેત મજૂરી કરાવે તો તે વધારો સારું, તેમ પણ તે કહે છે. વળી, આ પ્રકારના કૃષિ વ્યવસાયને અપનાવનાર બ્રાહ્મણને કૃષિ સાથે સંકળાયેલાં પાપોનું નિવારણ કરવા માટે બળદો પ્રત્યે માયાળુ વર્તન રાખવા, તથા દેવ, રાજા અને (અન્ય) બ્રાહ્મણોને અનાજનું દાન દેવાની પણ તે ભલામણ કરે છે.

આનો અર્થ એ થયો કે, આ સમયે બ્રાહ્મણવાદી પરંપરાગત સમાજ-વ્યવસ્થાના માળખામાં ક્યાંક ક્યાંક તિરાડો પાડવાનો, તથા **'વર્ણ'**નાં નક્કી થયેલાં કાર્યોને નવેસરથી નિયત કરવાનો પ્રયત્ન થઈ રહ્યો હતો. આ પ્રકારના વલણનો વધુ મોટો પુરાવો એ છે કે, કૃષિ–વ્યવસાય દ્વારા જ **વૈશ્યો** અને **શૂદ્રો** વચ્ચેનો ગાળો પૂરવાનો પ્રયત્ન થઈ રહ્યો હતો. અનુ-ગુપ્તકાલમાં **વૈશ્યો**એ કૃષિકાર (ખેડૂત) તરીકેની પોતાની ઓળખ લગભગ ગુમાવી દીધી હતી. સાતમી સદીના પૂર્વાર્ધમાં ભારતમાં આવેલો પ્રખ્યાત ચીની યાત્રાળુ હ્યુ-એન-ત્સાંગ શૂદ્રોને ખેડૂતો ગણે છે. 11મી સદીની પહેલી પચ્ચીસીમાં સુલતાન મહમૂદ ગઝનવીની સાથે ભારતમાં આવેલો મુસ્લિમ વિદ્વાન **અલ-બિરુની** પણ વૈશ્યો અને શૂદ્રો વચ્ચે કોઈ તફાવત નહીં હોવાનું નોંધે છે. **'સ્કંદપુરાણ'**માં વૈશ્યોની પણ (શૂદ્રો જેવી) કંગાળ હાલતનું વર્ણન આવે છે. લાગે છે કે 11મી સદી સુધીમાં વૈશ્યો શૂદ્રોની લગભગ સમકક્ષ જેવા બની ગયા હતા. ઉદાહરણ તરીકે, **અલ-બિરુની** લખે છે કે, વેદનું ઉચ્ચારણ કરવા માટે વૈશ્યો અને શૂદ્રોને બંનેને જીભ કાપી નાખવાની સજા કરવામાં આવતી. અમુક શૂદ્રો **'ભોજ્યાન્ન'** (એટલે કે જેમનું રાંધેલું અન્ન આરોગવામાં બ્રાહ્મણને પણ વાંધો ન હોઈ શકે તેવા શૂદ્ર) કહેવાતા. આ સમયના ઘણા તાંત્રિકો અને સિદ્ધો (ગુરુઓ) શૂદ્રોમાંથી – માછીમાર, મોચી, ધોબી, લુહાર વગેરેમાંથી – આવ્યા હતા. 8મી સદીના એક ગ્રંથમાં વૈશ્ય સ્ત્રીઓ અને શૂદ્ર પુરુષોના લગ્નસંબંધ દ્વારા હજારો મિશ્ર જ્ઞાતિઓ ઉદ્ભવી હોવાનો ઉલ્લેખ છે. આ ઉપરાંત **'અનાશ્રિત' શૂદ્રો**નો પણ ઉલ્લેખ આવે છે. આવા શૂદ્રો કોઈની પણ ઉપર આધારિત ન હતા (અર્થાત્, તેઓ સ્વતંત્ર હતા). તેઓ પૈસે ટકે સુખી હતા, અને પૈસાના જોરે સ્થાનિક પ્રશાસન સમિતિઓના સભ્યપદે પણ પહોંચી જતા. જોકે આવા **'અનાશ્રિત શૂદ્રો'**નું પ્રમાણ વધારે ન હતું; કારણ, પૂર્વ મધ્યકાલના સ્થાનિક, સંકુચિત અને ઘણેખરે અંશે સ્વાવલંબી કૃષિ અર્થતંત્રને, તથા ભદ્રવર્ગના ભૂમિ માલિકોની સત્તાને ટકાવી રાખવા માટે આશ્રિત ખેડૂતો અને આશ્રિત કારીગરો તથા આશ્રિત મજૂરોની જ વધારે આવશ્યકતા હતી. અને વૈશ્ય

તથા શૂદ્રો વચ્ચેની ભેદરેખા દૂર કરવાથી આ આવશ્યકતા પૂરી પડે તેમ હતી! જોકે, 'પારાશરસ્મૃતિ' જેવા ધર્મગ્રંથો એવી ચેતવણી આપતા હતા કે, જે શૂદ્રો બ્રાહ્મણો(દ્વિજ)ની સેવા કરવાનું છોડી દેશે તે નર્કની યાતના ભોગવશે; તેમ છતાં આવી ચેતવણીઓની અવગણના કરીને પણ શૂદ્રો સેવાકાર્ય છોડીને ખેતી તરફ વળ્યા હતા, એ હકીકત પ્રાચીન વર્ણવ્યવસ્થાના માળખામાં પડેલી તિરાડોની સાથે શૂદ્રોના આત્મસન્માનમાં થયેલા વધારાનું પણ સૂચન કરે છે.

### 5.5.2 બંગાળ અને દક્ષિણ ભારતમાં વચલા વર્ણોની ગેરહાજરી (Absence of Intermediary Varnas in Bengal and South India)

આ પ્રકારના વૈશ્યો અને શૂદ્રો વચ્ચેની ભેદરેખા ભુંસાવાના વલણે બંગાળ અને દક્ષિણ ભારતમાં એક નવા જ પ્રકારની સમાજવ્યવસ્થાને જન્મ આપ્યો. આ સમાજવ્યવસ્થામાં મુખ્યત્વે પ્રાચીન વર્ણવ્યવસ્થાના ટોચના અને તળિયાના, અર્થાત્, બ્રાહ્મણ અને શૂદ્ર – એમ બે જ વર્ગોની ગણના કરવામાં આવી છે, અને વચ્ચેના (ક્ષત્રિય તથા વૈશ્ય) વર્ણોની ગેરહાજરી નોંધપાત્ર રીતે દેખાઈ આવે છે. કદાચ આ વિસ્તારોમાં બિન-બ્રાહ્મણવાદી ધર્મોના પ્રાબલ્યને કારણે પણ આમ બન્યું હોય. વળી, આ પ્રદેશોના છેવાડે આવેલા વિસ્તારોમાં રહેતી આદિવાસી જાતિઓ, તથા અન્ય અબ્રાહ્મણવાદી જાતિઓને બ્રાહ્મણવાદી વ્યવસ્થામાં શૂદ્રો તરીકે સમાવી લેવાની પ્રક્રિયાએ પણ આમ થવામાં ભાગ ભજવ્યો હોય. આ પ્રદેશોના ઘણા મધ્યકાલીન ગ્રંથોમાં જંગલોમાં રહેતી આદિવાસી જાતિઓ પાસેથી, કે તેમની મદદથી, જે તે રાજાઓએ સત્તા પ્રાપ્ત કર્યાના ઉલ્લેખો મળે છે. 8મીથી 13મી સદી દરમ્યાન લગભગ બધી જ રાજસત્તાઓએ **આભીરો** સાથે યુદ્ધો કર્યાં હતાં. **'બ્રહ્મવૈવર્ત પુરાણ'**(જે 13મી સદીમાં બંગાળમાં રચાયું હોવાનું મનાય છે)માં **અગાડી**, **અંબષ્ઠ**, **ભીલ**, **ચાંડાલ**, **કૌચા** વગેરે આદિવાસી જાતિઓને શૂદ્રો તરીકે બ્રાહ્મણવાદી સમાજવ્યવસ્થામાં સમાવી લીધી હોવાનો ઉલ્લેખ છે. **આભીરો**ની બાબતમાં પણ આમ જ બન્યું હોવાનો સંભવ છે.

12મી સદીના બંગાળના સેન-વંશી રાજવી વલ્લાવ (બલ્લાવ) સેનની ચરિત્રકથા **'વલ્લાવચરિત'**માં આ નૂતન પ્રકારની સમાજવ્યવસ્થાનો નિર્દેશ મળે છે. તેમાં જણાવ્યા પ્રમાણે રાજા વલ્લાવ સેને **કૈવર્તો**, **કુંભાર**, **માળી**, **લુહાર** વગેરેનો દરજ્જો ઊંચો કર્યો હતો જ્યારે સોની અને **'વેપારી-બ્રાહ્મણો'**નો દરજ્જો નીચો કર્યો હતો. બીજા સેન-રાજવી લક્ષ્મણ સેનના સમયનો એક લેખક વેપારીઓના ધ્વજ(જે 'શુક્રધ્વજ' કહેવાતો)ને ફરકાવવાના પ્રસંગે ધ્વજ-દંડને સંબોધીને કહે છે કે, "અરે, હવે ક્યાં ગયા એ વેપારીઓ કે જેઓ તને સદા ઊંચો રાખતા ? હવે તારો ઉપયોગ તો હળ કે પશુને બાંધવાના થાંભલા તરીકે થઈ રહ્યો છે !" વેપારી-બ્રાહ્મણો ઉપરાંત **'નિષાદ-બ્રાહ્મણો'**ના પણ ઉલ્લેખો આવે છે. આ બ્રાહ્મણો મૂળ આદિવાસી જાતિઓના ધર્મગુરુઓ હતા. તેમને પુરાણી વર્ણવ્યવસ્થાના માળખામાં બ્રાહ્મણ વર્ણમાં સમાવવામાં તો આવ્યા, પરંતુ તેમનો દરજ્જો મૂળ બ્રાહ્મણો કરતાં નીચો ગણવામાં આવ્યો હતો.

દક્ષિણ ભારતમાં **બસવ** નામના શૈવપંથી બ્રાહ્મણ ધર્મગુરુએ ધર્મની બાબતમાં પુરુષ અને સ્ત્રીને સમાન ગણવા ઉપદેશ આપ્યો હતો. **કાયસ્થ**, **કરણ**, **લેખક**, **લિપિકાર** વગેરે લહિયા વર્ગને શૂદ્રોમાં ગણવા પાછળ પણ વચલા વર્ણોને નાબૂદ કરવાનું વલણ જ જોવા મળે છે. આવું જ મધ્યકાલીન દખ્ખણમાં 'ગવડા'(અત્યારના કર્ણાટકના **'ગૌડા'**)ઓની બાબતમાં થયું હતું.

### 5.5.3 નવા શિક્ષિત વર્ગનો ઉદ્ભવ (Rise of New Literate Class)

આ સમયમાં મોટા પ્રમાણમાં અપાયેલા ભૂમિદાનોને કારણે ભૂમિની ફેરબદલી, માલિકી-હક, માપણી વગેરેના દસ્તાવેજો બનાવવા તથા તેમની નોંધો રાખવા માટે ભણેલા, વિદ્વાન અને આવી બાબતોમાં નિષ્ણાત હોય તેવા લેખકોની જરૂર પડવા લાગી. સમકાલીન આધારસાધનોમાં આવા નિષ્ણાત લેખકોના **'કાયસ્થ'**, **'કરણ'** (કારકુન), **'કર્ણિક'**, **'પુસ્તપાલ'**, **'લેખક'**, **'દિવિર'**, **'ધર્મલેખિજમ'**, **'અક્ષપટલિક'** વગેરે જુદા જુદા નામે ઉલ્લેખો મળે છે. આ લહિયાઓ જુદા જુદા વર્ણોમાંથી આવતા હતા. આ સમયના અભિલેખોમાં તેમની જુદા જુદા વર્ણોમાંથી થયેલી ઉત્પત્તિ વિષે જુદી જુદી કથાઓ મળી આવે છે. આમાંથી એક કથા **'કાયસ્થો'**ને કશ્યપ ઋષિના પુત્ર કુશના વંશજો (અર્થાત્, બ્રાહ્મણવર્ણના) ગણે છે; બીજી કથા મુજબ, પરશુરામે જ્યારે પૃથ્વીને ક્ષત્રિયવિહોણી બનાવી, ત્યારે જે ક્ષત્રિયો હિંમત ન હાર્યા અને ટકી ગયા તે **'કાયસ્થ'** કહેવાયા (અર્થાત્, કાયસ્થો ક્ષત્રિયો હતા). ત્રીજી કથા પ્રમાણે બ્રાહ્મણ વંશમાં જન્મેલા મહાન ઋષિ કાચરે એક શુદ્રની સેવાથી પ્રસન્ન થઈ તેને પુત્રનું વરદાન આપ્યું, જે પુત્ર કાયસ્થોનો મૂળ પુરુષ બન્યો

(અર્થાત્, કાયસ્થો શૂદ્રોના વંશજો હતા). આ ત્રણેય કથાઓનો સાર તારવીએ, તો કહી શકાય કે, કાયસ્થો (કે લહિયાઓ) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર – એમ બધા જ વર્ણોમાંથી ઊતરી આવ્યા હશે, પરંતુ સમય જતાં તેમની એક વિશિષ્ટ જ્ઞાતિ જ બની ગઈ હશે. 9મી સદી પછીના લેખોમાં આપણને વલ્લભ, ગંડ, માથુર, કટારિયા, શ્રીવાસ્તવ, નેગળ વગેરે મોટા મોટા કાયસ્થ કુટુંબોનો ઉલ્લેખ મળે છે; 11મી સદીમાં 'કાયસ્થ'ની પાછળ **'કુળ'** કે **'વંશ'** શબ્દ લગાડવાનું શરૂ થયેલું જોવા મળે છે; 12મી અને 13મી સદીઓમાં તેમનો 'જાતિ' કે 'જ્ઞાતિ' તરીકે ઉલ્લેખ થવા લાગે છે. આ બધું દર્શાવે છે કે આ સમય દરમ્યાન કાયસ્થની એક વિશિષ્ટ જાતિનો ઉદ્‌ભવ થયો હતો. આ સમયના કેટલાક કાયસ્થો વિદ્યા અને સાહિત્યના ક્ષેત્રે મહત્ત્વનો ભાગ ભજવતા જોવા મળે છે. 12મી સદીમાં બિહારના વિક્રમશીલા વિશ્વવિદ્યાલયમાં તંત્રવિદ્યાના પ્રસિદ્ધ આચાર્ય તથાગતરક્ષિત ઓરિસ્સાના એક ચિકિત્સક કુળમાંથી આવતા હતા અને પોતે જ્ઞાતિએ કાયસ્થ હતા.

### 5.5.4 નવી મિશ્ર જાતિઓના ઉદ્‌ભવમાં અસાધારણ વધારો (Phenomenal Increase in the Rise of New Mixed Castes)

પ્રાચીન વર્ણો અને જ્ઞાતિઓનું પેટા જ્ઞાતિઓ અને મિશ્ર જાતિઓમાં વિભાજન – એ આ સમયમાં થયેલા સામાજિક પરિવર્તનોનું એક સૌથી આગળ પડતું લક્ષણ હતું. **'બ્રહ્મવૈવર્ત પુરાણ'**માં વર્ણવાયેલો 'દેશભેદ' (પ્રદેશ આધારિત તફાવતો) આવા જ્ઞાતિભેદનો જ નિર્દેશ લાગે છે. 10મી સદીના બંગાળના એક લેખમાં **'બૃહત્-છત્તીવન્ન'** (જ્યાં છત્રીસ વર્ણો વસતા હોય તેવા) નામના ગામનો ઉલ્લેખ આવે છે. એમ લાગે છે કે, આ સમય દરમ્યાન ચાર વર્ણો(બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર)માંથી કોઈ વર્ણ પોતાની એકરૂપતા કે શુદ્ધતા જાળવી શક્યો ન હતો, અને તે દરેકના જુદા જુદા પ્રદેશ, ગોત્ર કે વ્યવસાયના આધારે પેટા વિભાગો પડી ગયા હતા. જેમ કે,

(i) **બ્રાહ્મણોમાં (Amongst Brahmans) :** બ્રાહ્મણ વર્ણમાં પેટા જ્ઞાતિઓ પડવાની આ પ્રક્રિયા સૌથી વધારે નજરે ચડી આવે તેમ હતી. હવે બ્રાહ્મણોનો વ્યવસાય માત્ર પોતાની શાસ્ત્રોક્ત છ ફરજો પૂરતો મર્યાદિત રહ્યો ન હતો. તેઓ રાજશાસનમાં **મંત્રી, પુરોહિત** કે **ન્યાયવેત્તા** જેવાં ઊંચાં પદો ધરાવવા લાગ્યા હતા; કેટલાક બ્રાહ્મણો તો **લશ્કરી સેવા** પણ આપતા. દા.ત. પૃથ્વીરાજ ચૌહાણના સેનાપતિ તરીકે સ્કંદ નામનો બ્રાહ્મણ હતો; બીજો રાક નામનો બ્રાહ્મણ સપાદલક્ષી(રાજસ્થાન)ના રાજાનો સેનાપતિ હતો. જૈન આચાર્ય હેમચંદ્રાચાર્યના **'દ્વયાશ્રય'** ઉપરની અભયતિલકગણિની ટીકામાં **'આયુધજીવી'** અથવા **'કાંડસ્પૃષ્ટ'** બ્રાહ્મણોનો ઉલ્લેખ છે, જે દર્શાવે છે કે, આ સમયે ઘણા બ્રાહ્મણો જીવનનિર્વાહ માટે લશ્કરમાં જોડાતા હશે. 9મી અને 10મી સદીઓના પેહોઆ અને સિયોદિની અભિલેખોમાં **બ્રાહ્મણો**ને ઘોડાનો તથા પાનનો **વેપાર કરતા** વર્ણવ્યા છે ! 11મી સદીનો કાશ્મીરી પંડિત ક્ષેમેન્દ્ર બ્રાહ્મણોનો કારીગરો, નૃત્યકારો તથા દારૂ, ઘી, મીઠા વગેરેનો વેપાર કરનારા તરીકે ઉલ્લેખ કરે છે. આ ઉપરાંત યજ્ઞો, કર્મકાંડ, (ધાર્મિક વિધિવિધાનો) કથા-વાચન વગેરે બ્રાહ્મણ ધર્મીય વ્યવસાયઓને કારણે પણ બ્રાહ્મણોમાં **શ્રોત્રીય, પંડિત, મહારાજ-પંડિત, દીક્ષિત, યાજ્ઞિક, પાઠક, ઉપાધ્યાય, ઠાકુર, અગ્નિહોત્રી** વગેરે પેટા જ્ઞાતિઓ ઊભી થવા લાગી હતી. **'યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ'**નો પ્રખ્યાત ટીકાકાર **મીતાક્ષર** બ્રાહ્મણોના **'દેવ'**(અર્થાત્ ધર્મગુરુ કે ધર્મ અને શાસ્ત્રોના જાણકાર)થી માંડીને **'ચાંડાલ'** (જે બ્રાહ્મણ ત્રિકાલ સંધ્યા ન કરતો હોય) સુધીના 10 વર્ગો પાડે છે. આ બે છેડાની વચ્ચે **'શૂદ્ર બ્રાહ્મણ'** આવે છે, જેમાં શસ્ત્રોપજીવી (આજીવિકા માટે સૈનિક બનેલો) તથા પૂજારી (જીવનનિર્વાહ માટે મંદિરમાં પૂજા વગેરે કરતો) બ્રાહ્મણોનો સમાવેશ થાય છે.

બ્રાહ્મણોમાં અમુક પ્રદેશોમાં વસવાટ કરવાને કારણે પણ પેટા વિભાગો પડવા લાગ્યા હતા. ઉત્તર ભારતમાં સારસ્વત (સરસ્વતી નદીની પાસે રહેનારા), કાન્યકુબ્જ (કનોજના), મૈથિલી (મિથિલાના રહેવાસી) ગંડ અને ઉત્કલ (ઓરિસ્સાના) બ્રાહ્મણો જે તે પ્રદેશમાં તેમના રહેણાકને કારણે તે નામથી ઓળખાતા. ગુજરાત અને રાજસ્થાનમાં બ્રાહ્મણોમાં તેમના **'મૂળ'**(અર્થાત્ રહેવાનું મૂળ સ્થાન)ને કારણે **મોઢ** (મોઢેરાના), ઔદિચ્ય (ઉદીચી = ઉત્તર દિશામાં રહેનારા), નાગર (નગરમાં રહેનારા) વગેરે વિભાગો પડ્યા હતા. એવી ગણતરી કરવામાં આવી છે કે, ઉત્તર-મધ્ય કાલ સુધીમાં બ્રાહ્મણો આવા લગભગ 180 **'મૂળ'**માં વહેંચાયેલા હતા.

અમુક પ્રદેશો **'પાપદેશ'** (અપવિત્ર પ્રદેશ) કહેવાતા; આવા 'પાપદેશ'માં **સૌરાષ્ટ્ર, સિંધ** અને દક્ષિણાપથનો સમાવેશ થતો. અહીં રહેતા બ્રાહ્મણો નીચી કક્ષાના ગણાતા. **'મત્સ્યપુરાણ'** અનુસાર

જે બ્રાહ્મણો ત્રિશંકુ, બાર્બરા, ઓડ્રા (ઓરિસ્સા), આંધ્ર, દ્રવિડ (તામિલ દેશો) અને કોંકણ જેવા 'મ્લેચ્છ' દેશોમાં રહેતા હોય તેમને મૃતાત્મા પાછળ થતા ભોજન માટે આમંત્રણ આપવામાં આવતું નહીં.

**(ii) ક્ષત્રિયોમાં (Amongst Kshatriyas) :** આ સમયે એકલા ઉત્તર ભારતમાં જ ક્ષત્રિઓ-(રાજપુત્રો)ની 36 જાતિઓ હોવાનું સમકાલીન લેખોમાં નોંધાયેલું છે. આ 36 જાતિઓમાં મૂળ ક્ષત્રિયો ઉપરાંત આદિવાસી જાતિઓ તથા શક, હૂણ વગેરે જેવી વિદેશી જાતિઓનો પણ સમાવેશ થતો હતો. ખાસ કરીને પરમાર, ચૌલુક્ય (સોલંકી), **ચાહમાન** (ચૌહાણ) અને **પ્રતીહાર** (પઢિયાર) એ ચાર મુખ્ય જાતિઓના રાજપૂતો હૂણ અને ગુર્જર જેવી પરદેશી જાતિઓમાંથી તથા **ચંદેલ** અને **ગઢવાલ** જાતિઓના રાજપૂતો મૂળ આદિવાસી જાતિઓ(ગોંડ અને ભાર)માંથી ઊતરી આવ્યા હોવાનું, તથા તે બધાને બ્રાહ્મણોએ યજ્ઞ દ્વારા વિશુદ્ધ કરી પ્રાચીન વર્ણ-વ્યવસ્થાના માળખામાં 'ક્ષત્રિય' વર્ણમાં સમાવી લીધા હોવાનું મનાય છે. સામાન્ય રીતે રાજ્યકર્તા ક્ષત્રિય જ હોય તેવી પરંપરા હતી, તેમ છતાં ઘણી જગ્યાએ બિન-ક્ષત્રિયોને પણ માન્ય કરવામાં આવ્યા હોવાનાં ઉદાહરણો છે. એમ મનાય છે કે, "લડાઈમાં પકડાયેલાઓમાંથી જેઓ ઉચ્ચ જાતિના હતા તેમને **'શેખાવત'** અને **'વાઢેલ'** જાતિના રાજપૂતોમાં અને નીચી જાતિના લોકોને **કોળી, ખાંટ** અને **મેર**માં સમાવી લેવામાં આવ્યા." આવા **નવા બનાવાયેલા ક્ષત્રિયોને 'સંસ્કાર વર્જિત'** (એટલે કે જેમને ધર્મક્રિયા કરવાનો અધિકાર ન હોય તેવા) ગણવામાં આવતા.

**(iii) વૈશ્યો અને શૂદ્રોમાં (Amongst Vaishyas and Shudras) :** વર્ણની પેટા જ્ઞાતિઓમાં વિભાજનની આ પ્રક્રિયામાંથી **વૈશ્યો** તથા **શૂદ્રો** પણ બચી શક્યા ન હતા. બ્રાહ્મણોની જેમ વૈશ્યો પણ તેમના વસવાટના સ્થળના નામથી ઓળખાવા લાગ્યા હતા, જેમ કે, **શ્રીમાળી, પાલીવાલ, મોઢ, પ્રાગ્વાટ** (પોરવાડ), **દિસાવત, વાયટિય** (વાયડા) વગેરે. **'પદ્માનંદ મહાકાવ્ય'**નો રચનાર પદ્મમંત્રી **'વાયડા'** જાતિનો વણિક હતો. વાયડ ગામ ઉપરથી ગુજરાતમાં જૈનોનો **'વાયડગચ્છ'** (એક પ્રકારનો પેટા પંથ) પણ થયો હતો. પ્રસિદ્ધ જૈન વિદ્વાન અમરચંદ્રસૂરિ એ ગચ્છના હતા.

શૂદ્રોમાં પણ વસવાટના સ્થળના નામે ઓળખાતા પેટા વિભાગો પડ્યા હતા. તે ઉપરાંત જુદા જુદા **વ્યવસાયો**ને કારણે પણ તેમનામાં અનેક વિભાગો થયા હતા, જેમ કે, ખેડૂતો, ખેતમજૂરો, કડિયા, નામિત (હજામ), કુંભાર, લુહાર, દરજી, સુવર્ણકાર (સોની), સૂત્રકાર (વણકર), ચર્મકાર (મોચી), માલાકાર (માળી), ચાકર, હજૂરિયા વગેરે. **'બ્રહ્મવૈવર્ત પુરાણ'** શૂદ્રોની 100 જેટલી પેટા જ્ઞાતિઓ ગણાવે છે. **'વૈજયન્તી'** કોષ ધોબી, ચર્મકાર (મોચી), વેણ, બુરુલા, કૈવર્ત (માછીમાર), મેડ અને ભીલ, એ સાત જાતિઓને 'અંત્ય જાતિ' (અત્યંત હલકી) તરીકે ગણાવે છે. આમાંથી ત્રીજા (વેણ), ચોથા (બુરુલા), છઠ્ઠા (મેડ) અને સાતમા (ભીલ) ક્રમનાં નામો આદિવાસી જાતિઓનાં નામો છે, જ્યારે બાકીના ત્રણ (ધોબી, ચર્મકાર અને કૈવર્ત) વ્યવસાયી-શૂદ્રોનાં નામો છે. શૂદ્રોમાં **ચાંડાલ** સૌથી હલકા ગણાતા, અને તેમના સ્પર્શથી, કે તેમનો પડછાયો લેવાથી પણ, અન્ય વર્ણના લોકોને 'પાતક' (પાપ) લાગતું, જે નિવારવા માટે સ્મૃતિકારોએ 'દેહશુદ્ધિ' પ્રાયશ્ચિત્તની વિધિઓ વિગતે વર્ણવી છે.

લગભગ બધા જ 'વ્યવસાયી-શૂદ્રો' ઉચ્ચ જાતિઓના અને શાસનકર્તાઓના તથા સામંતો-સરદારોના **'આશ્રિતો'** ગણાતા. તેઓ ભૂમિ કે ગ્રામની સાથે બંધાયેલા રહેતા અને ભૂમિ-અનુદાન કે ગ્રામ-અનુદાનો લેનારો ભૂમિ કે ગ્રામની સાથે ત્યાં રહેતા બધા જ વ્યવસાયી-શૂદ્રો(ખેડૂતો, મજૂરો તથા કારીગરો)નો પણ માલિક ગણાતો.

આમ છતાં શૂદ્રની સ્થિતિ તદ્દન ગુલામ જેવી નહીં હોય. **મેધાતિથિ**ના જણાવ્યા અનુસાર, ખાસ સંજોગોમાં શૂદ્ર સેવા-કાર્યમાંથી મુક્ત થઈ શકતો હતો; કારણ, તેના મતે, સેવા એ શૂદ્રે પોતે સ્વેચ્છાએ સ્વીકારેલો વ્યવસાય હતો. અને તેથી તે ખરીદેલા દાસ કે ગુલામ જેવો ન ગણાય. વળી, મેધાતિથિના મત પ્રમાણે બ્રાહ્મણની સેવા સ્વીકારનાર શુદ્રોને ત્રણેય આશ્રમો(બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમ)નું ફળ આપોઆપ મળી જાય છે. **વિશ્વરૂપ**ના માનવા પ્રમાણે, સામાન્ય રીતે ગૃહસ્થી-શુદ્ર ધર્મશાસ્ત્રોએ નિયત કરેલા સંસ્કારો (યજ્ઞ, જનોઈ વગેરે) કરી શકતો નથી, છતાં તે અમુક (નામકરણ જેવા) સંસ્કારો (અલબત્ત, મંત્ર ઉચ્ચાર્યા વગર) કરી શકે છે.

આ સમયે મિશ્ર જ્ઞાતિઓના ઉદ્ભવમાં થયેલા વધારા માટે **'અનુલોમ'** અને **'પ્રતિલોમ' વિવાહપદ્ધતિ**ને પણ જવાબદાર ગણી શકાય. ઉપલા વર્ણ(દા.ત. બ્રાહ્મણ)નો પુરુષ પોતાથી નીચલા વર્ણ(દા.ત. ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર)ની કન્યા સાથે વિવાહ કરે, તો તે **અનુલોમ-વિવાહ** કહેવાતો;

જ્યારે નીચલા વર્ણનો પુરુષ (દા.ત. વૈશ્ય) પોતાથી ઉપલા વર્ણ(દા.ત. ક્ષત્રિય કે બ્રાહ્મણ)ની કન્યા સાથે વિવાહ કરે, તો તે **'પ્રતિલોમ વિવાહ'** કહેવાતો. **'વૈજ્યન્તી'** શબ્દકોષમાં આવા અનુલોમ-પ્રતિલોમ વિવાહથી સંભવિત કુલ 64 જ્ઞાતિઓ ગણાવવામાં આવી છે; **'બૃહદ્ધર્મપુરાણ'**માં આવી 36 મિશ્રજાતિઓનાં નામ આપવામાં આવ્યાં છે. બ્રાહ્મણ પુરુષનાં ક્ષત્રિય કન્યા સાથેનાં લગ્ન(અનુલોમ-વિવાહ)થી થયેલાં સંતાનો **ભિષક્** કહેવાતાં. તેઓ આયુર્વેદ, જ્યોતિષ અને ગણિતનો અભ્યાસ કરતાં, તથા તે વ્યવસાયોમાં નિષ્ણાત ગણાતાં. **'ઉશનસ્'** અને **'વૈખાનસ સ્માર્તસૂત્ર'** બ્રાહ્મણ પુરુષ અને વૈશ્ય કન્યાના (અનુલોમ) વિવાહથી ઉત્પન્ન થયેલા સંતાનને **'અંબષ્ઠ'** કહે છે. આ 'અંબષ્ઠો' ખેતી સહિત અનેક પ્રકારના વ્યવસાયો કરતા. બ્રાહ્મણનાં શૂદ્ર કન્યાથી ઉત્પન્ન થયેલાં સંતાનો શૂદ્ર જ ગણાતાં. તેમનો કોઈ પણ પ્રકારના **'ધર્મસંસ્કારો'** કરવાનો અધિકાર ન હતો. 'બૃહદ્ધર્મપુરાણ'માં વૈશ્ય પુરુષ અને શુદ્ર સ્ત્રીના (અનુલોમ) વિવાહથી થયેલા સંતાનને **'કરણ'** કહ્યાં છે. તેમને શૂદ્ર વર્ગમાં ગણવામાં આવ્યાં છે. તેઓ મોટે ભાગે કારકુનનું કામ કરતાં. શૂદ્રોના તેમનાથી ઉપલા વર્ણોની કન્યા સાથેના (પ્રતિલોમ) વિવાહથી થયેલાં સંતાનો શૂદ્રો જ ગણાતા.

**'તમારી પ્રગતિ ચકાસો' (2)**

1. શાસ્ત્રોમાં બ્રાહ્મણની કઈ છ ફરજો ગણાવવામાં આવી છે ? (6 વાક્યો લખો.)

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

2. નવી મિશ્ર જ્ઞાતિઓના ઉદ્ભવ માટે કયાં કારણો જવાબદાર હતાં ? આશરે દસ પંક્તિઓમાં જવાબ લખો.

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

3. નીચેનાં વિધાનોમાંથી જે સાચાં હોય તેમની સામે ✔ અને ખોટાની સામે ✘ નિશાની કરો :

(i) 8મીથી 13મી સદી દરમ્યાન 'વર્ણના' ખ્યાલોમાં સુધારા થઈ રહ્યા હતા.

(ii) બંગાળ તથા દક્ષિણ ભારતમાં સમાજમાં વચલા વર્ણો પણ હતા.

(iii) જમીન તથા લશ્કરી સત્તાની અસમાન વહેંચણીએ વર્ણભેદોને કાપતા સામંતશાહી-દરજ્જાઓને જન્મ આપ્યો હતો.

(iv) પ્રખ્યાત ચીની યાત્રાળુ હ્યુ-એન-ત્સાંગ શૂદ્રોનો ખેતી કરનારા તરીકે નિર્દેશ કરે છે.

## 5.6 ભૂમિની વહેંચણી, સામંતશાહી દરજ્જાઓ અને વર્ણવિશેષતાઓ (Land Distribution, Feudal Ranks and Varna Distinctions)

આ સમયે ભૂમિ-અનુદાનોમાં ભૂમિની અસમાન વહેંચણીને કારણે સામંતશાહી-વ્યવસ્થામાં પણ ઊંચાથી નીચા દરજ્જાઓ અને સત્તાઓ ધરાવતા સામંતો અને અધિકારીઓનું એક કડીબદ્ધ માળખું ઊભું થયું હતું. સત્તાની આ પ્રકારની વહેંચણીની સમાજ ઉપર, તથા સામાજિક માળખા ઉપર અસર થયા વગર રહે તેમ ન હતી. આ અસરનું એક નોંધપાત્ર લક્ષણ એ હતું કે, સામંતશાહી વ્યવસ્થા સમાજની પ્રાચીન વર્ણવ્યવસ્થાને કાટખૂણે કાપતી હતી; કારણ, સામંશાહી હોદ્દાઓ કોઈ એક વર્ણ માટે નહીં, પરંતુ બધા જ વર્ણો માટે ખુલ્લા હતા. તેને પરિણામે હવે સત્તા કે લશ્કરી-પ્રવૃત્તિઓ ઉપર માત્ર ક્ષત્રિયોનો જ ઇજારો રહ્યો ન હતો. 10મી સદીના 'માનસર' નામના સ્થાપત્ય વિષેના એક ગ્રંથમાં એવો નિર્દેશ છે કે, વર્ણને ધ્યાનમાં લીધા સિવાય કોઈ પણ વ્યક્તિ સામંતશાહી-હરોળોમાં **પ્રહારક** અને **અસ્રગ્રહિન** જેવા બે નીચલા (લશ્કરી) હોદ્દાઓ ધરાવી શકતી હતી. જોકે સામંતશાહી-હરોળોમાં **અસ્રગ્રહિન**નો હોદ્દો તદ્દન નીચો ગણાતો હોવા છતાં તેને "500 ઘોડા, 5,000 હાથી, 50,000 સૈનિકો, 5,000 સ્ત્રી-પરિચારિકાઓ અને એક રાણી (!) ધરાવવાનો અધિકાર" મળતો હતો. જોકે ખરેખર હકીકતમાં તેની પાસે બરાબર આટલી સંખ્યામાં જ હાથી-ઘોડા કે સૈનિકો હોવા સંભવ નથી; તેમ છતાં આનાથી એટલું સ્પષ્ટ થાય છે કે, ભૂમિ અને સત્તાની નવી વહેંચણીએ પ્રાચીન વર્ણવ્યવસ્થાને હચમચાવી તો નાખી જ હતી. ઉપરાંત **'ઠાકુર' (ઠક્કુર), રાવત, નાયક** વગેરે જેવા ખિતાબો માત્ર ક્ષત્રિયો કે રાજપૂતો પૂરતા મર્યાદિત રહ્યા ન હતા. હવે કાયસ્થ તથા અન્ય જ્ઞાતિઓના લોકોને પણ જમીન-જાગીર તથા તે સાથે આવા ખિતાબો એનાયત કરવામાં આવતા, અને તેઓ (અન્ય સામંતોની જેમ) રાજાને લશ્કરી સેવા પણ આપતા. **'મનુસ્મૃતિ'** ઉપરની કુલ્લુકની મીમાંસા મોટા વેપારીઓમાં પણ સામંતશાહી ભૂમિ-સ્વામીઓની હરોળમાં જોડાવા માટેની લાલસાનો ઉલ્લેખ કરે છે. કાશ્મીરમાં બ્રાહ્મણોને પણ **'રાજાનક'**(ઊંચામાં ઊંચો ખિતાબ, જેનો અર્થ "લગભગ રાજા જેવો" એવો થાય છે)નો ખિતાબ આપવામાં આવતો, જે પાછળથી **'રાજદાન'** જેવા કુળ-નામમાં ફેરવાઈ ગયો હતો.

કારીગરોને પણ સામંતશાહી હોદ્દાઓ આપવામાં આવતાં. ઉદાહરણ તરીકે, વિજયસેનના દેવપરા-અભિલેખમાં એવો ઉલ્લેખ છે કે, પશ્ચિમ બંગાળમાં વરેન્દ્રના કારીગરોનો વડો શૂલપાણિ **રાણક**નો ખિતાબ ધરાવતો હતો.

સમાજમાં સામંતોના હોદ્દાઓ તેમના છત્ર, ચામર, હાથી, ઘોડા, પાલખી વગેરે સન્માનસૂચક પ્રતીકો ઉપરથી ઓળખાતા. ઉદાહરણ તરીકે, માત્ર **ચક્રવર્તી** અને **મહાસામંત**ને જ મુખ્ય પ્રવેશદ્વાર (સિંહદ્વાર) ઊભો કરવાનો વિશેષાધિકાર હતો. સામંતોના મહેલનું કદ પણ તેમની જાગીરના પ્રમાણમાં (નાનું કે મોટું) રાખવામાં આવતું.

## 5.7 સામાજિક તંગદિલીઓમાં નોંધપાત્ર વધારો (Noted Increase in Social Tensions)

આ રીતે, પૂર્વ મધ્યકાલમાં સામાજિક સંગઠનમાં ફેરફારો થઈ રહ્યા હતા, અને પ્રાચીન વર્ણવ્યવસ્થાની દીવાલોમાં તિરાડો પડવા લાગી હતી. તેમ છતાં આ ફેરફારથી સમાજમાં સુસંવાદિતા કે સમરૂપતા સ્થાપિત થવાની દિશામાં પ્રગતિ થઈ રહી હતી, તેમ માની શકાય તેમ નથી. ઊલટું, આ ફેરફારોને લીધે હોય કે પછી અન્ય કારણોને લીધે, પરંતુ સમાજમાં તંગદિલીના પ્રસંગો ઘટવાને બદલે વધવા લાગ્યા હતા.

જે સમાજ આર્થિક સત્તાની અસમાન વહેંચણીના પાયા ઉપર રચાયો હોય, તે સમાજ અન્યાય-મૂલક હોવાનો જ. અલબત્ત, **શૂદ્રો** હોદ્દાની દૃષ્ટિએ જરા ઊંચા ચડ્યા હતા, તેમ છતાં સામાજિક વ્યવસ્થાના એક અંગ તરીકે અસ્પૃશ્યતા તો ચાલુ જ હતી. મોટા ભાગના શૂદ્રો પોતાના સામંતશાહી માલિકોના આશ્રય નીચે ખેતમજૂર કે કારીગર તરીકે કાર્ય કરતા (**'અનાશ્રિત શૂદ્રો'** તો જવલ્લે જ જોવા મળતા). બાકીના કાં તો અત્યંત હલકા ગણાતાં કાર્યો કરતા. આવાં હલકાં કાર્યો કરનારા શૂદ્રોને અસ્પૃશ્ય ગણવામાં આવતા. **'બૃહદ્ નારદીય પુરાણ'**માં સૌ પહેલી વખત

શૂદ્રોને ધર્મસ્થાનોથી દૂર હાંકી કાઢવાનું શરૂ થયેલું જોવા મળે છે. **ચાંડાલ** અને **ડોમ્બ**ને અત્યંત અધમ ગણવામાં આવતા. તેઓ દેહાંત દંડ અને શબનિકાલનું કામ કરતા, અને શબનાં વસ્ત્રો પોતે રાખી લેતા. તેઓ ગામ બહાર રહેતા અને જ્યારે ગામમાં આવે ત્યારે તેમને લાકડી ઠપકારી અવાજ કરવો પડતો, જેથી લોકોને તેમના આગમનની ખબર પડે અને તેઓ તેમના સ્પર્શથી દૂર રહી શકે. ચાંડાલનો સ્પર્શ જ નહીં, પરંતુ પડછાયો પણ દૂષિત કરે છે તેમ અત્રિ, અંગીરસ, શાતતપ તથા ઔશનસ સ્મૃતિઓ માને છે. સમાજની નીચલી જાતિઓ પ્રત્યેનો આવો વર્તાવ જતે દહાડે સામાજિક તંગદિલી ઊભી કરે તેમ હતો.

આ ઉપરાંત વિવિધ ધર્મ-સંપ્રદાયો વચ્ચેની હરીફાઈને કારણે પણ સમાજમાં પ્રક્ષોભ પેદા થાય તેમ હતો. ઉદાહરણ તરીકે, જે બ્રાહ્મણ જૈન ધર્મ સ્વીકારે તેને જ્ઞાતિ બહાર મૂકવામાં આવતો. સમાજમાં જે રીતે વર્ણોમાંથી જ્ઞાતિઓ, અને જ્ઞાતિઓમાંથી પેટા જ્ઞાતિઓ ઉદ્ભવી, તે રીતે ધર્મોમાંથી વિધિવિધાનો અને ક્રિયાકાંડોના ભેદને કારણે, અથવા તો ભોજન કે પહેરવેશ જેવા ક્ષુલ્લક તફાવતોને કારણે પણ સંપ્રદાયો અને પેટા-સંપ્રદાયો ઉદ્ભવ્યા હતા. ઉદાહરણ તરીકે, બૌદ્ધ ધર્મમાં 18 પેટા સંપ્રદાયો પડ્યા હતા; કર્ણાટકમાં જૈનોના 7 પેટા સંપ્રદાયો (ફિરકાઓ) હતા; કર્ણાટકમાં જ લિંગાયતો (શૈવમતવાદી) અને વૈષ્ણવો વચ્ચે ઝઘડા ચાલ્યા કરતા. કેટલીક વખત તો ધાર્મિક સંપ્રદાયોમાંથી જ અલગ જ્ઞાતિઓ ઊભી થતી ! સંપ્રદાયો વચ્ચે ભૂમિ-દાનોને કારણે પણ ઝઘડા થતા. બ્રાહ્મણધર્મી કે બિનબ્રાહ્મણધર્મી, બધા જ ધર્મસંપ્રદાયો વધુ ને વધુ જમીન હાથ કરવા તત્પર રહેતા. મોટા ભાગના ધર્મસંપ્રદાયો અને ધર્મસ્થાનો સામંતશાહી જાગીરદારો જેવા બની ગયા હતા. પૂર્વ મધ્યકાલના અમુક રાજાઓ, દા.ત. મત્તમયૂર પ્રદેશનો રાજા અવંતિવર્મન્ (કદાચ મધ્ય ભારતનો કોઈ ચૌલુક્ય રાજવી) તથા ડાહલનો એક ચેદી રાજવી, પોતાનું રાજ્ય પોતાના શૈવ-સિદ્ધાર્થ સંપ્રદાયના ધર્મગુરુને ચરણે સમર્પણ કરી દઈને, પોતે એ ગુરુના સાવંત તરીકે શાસન ચલાવતા ! ગુજરાત અને રાજસ્થાનમાં જૈન સાધુઓની ભૂમિ-લાલસાના વિરોધમાં **'વિધિ-ચૈત્ય'** નામનો એક નવો જૈનપંથ ઊભો થયો હતો.

સમાજમાં નવા **કાયસ્થ** વર્ગનો ઉદ્ભવ પણ સામાજિક તંગદિલીનું કારણ બન્યો હતો. કોઈ પણ વર્ણની વ્યક્તિ વિદ્યા પ્રાપ્ત કરી કાયસ્થ (લહિયો-કારકુન) બની શકતી. પરિણામે બ્રાહ્મણ વર્ગને માટે, અત્યાર સુધી સમાજમાં અને રાજશાસનમાં પોતાની વિદ્યાને કારણે તેમણે ભોગવેલા વર્ચસ્વને માટે, આ કાયસ્થો પડકારરૂપ સાબિત થયા હતા. કાશ્મીરનાં પંડિત **ક્ષેમેન્દ્ર** સ્પષ્ટપણે નોંધે છે કે, રાજ્યમાં કાયસ્થ અધિકારીઓ બ્રાહ્મણોને ભૂમિદાનના લેખ ફરી વખત કરી આપવામાં ભારે આનાકાની કરતા. કાશ્મીરમાં મંદિરના પુરોહિતોના મંડળે પોતાની ફરિયાદો(અલબત્ત, કાયસ્થો સામે)ના નિવારણ માટે **'પ્રાયોપવેશ'**(ભૂખ-હડતાળ)નો આશરો લીધો હતો. આને કારણે જ, જાણે કે વેર લેવા માટે હોય તેમ, બ્રાહ્મણો કાયસ્થોને શૂદ્રો કહીને ધિક્કારતા.

આ સમયે ગ્રામવિસ્તારોમાં પણ સમાજમાં તંગદિલીના બનાવો નોંધાયા હતા. આગળ વિભાગ 1ના એકમ 1માં નોંધ્યું છે તેમ, કાશ્મીરમાં **ડામરો**ના બળવાઓ, બંગાળમાં **કૈવર્તો**નો બળવો, પાંડ્ય-રાજ્યમાં શૂદ્રોની જમીનો આંચકી લેવાના બનાવો, તામિલનાડુમાં જમીન આંચકી લેવા સામે આત્મવિલોપનના બનાવો વગેરે નવા સામંતશાહી જમીન-માલિકો સામેના અવિશ્વાસનો નિર્દેશ કરતા હતા.

### 'તમારી પ્રગતિ ચકાસો' (3)

1. 8મી સદી પછીના સમાજમાં વધતી જતી તંગદિલી વિષે લગભગ 10 પંક્તિઓમાં ચર્ચા કરો.

 ..........................................................................

 ..........................................................................

 ..........................................................................

 ..........................................................................

 ..........................................................................

 ..........................................................................

 ..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. વર્ણવ્યવસ્થાને કાપતા સામંતશાહી દરજ્જાઓ વિષે ટૂંકમાં લખો. (50 શબ્દો લખો.)

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

3. વિવિધ હુન્નર-ઉદ્યોગોમાંથી ઉદ્ભવેલી 6 પેટા જ્ઞાતિઓનાં નામ આપો (4 વાક્યોમાં જણાવો).

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 5.8 સારાંશ

8મીથી 13મી સદી દરમ્યાન આવેલાં સામાજિક પરિવર્તનોના આ સર્વેક્ષણમાં નીચેની બાબતો ઉપર ભાર મૂકવામાં આવ્યો છે :

- આ વિષયને લગતાં પુષ્કળ અને વિવિધ સાધનો.
- સામાજિક રૂઢિચુસ્તતા તથા પ્રાચીન વર્ણવ્યવસ્થા જાળવી રાખવાની બ્રાહ્મણ-મતવાદીઓની ચિંતા અને તકેદારી.
- સામાજિક દરજ્જો નિયત કરવામાં આર્થિક પરિબળોનો મહત્ત્વનો ફાળો.
- સામાજિક દરજ્જાના આ આધારની યોગ્યતા સામે ઉઠાવવામાં આવેલી આશંકાઓ.
- સમાજના ભૌતિક આધારોમાં આવેલું પરિવર્તન અને તેની નવા આકાર લઈ રહેલા સામાજિક પરિવેશ ઉપર અસરો.
- પ્રાચીન વર્ણવ્યવસ્થાના માળખામાં પડેલી તિરાડો - ખાસ કરીને વૈશ્યો અને શૂદ્રો વચ્ચેની ભેદરેખા ભૂંસાતી ગઈ; બંગાળ અને દક્ષિણ ભારતમાં વચલા વર્ણોની ગેરહાજરી.
- નવા લહિયા (કાયસ્થ) વર્ગનો ઉદ્ભવ.
- બધા જ વર્ણોમાં પેટા જ્ઞાતિઓ અને મિશ્ર જાતિઓનો ઉદ્ભવ.
- જમીનની વહેંચણીની અસમાનતાને કારણે સામંતશાહી દરજ્જાઓમાં પણ અસમાનતા — આ સામંતશાહી દરજ્જાઓ વર્ણવ્યવસ્થાને કાપતા હતા.
- સમાજમાં તંગદિલીમાં નોંધાયેલો વધારો, જેને કારણે સુસંવાદી અને સમતાવાદી સમાજની રચના અસંભવિત.

## 5.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' (1)**

1. તમારો ઉત્તર પેટા એકમ 5.1ના આધારે તૈયાર કરો.
2. (i) ✔ (ii) ✘ (iii) ✔ (iv) ✔
3. તમારા ઉત્તર માટે પેટા એકમ 5.3 જુઓ.

**'તમારી પ્રગતિ ચકાસો' (2)**

1. બ્રાહ્મણની 6 પ્રકારની ફરજો માટે જુઓ, પેટા એકમ 5.5.1.
2. ઉત્તર માટે પેટા એકમ 5.5.4માંથી માહિતી મેળવો.
3. (i) ✔ (ii) ✘ (iii) ✔ (iv) ✔

**'તમારી પ્રગતિ ચકાસો' (3)**

1. તમારો ઉત્તર તૈયાર કરવા માટે પેટા એકમ 5.7નો આધાર લો.
2. ઉત્તર માટે પેટા એકમ 5.6 જુઓ.
3. આમાં નામિત, માલાકાર, સુવર્ણકાર વગેરે પેટા જ્ઞાતિઓને ગણાવી શકાય. (વધુ માહિતી માટે પેટા એકમ 5.5.4 જુઓ.)

## 5.10 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અનાશ્રિત :** સ્વતંત્ર શૂદ્રો

**આશ્રિત :** પરતંત્ર શૂદ્રો

**ભોજયાન્ન :** એવા શૂદ્રો, જેમનો રાંધેલો ખોરાક બ્રાહ્મણ જમી શકે

**ગવુંડા :** કર્ણાટક પ્રદેશમાં લહિયાઓ (જેમનાં ભૂમિમાં હિતો સમાયેલાં હતાં)

**કુલ જાતિ દર્પ :** કુલ અને જાતિનું અભિમાન

**મૂળ :** અમુક જ્ઞાતિના લોકોનું મૂળ રહેઠાણ

**પાપદેશ :** અપવિત્ર પ્રદેશ

**સંસ્કારવર્જિત :** જેમને યજ્ઞોપવિત વગેરે સોળ સંસ્કારો (ધાર્મિક વિધિઓ) કરવાનો અધિકાર ન હોય તેવા

**વર્ણાધિકારિન્ :** વર્ણવ્યવસ્થાની જાળવણી માટે નિમાયેલો ખાસ અધિકારી.

# એકમ 6 વિચારસરણી (Ideology)

## રૂપરેખા

6.0 પ્રસ્તાવના
6.1 'વિચારસરણી' વિષેનાં વિવિધ દૃષ્ટિબિન્દુઓ
6.1.1 વિચારસરણી – જ્ઞાનની એક પદ્ધતિ તરીકે
6.1.2 વિચારસરણી વિષેના સમાજશાસ્ત્રીય અભિગમો
6.1.3 વિચારસરણી અંગે માનસશાસ્ત્રીય-સાંસ્કૃતિક અભિગમો
6.2 ધર્મ, વિચારસરણી અને સમાજ
6.3 વિચારસરણી - પ્રાચીન ભારતીય પ્રશ્ચાદ્ભૂમિમાં
6.4 વિચારસરણી - અનુગુપ્ત સદીઓમાં તેની ભૂમિકા અને સ્વરૂપ
6.4.1 ભૂમિ-અનુદાનો : તેમની પાછળનું તત્ત્વજ્ઞાન
6.4.2 ભક્તિ અને તીર્થયાત્રાઓ
6.4.3 તાંત્રિકવાદ
6.4.4 વીરપૂજા (પાળિયા-પૂજા)
6.4.5 ધર્મ એક વિચારસરણી તરીકે - માત્ર બ્રાહ્મણ વર્ગના લાભ માટે ?
6.5 સારાંશ
6.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
6.7 ચાવીરૂપ શબ્દો

## 6.0 પ્રસ્તાવના

આ એકમમાં વિચારસરણીને લગતા ત્રણ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી છે : એક, વિચારસરણી સાથે સંકળાયેલ સૈદ્ધાંતિક બાબતો; બીજું, સમાજમાં ધર્મ અને વિચારસરણીનું સ્થાન; અને ત્રીજું, વિચારસરણી વિષેની સૈદ્ધાંતિક સમજણને ભારતીય ઇતિહાસના સંદર્ભમાં કઈ રીતે લાગુ કરી શકાય તેમ છે, તે તપાસવું. આમાં અનુગુપ્ત સમયમાં વિચારસરણીએ ભજવેલા ભાગ અને તેના સ્વરૂપની ચર્ચા ઉપર વધારે ભાર આપવામાં આવ્યો છે.
તેમ છતાં તે સાથે તેમાં ગુપ્ત સમય પહેલાંની કેટલીક ધાર્મિક બાબતોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સમગ્ર એકમનો હેતુ ખાસ કરીને વિચારસરણીનો અભ્યાસ જનસમૂહ ઉપરની તેની વ્યાપક અસરના સંદર્ભમાં કરવાની જરૂર દર્શાવવાનો રહ્યો છે.

## 6.1 'વિચારસરણી' વિષેનાં વિવિધ દૃષ્ટિબિન્દુઓ (Ideology : Varied Standpoints)

'વિચારસરણી' વિષેનો ખ્યાલ એ સામાજિક-રાજકીય વિચારોના ઇતિહાસમાં તથા ખુદ વિચારોના ઇતિહાસમાં પણ સૌથી વધારે ચર્ચાસ્પદ ખ્યાલોમાંનો એક છે; વાસ્તવમાં, તમે તેને કયા દૃષ્ટિબિન્દુથી જુઓ છો તેના સમગ્ર ખ્યાલની સમજૂતી ઉપર આધાર રાખે છે. ઉદાહરણ તરીકે, કેટલાક તેને 'જ્ઞાનની એક પદ્ધતિ' તરીકે મૂલવે છે; તો બીજા કેટલાક તેમાં સમાવિષ્ટ થયેલી સામાજિક બાબતો ઉપર ભાર મૂકીને તેને સામાજિક સ્વરૂપે નિહાળે છે; તો કેટલાક વિદ્વાનો તેને માનસશાસ્ત્રીય કે સાંસ્કૃતિક દૃષ્ટિબિન્દુથી સમજવાનો પ્રયત્ન કરે છે. અહીં આપણે વિચારસરણીને લગતા આ ત્રણેય દૃષ્ટિબિન્દુઓને સમજવાનો પ્રયત્ન કરીએ.

### 6.1.1 વિચારસરણી – જ્ઞાનની એક પદ્ધતિ તરીકે (Ideology As a System of Knowledge)

ઇંગ્લૅન્ડનો 13મી સદીનો ચિંતક **ફ્રાન્સિસ બેકન** (ઈ.સ. 1561-1626) વિચારસરણીને જ્ઞાનના એક પદ્ધતિ તરીકે ગણતો. તેનું કહેવું એમ હતું કે, જો વૈજ્ઞાનિક વિચારસરણીને ભૂલભરેલી માન્યતાઓથી બચાવી શકાય તો જ તેના દ્વારા વિજ્ઞાનનો વિકાસ શક્ય બને. પાછળથી કેટલાક

ફ્રેન્ચ વિદ્વાનોએ બેકનના આ મતને વિજ્ઞાનને બદલે તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં લાગુ કર્યો. તેમનું માનવું હતું કે, બધા જ વિચારો, બધું જ જ્ઞાન અને માનવ-સમજણનાં બધાં જ પાસાંઓ (અનુભવ, યાદદાસ્ત, વિવેકબુદ્ધિ વગેરે) ઇન્દ્રિયગમ્ય માહિતી ઉપર આધાર રાખતા હોય છે. ક્યારેક ભૂલભરેલા વિચારો પણ સમાજનો કબજો લેતા હોય છે. તેવે સમયે સાચા ચિંતકે ધાર્મિક કે રાજકીય વિચારસરણીઓને વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા કસોટીએ ચડાવવી જોઈએ. એ દૃષ્ટિએ જોઈએ તો, વિચારસરણીને બધા જ પ્રકારના (રાજકીય, સામાજિક, ધાર્મિક વગેરે) સત્તાધારીઓની સામે ઉઠાવાયેલો સાચો વૈજ્ઞાનિક પ્રયત્ન ગણવો જોઈએ.

## 6.1.2 વિચારસરણી વિષેના સમાજશાસ્ત્રીય અભિગમો (Sociological Approaches)

આ ફ્રેન્ચ ચિંતકોથી ઊલટું જર્મન ચિંતકો (ખાસ કરીને ફોલિક) એમ માનતા કે, બધા જ માનવ-વિચારો સામાજિક સંબંધો ઉપર આધાર રાખતા હોય છે. પ્રખ્યાત સમાજવાદી વિચારકો **કાર્લ માર્ક્સ** અને **ફ્રેડરિક એન્જલ્સ**ના મતે વિચારસરણી એ ખોટા વિચારોની પદ્ધતિ હતી, જે વર્ગ-વ્યવસ્થા અને વર્ગ-શાસનને ટકાવી રાખવા માટે ઊભી કરવામાં આવી હતી. આથી, તેમનું માનવું હતું કે, બધી જ 'વિચારસરણી'ને ગૌણ અને અવાસ્તવિક ગણવી જોઈએ. તેમના મતે બધી જ વિચારસરણીઓ તર્કના અપ્રામાણિક ઉપયોગ સમાન હતી, અને શાસનકર્તા વર્ગના સ્થાનને વાજબી ઠરાવવા માટે જ તેમનું આયોજન કરવામાં આવ્યું હતું. **એન્જલ્સ** તો આગળ વધીને એમ પણ કહે છે કે, "વિચારસરણી ગલત ચેતનાનું પ્રતિનિધિત્વ કરે છે." આને કારણે જ માર્ક્સ અને તેના સાથીઓ ધર્મને પણ ચેતનાનું સામાજિક સંબંધોમાંથી ઉત્પન્ન થયેલું ગલત સ્વરૂપ ગણે છે. તેમના મતે રાજસત્તાને વાજબી ઠેરવવા માટે જ ધર્મનો ઉદ્ભવ થયો હોય છે, અને તેથી ધર્મ વિષેની કોઈ પણ ટીકાને શાસનકર્તા વર્ગ રાજકીય 'યથાવત સ્થિતિ'ને પડકાર સમાન ગણતો હોય છે.

બીજી બાજુ, **મોસ્કા** અને **પરેટો** જેવા યુરોપીય સમાજશાસ્ત્રીઓ સમાજિક પૃથક્કરણમાં વૈજ્ઞાનિક અભિગમનો આગ્રહ રાખે છે. વળી, તેઓને મતે, કોઈ પણ સમાજનું નિર્ણાયક બળ તેનો શાસનકર્તા વર્ગ હોય છે; સમાજની કલા, સંસ્કૃતિ, રાજકારણ વગેરે બધાં જ પાસાંઓ સમાજના આ નિર્ણાયક શાસક વર્ગ દ્વારા નિયત થતાં હોય છે. આથી સામાજિક પૃથક્કરણની શરૂઆત શાસક વર્ગથી જ થવી જોઈએ, તથા તેનો અંત પણ શાસક વર્ગ પાસે જ આવવો જોઈએ. આ શાસક વર્ગ પોતાની સત્તાને ટકાવી રાખવા માટે, ચાલુ રાખવા માટે અને તેને વાજબી ઠરાવવા માટે, ચતુરાઈપૂર્વક 'વિચારસરણી'ને ઉત્પન્ન કરતો હોય છે, અને આમ સમાજમાં રાજકીય જરૂરિયાત પ્રમાણે 'વિચારસરણી'ઓ ઉત્પન્ન થતી હોય છે અને બદલાતી રહેતી હોય છે તેમ આ સમાજશાસ્ત્રીઓ માને છે.

જોકે **પારસન્સ** જેવા આધુનિક સમાજશાસ્ત્રીઓના મતે 'વિચારસરણી' એ સમાજને એક સૂત્રે બાંધતું પરિબળ છે. **ડેનિયલ બેલ** વિચારસરણી પ્રત્યે કાર્ય-સંબંધિત અભિગમ અપનાવે છે. તેના મતે વિચારસરણીનું મુખ્ય કાર્ય સામાજિક સંબંધોની એકરૂપતા જાળવી રાખવાનું હોય છે. ટૂંકમાં, વિચારસરણી વિષેના સમાજશાસ્ત્રીય અભિગમો વિચારસરણીને મુખ્યત્વે સામાજિક વિચારોની પદ્ધતિ તરીકે ગણે છે; તેમાં સત્ય સમાયેલું હોય કે નહીં, પરંતુ સમાજિક દૃઢતા માટે, સામાજિક અંકુશ અને સમાજિક ગતિશીલતા માટે તેનામાં અપાર શક્તિઓ છુપાયેલી પડી હોય છે. વળી, આ અભિગમો પ્રમાણે વિચારસરણીનો ઉપયોગ અમુક મૂલ્યો કે અમુક હેતુઓ સિદ્ધ કરવા માટે, અથવા તો રાજકીય સત્તાને વાજબી (કે ગેરવાજબી) ઠરાવવા માટે પણ થઈ શકે છે.

## 6.1.3 વિચારસરણી અંગે માનસશાસ્ત્રીય-સાંસ્કૃતિક અભિગમો (Psycho-Cultural Approaches)

'વિચારસરણી' વિષેનો માનસશાસ્ત્રીય અભિગમ વિચારસરણીને વ્યક્તિની તંગદિલી (તનાવ) અને ચિંતા વગેરેને સંભાળી લેનારા સાધન તરીકે મૂલવે છે. **સિગમંડ ફ્રૉઇડ** અને **ફ્રાન્સિસ સટન** આ અભિગમના સૌથી આગળ પડતા પુરસ્કર્તાઓ હતા. **ફ્રૉઇડ**ના મતે ધર્મ અને વિચારસરણીમાં ઘણાં તત્ત્વો સામાન્ય ગણી શકાય તેવાં હોય છે. તે કહે છે, "બધા જ ધાર્મિક સિદ્ધાંતો ભ્રમ (કે આભાસમાત્ર) હોય છે; તેમાં કોઈ સાબિતીની જરૂર હોતી નથી અને તેમને સાચા માનવા માટે કે તેનાં શ્રદ્ધા રાખવા

માટે કોઈને પરાણે ફરજ પાડી શકાતા નથા..." ધાર્મિક વિચારસરણીઓનુ બળ નીચેની બાબતોમાં રહેલું હોય છે :

તે ઇચ્છાઓ પરિપૂર્ણ કરવાનું કાર્ય કરે છે; તે વ્યક્તિને રક્ષણ તથા સલામતી બક્ષે છે; તે સહજ-પ્રેરણાથી (આપોઆપ) થતા વર્તન ઉપર અંકુશ રાખે છે; તે મનુષ્યોને ગુનાની લાગણી, તથા તેને કારણે થતા માનસિક સંતાપમાંથી મુક્તિ આપે છે; અને માનવીને સમાજથી અળગો થતો અટકાવે છે.

**ફ્રોઈડ**ના 'ધર્મ' વિષેના આ વિચારોમાં 'ધર્મ'ની જગ્યાએ 'વિચારસરણી' શબ્દ મૂકી દઈએ તો, વિચારસરણી વિષેનો માનસશાસ્ત્રીય અભિગમ સ્પષ્ટ થઈ જાય તેમ છે. **ફ્રોઈડ** તો ત્યાં સુધી કહે છે કે, જો બધા જ ધર્મ-સિદ્ધાંતો આભાસ-માત્ર હોય તો તે જ ન્યાયે, સંસ્કૃતિનાં બીજાં બધા જ પાસાંઓ, બધી જ રાજનૈતિક સસ્થાઓ, તેમને નિયમિત કરતી બધી જ માન્યતાઓને પણ આભાસ સમાન જ ગણવાં જોઈએ.

જોકે **સટન** વિચારસરણીને સામાજિક સંબંધોને કારણે ઉત્પન્ન થતા તનાવ સામેના પ્રતિભાવરૂપે મૂલવે છે. તેના મતે, મનુષ્યો સમાજમાં પોતાના કાર્યો અને ફરજો બજાવવામાં પરસ્પર વિરોધી એવી સામાજિક માંગો અને ચિંતાઓનો સામનો કરતા હોય છે. વિચારસરણી મનુષ્યોને આ તનાવોનો સામનો કરવા શક્તિમાન બનાવે છે. **મેક્સ વેબર** આ અર્થમાં જ ધર્મને (ધાર્મિક વિચારસરણીઓને) અછત, અભાવ અને ચિંતાની પરિસ્થિતિઓમાં **'મનુષ્યનો મુક્તિદાતા'** કહે છે. વિચારસરણીના માનસશાસ્ત્રીય-સાંસ્કૃતિક અભિગમનો હિમાયતી **ક્લીફર્ડ ગીર્મ** વિચારસરણીને માત્ર તનાવ સામેનો માનસિક પ્રતિકાર ગણવાને બદલે તેમાં સામાજિક અને સાંસ્કૃતિક તત્ત્વોને પણ સામેલ થયેલા જુએ છે. તેના મતે, વિચારસરણી એ એક સાંસ્કૃતિક પ્રતીક-પદ્ધતિ છે. તે મનુષ્યોને તેમના રાજકીય જીવનમાં માર્ગદર્શન આપવાનો ધ્યેય પણ રાખે છે.

આ રીતે આપણે 'વિચારસરણી'ના ખ્યાલને જુદા જુદા અભિગમો દ્વારા તપાસવાનો પ્રયત્ન કર્યો. આમાંનો દરેક અભિગમ આ ખ્યાલના એક યા બીજા પાસા ઉપર પ્રકાશ ફેંકે છે, અને એ બધા અભિગમો સાથે મળીને તેના અસાધરણ રીતે સમૃદ્ધ એવા વારસાનો નિર્દેશ કરે છે. વિચારસરણી એ માનવીઓ અને સમાજ વિષેની, વાજબીપણા અને સત્તા વિષેની માન્યતાઓ અને મૂલ્યોની, લાગણીસભર, માન્યતાઓથી ભરપૂર, તથા કાર્ય સાથે સંબંધ ધરાવતી એક પદ્ધતિ છે. વિચારસરણીઓ જનસમાજને આંદોલિત કરવાની, તેને દોરવાની અને તેને અંકુશમાં રાખવાની ભાર સુષુપ્ત શક્તિ ધરાવે છે. એ અર્થમાં **વિચારસરણીઓ એ સંગઠિત કરાયેલી માન્યતા-પદ્ધતિઓ છે.**

### 'તમારી પ્રગતિ ચકાસો' (1)

1. ફ્રાન્સિસ બેકનનો વિચારસરણી વિષેનો શો અભિગમ હતો ? (6 પંક્તિમાં જવાબ આપો.)

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

2. માર્ક્સ અને એન્જલ્સ વિચારસરણીને કઈ રીતે મૂલવે છે ? લગભગ 10 પંક્તિઓમાં જવાબ આપો.

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

3. ફ્રૉઇડ અને સટન વિચારસરણી વિષે શું કહે છે ? (5 વાક્યો લખો.)

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

## 6.2 ધર્મ, વિચારસરણી અને સમાજ (Religion, Ideology and Society)

સમાજ અને ધર્મ વચ્ચેના સંબંધો વિષે અગ્રણી સમાજશાસ્ત્રીઓએ તથા માનસશાસ્ત્રીઓએ ઘણું વિચાર્યું છે. આ અંગે **કાર્લ માર્ક્સ**નું મંતવ્ય એ છે કે, "**ધર્મ માણસને બનાવતો નથી, પરંતુ માણસ ધર્મને બનાવે છે**"; અને માણસે આ આભાસી વસ્તુ(ધર્મ)થી છુટકારો મેળવવા માટે જે સમાજે તેને બનાવ્યો છે, તે સમાજને જ ખતમ કરવો જોઈએ. તેના મતે, ધર્મ એ પીડિતોનો નિસાસો છે, તેથી ધર્મ સામેની લડાઈ એ વાસ્તવમાં જે દુનિયા(કે સમાજ)ની તે આધ્યાત્મિક 'આભા' (કે તેજ) છે, તે દુનિયા સામેની લડાઈ છે. આ સંદર્ભમાં જ ધર્મ 'જનતા માટે અફીણ'ની ગરજ સારે છે.

જર્મન સમાજશાસ્ત્રી અને વિચારક **ડર્કેમ** ધર્મને એક વિચારસરણી તરીકે મૂલવે છે. તે પણ કાર્લ માર્ક્સની જેમ માનતો હતો કે, ધર્મ અને વિચારસરણી બંને સામાજિક પાયા ઉપર ટકી રહ્યાં છે. ડર્કેમનો જ સમકાલીન **મેક્સ વેબર** તેના વિશ્વના વિવિધ ધર્મોના અભ્યાસ માટે તથા 'ધર્મના સમાજશાસ્ત્ર' વિષેના ખ્યાલો માટે પ્રસિદ્ધ છે. તેના મતે સમાજ (કે સામાજિક સંગઠન) અને ધાર્મિક વિચારો વચ્ચે ત્રણ પ્રકારના સંબંધો હોય છે :

(1) સમાજમાં જે સામાજિક જૂથોને અમુક ખાસ આર્થિક હિતો હોય છે, તેઓ ધાર્મિક વિચારોને સાનુકૂળ પ્રતિભાવ આપતા હોય છે. ઉદાહરણ તરીકે વંશપરંપરાગત સૈનિકો (જેવા કે ક્ષત્રિયો), સત્તાધીશો, અમલદારો કે આર્થિક શોષણકારો દ્વારા સંચાલિત સમાજમાં ધર્મ પ્રત્યેનો પ્રતિભાવ બુદ્ધિજીવીઓ દ્વારા શાસિત સમાજના પ્રતિભાવ કરતાં જુદો હોય છે; કારીગરો, વેપારીઓ કે ઉદ્યોગપતિઓ વ્યક્તિગત મુક્તિ કે મોક્ષ માટેના બધા માર્ગો પ્રત્યે આકર્ષાતા હોય છે. બધી જ જગ્યાએ ધાર્મિક સત્તાધીશો (વરિષ્ઠ ધર્મગુરુથી માંડીને નાના પૂજારી સુધીના બધા ધાર્મિક હોદ્દેદારો) ધર્મના વહીવટ ઉપર ઇજારો ધરાવતા હોય છે. તેઓ કોઈ એકલદોકલ વ્યક્તિની મોક્ષ માટેની સાધના, ધ્યાન, સમાધિ વગેરે તરફ હંમેશાં શંકાશીલ રહેતા હોય છે, અને ધાર્મિક ક્રિયાઓ અને વિધિઓ ઉપર કોઈ પણ પ્રકારે પોતાનો જ અંકુશ રહે તેવી પેરવી કરતા હોય છે.

(2) ધાર્મિક વિચારસરણીઓ અમુક ખાસ ધર્મ-જૂથો(જેવાં કે, મઠો, સાધુ-સંન્યાસીઓના સંઘો, પાદરીવર્ગ વગેરે)ની રચના તરફ દોરી જાય છે, અને સમય જતાં આ ધર્મ-જૂથો પોતાનાં ખાસ આર્થિક હિતો વિકસાવવા માંડે છે.

(3) સામાન્ય રીતે ધર્મની બાબતમાં ઉચ્ચ ભદ્ર વર્ગ અને આમસમાજ વચ્ચે મોટી ખાઈ રહેતી હોય છે, અને તે ખાઈ કઈ રીતે પૂરવી, તે બધા જ ધર્મો માટે મોટી સમસ્યા બનતી

હોય છે. જોકે પ્રાચીન ભારતના બ્રાહ્મણ વર્ગે આ સમસ્યાનો સરસ ઉકેલ શોધ્યો હતો. તેઓ વિદ્વાન અને ધર્મશાસ્ત્રોમાં પારંગત હોઈને રાજદરબાર સહિત ઉચ્ચ ભદ્ર વર્ગમાં અત્યંત સન્માનનીય સ્થાન ભોગવતા (અને ક્યારેક તો રાજાના મુખ્ય સલાહકાર તરીકે રાજનીતિના ઘડતર, સંચાલન વગેરેમાં પણ અગત્યનો ભાગ ભજવતા); પરંતુ તે સાથે તેઓ આમસમાજની ધાર્મિક જરૂરિયાતોને પણ પૂરી કરતા. આમ તેમણે પોતાનાં ભદ્ર વર્ગીય આર્થિક હિતોને આંચ આવવા દીધા સિવાય આમજનતા સાથે પણ ગૌરવપૂર્ણ સંબંધો જાળવી રાખ્યા હતા.

ઉપરોક્ત પૃથક્કરણ દ્વારા **વેબરે** સામાજિક જૂથો અને વિચારસરણીઓ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કર્યો છે. તેણે લોકોની કાર્યપ્રણાલી નક્કી કરવામાં આર્થિક હિતોને બદલે 'વિચારો'ની અસર ઉપર ભાર મૂક્યો હોવાને કારણે તે કાર્લ માર્ક્સથી અલગ તરી આવે છે. વેબર પછીના આધુનિક ચિંતકોનું વલણ, વિચારસરણી કઈ રીતે, અને શા માટે અમુક જ પ્રકારનું સ્વરૂપ ધારણ કરે છે, અને તે કઈ રીતે કાર્યાન્વિત બને છે, તેની સમજૂતી આપીને વિચારસરણીનું પૃથક્કરણ કરવા તરફ રહ્યુ છે.

## 6.3 વિચારસરણી - પ્રાચીન ભારતીય પાશ્ચાદ્ભૂમિમાં (Ideology : The Early Indian Setting)

પ્રાચીન ભારતમાં ધર્મ અને વિચારસરણીના સ્વરૂપ તથા કાર્ય વિષે ચર્ચા કરીએ તે પહેલાં અમુક મહત્ત્વના પ્રશ્નો ઉઠાવવા જરૂરી છે. જો વિચારસરણીને શાસનકર્તા કે સત્તાધીશ વર્ગના હિતોની દાસી માનવામાં આવતી હોય, તો તે સાથે તાબેદાર વર્ગની પણ કોઈ વિચારસરણી હોઈ શકે ખરી કે નહીં ? ક્યારેક સત્તાધારી વર્ગની વિચારસરણી, તાબેદાર વર્ગના પણ મોટા ભાગના લોકો તેને સમર્થન આપે છે તેવી માન્યતાને કારણે તો; બળવાન નથી બનતી ને ? એવી કઈ પરિસ્થિતિઓ છે કે, જેના દબાણ નીચે તાબેદાર વર્ગો પ્રવર્તમાન સામાજવ્યવસ્થાને સત્તાધીશ વર્ગની સાથે પોતે પણ યોગ્ય ગણવા લાગે છે અને તે વ્યવસ્થાએ કરેલાં અર્થઘટનોને સમર્થન આપવા લાગે છે ? અને તાબેદાર વર્ગો પ્રવર્તમાન સામાજિક વ્યવસ્થાને યોગ્ય નહીં ગણતા હોવાને કારણે તેમના વિચારો કોઈ નિશ્ચિત વિચારસરણીનો આકાર લઈ શકતા નથી, તેમ આપણે કહી શકીશું ખરા ?

હવે વિચારસરણી અંગેની સૈદ્ધાંતિક બાબતોને સદૃષ્ટાંત સમજાવવા માટે આપણે ભારતના ધર્મોના કેટલાક તબક્કાઓનું અવલોકન કરીએ. જોકે તેનાથી કદાચ આગળ ઉઠાવાયેલા બધા જ પ્રશ્નોનું સમાધાન થઈ શકે તેમ નથી, છતાં પ્રાચીન ભારતમાં વિચારસરણી તરીકે કાર્ય કરતાં ધર્મનાં કેટલાંક પરિમાણો જરૂર નક્કી થઈ શકે તેમ છે.

અત્યંત પ્રાચીન સમયમાં, હડપ્પન સંસ્કૃતિ દરમ્યાન, ધર્મને શહેરી વિકાસના ઉત્તેજક પરિબળ તરીકે કાર્ય કરતો જોઈ શકાય છે. જોકે ધર્મની આ ભૂમિકા નકારાત્મક પુરાવાઓ ઉપરથી જ તારવી શકાય તેમ છે. વળી, આ સમયે ધર્મ એક વિચારસરણી તરીકે કાર્ય કરતો હતો તેમ કહેવામાં અતિશયોક્તિ ગણાય તેમ છે; તે જ રીતે, પ્રો. ધર્માનન્દ કોસામ્બી માને છે તેમ અહીં ધર્મગુરુ સંસ્થા હોય તેમ માનવામાં પણ અતિશયોક્તિ લાગે છે. વધુમાં વધુ, અહીં સામાજિક વર્ગોનું અસ્તિત્વ હશે તેમ કહી શકાય. મોહેં-જો-દડો અને હડપ્પામાં મળેલા મોટા કોઠારો અહી વધારાના, ફાજલ પડેલા અનાજનો નિર્દેશ કરે છે, જ્યારે લોથલમાં મળેલાં ગોદામો સુવિકસિત (દેશી તથા વિદેશી) વ્યાપારનું સૂચન કરે છે. આ બંને આર્થિક પરિબળો(સુવિકસિત ખેતી અને સુવિકસિત વ્યાપાર)એ અહીં ધર્મનાં જુદાં જુદાં સ્વરૂપોને આકાર આપ્યો હશે તેમ જરૂર માની શકાય.

તે પછીના વૈદિક સમયમાં વિદ્વાનોએ અનાજના ઉત્પાદકો અને અનાજના વ્યવસ્થાપકો (વિતરણ વગેરેની વ્યવસ્થા કરનારા) એમ બે વર્ગોનું અસ્તિત્વ, તથા તે બંને વચ્ચેના, તેમ જ બિન-કૃષિ ઉત્પાદક વર્ગો (બ્રાહ્મણ અને ક્ષત્રિય) વચ્ચેના પણ, સંઘર્ષોનું અસ્તિત્વ સ્વીકાર્યું છે. પણ **બ્રાહ્મણોની યજ્ઞપ્રધાન વિચારસરણી** અને **ઉપનિષદોના 'આત્મવિદ્યા'**ના સિદ્ધાંતને આપણે અનુક્રમે બ્રાહ્મણ તથા ક્ષત્રિય વિચારસરણી કહી શકીએ ખરા ? કદાચ આ બંને વિચારસરણીઓને શાસનકર્તા વર્ગની વિચારસરણી કહેવાનું આપણને મન થાય, પરંતુ તે સમગ્ર પ્રશ્નને વધારે સરળ બનાવી દેવા જેવું છે. રાજસૂય યજ્ઞ જેવા મહાયજ્ઞની અમુક વિધિઓ બ્રાહ્મણ વર્ગ ઉપર ક્ષત્રિય વર્ગના

પ્રભુત્વનું સૂચન કરે છે. તેમાં બિનક્ષત્રિય, તથા નિષાદ વગેરે જેવી આદિવાસી જાતિઓને વૈદિક વ્યવસ્થામાં સમાવી લેવાની પ્રવૃત્તિ સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

વૈદિક સમય પછીના બૌદ્ધ સમયમાં ઈ.સ.પૂર્વે છઠ્ઠી તથા પાંચમી સદીઓની ગંગા-ખીણ પ્રદેશોની નવી રાજાશાહીઓનું વલણ બિન-બ્રાહ્મણ ધર્મો (અર્થાત્, બૌદ્ધ અને જૈન ધર્મ) તરફ વધારે રહ્યું હોય તેમ બૌદ્ધ-પાલી ગ્રંથો ઉપરથી લાગે છે; તેમ છતાં તેના ઉપરથી બુદ્ધની વિચારસરણી એ ક્ષત્રિયોની વિચારસરણી હતી તેમ કહેવું તે, ફરી વખત, સમગ્ર પ્રશ્નનું વધુ પડતું સરલીકરણ કરવા જેવું થાય. કારણ, તેનાથી બૌદ્ધ ધર્મનો સામાજિક પાયો મર્યાદિત થઈ જાય તેમ છે. વાસ્તવમાં, બૌદ્ધ ધર્મને બિનક્ષત્રિય રાજાશાહી ઉપરાંત સમાજના નીચલા સ્તર(ખેડૂતો, વેપારીઓ, કારીગરો, નોકરો વગેરે)ના લોકો તરફથી વધારે સારો પ્રતિભાવ સાંપડ્યો હતો. અશોકનો **ધર્મ** એ ખરેખર તો ધર્મ કરતાં વિચારસરણી વધુ હતો.

## 6.4 વિચારસરણી - અનુગુપ્ત સદીઓમાં તેની ભૂમિકા અને સ્વરૂપ (Ideology : Its Role and Nature in the Post-Gupta Centuries)

હવે આપણે અનુગુપ્ત સમયમાં, અને ખાસ કરીને જે સમયને આ વિભાગમાં સ્થાન અપાયું છે તે 8મીથી 13મી સદીઓના સમયમાં, સમાજ અને સંસ્કૃતિના વિશાળ માળખામાં 'વિચારસરણી'ની ભૂમિકા અને સ્વરૂપ અંગે ચર્ચા કરીશું. આપણે અનુગુપ્ત સદીઓમાં દેશભરમાં ભૂમિ-અનુદાનો ઉપર આધારિત અર્થતંત્રની ચર્ચા કરી જ છે. આ ઘટના(ભૂમિ-અનુદાન)ને એક વિચારસરણીય પરિબળ તરીકે મૂલવી શકાય ?

### 6.4.1 ભૂમિ-અનુદાનો : તેમની પાછળનું તત્ત્વજ્ઞાન (Land Grants : Their Philosophy)

આ સમયના અભિલેખોમાં એક વિરોધાભાસ તુરત જ નજરે ચડે તેવો છે. તેમાં એક બાજુ રાજાઓની પ્રદેશ-લાલસા, યુદ્ધો, હિંસા, ક્રૂરતા વગેરેનાં વર્ણનો છે, તો બીજી બાજુ તેમની બ્રાહ્મણો પ્રત્યેની ઉદારતાનાં પણ વર્ણનો છે. કદાચ ભૂમિદાન એ રાજાઓનો 'અહમ્' સંતોષવાનું, તથા ભૂમિદાનથી પોતાને અને પોતાના પૂર્વજોને મળનાર શાસ્ત્રોક્ત પુણ્ય કમાવાનું પણ સાધન હશે તેમ લાગે છે. આ ઉપરાંત ભૂમિદાનનો એક હેતુ વિદ્વાન, નિઃસ્પૃહ અને વિદ્યાભ્યાસમાં તલ્લીન રહેતા બ્રાહ્મણોને આજીવિકા માટેની સગવડ કરી આપવાનો પણ હોઈ શકે છે. પરંતુ આ ભૂમિદાનોથી બ્રાહ્મણના સામાજિક દરજ્જામાં મોટું પરિવર્તન આવ્યું તેમાં બે મત નથી. બ્રાહ્મણો હવે ધર્મગુરુ કે આચાર્યમાંથી જમીનદાર બન્યા, અને નિઃસ્પૃહ તથા અકિંચન વિદ્વદ્ વર્ગમાંથી ધનની લાલસા રાખનાર અને વધુ ને વધુ ધન સંગ્રહ કરનાર ધનિક વર્ગમાં ફેરવાઈ ગયા. ભૂમિદાનની પાછળ દાન આપનારની પોતાના પાપના પ્રાયશ્ચિત્તની ભાવના પણ કામ કરતી હતી. વાસ્તવમાં, ધર્મશાસ્ત્રોએ (જે મુખ્યત્વે બ્રાહ્મણોએ જ રચેલા હતા) જ રાજા અને તેના સામંતોમાં આ પાપની ભાવના તથા તેના ભયને ઊભાં કર્યાં હતાં, અને તેમણે જ લૂંટ, હત્યા, વગેરે જેવાં જુદાં જુદાં અપકૃત્યો (જે યુદ્ધમાં તો અનિવાર્ય હતાં) અંગે **'પાતક'**થી માંડીને **'મહાપાતક'** સુધીની તથા તેમને લગતી શિક્ષાઓની અને નર્કયાતનાની વર્ગવાર ચડતી-ઊતરતી યાદી બનાવી હતી. ધર્મશાસ્ત્રોએ રાજાઓ તથા સરદારોના મનમાં ઊભી કરેલાં ગુનાની અને પ્રાયશ્ચિત્તની આ લાગણીનો બ્રાહ્મણોએ સારી રીતે લાભ લીધો. ધર્મશાસ્ત્રો આવા ભયંકર પાપમાંથી મુક્ત થવા માટે, તથા આવતા ભવે પશુ, પક્ષી કે જીવજંતુ જેવી નીચ યોનિમાં જન્મ પામવામાંથી બચવા માટે ગાય, બળદ, જમીન, સુવર્ણ વગેરેના દાનની ભલામણ તો કરતાં જ હતાં. હવે બ્રાહ્મણો આ ધર્મશાસ્ત્રોનો હવાલો આપી રાજાઓ, સામંતો અને શ્રીમંતો પાસેથી વધુ ને વધુ દાન પડાવવા લાગ્યા. ધર્મશાસ્ત્રોએ બધા દાનોમાં ભૂમિ-દાનને શ્રેષ્ઠ ગણાવ્યું હતું. મહર્ષિ વ્યાસે ભૂમિદાનને **'મહાદાન'** ગણાવી, તેનો દાતા સ્વર્ગમાં 1600 વર્ષ પર્યંત નિવાસ કરે છે તેમ જણાવ્યું હતું. તે જ રીતે ઘણાં **પુરાણો** પણ ભૂમિદાનનો દાતા સ્વર્ગમાં અપ્સરાને વરે છે, તેમ કહેતાં હતાં. લાગે છે કે, બ્રાહ્મણોના હાથે પવિત્ર ધર્મગ્રંથો માત્ર ધાર્મિક તથ્યોની તાત્ત્વિક ચર્ચા કરનારા ગ્રંથો નહીં, પરંતુ એક પ્રકારના 'નીતિવિષયક નિવેદનો' બની ગયા હતા.

પણ તેનો અર્થ એમ નથી કે, રાજાઓ બ્રાહ્મણોની ભૂમિ કે ધન-લાલસાનો શિકાર બની ગયા

હતા. વાસ્તવમાં, રાજાઓને પણ પોતાની રાજસત્તાને વાજબી (કે કાયદેસરની) ઠરાવવા માટે બ્રાહ્મણોના ટેકાની જરૂર હતી (આ મુદ્દાને વિભાગ 3માં ખાસ કરીને એકમ ૭, 10, 11માં વિસ્તારથી ચર્ચવામાં આવ્યો છે). ટૂંકમાં, ભૂમિદાનમાં તેના દાતા અને ગ્રહિતા (દાન લેનાર) એ બંનેનાં પરસ્પર હિતો સંકળાયેલાં હતાં. ધર્મશાસ્ત્રકારો, પ્રશસ્તિકારો (પ્રશંસા અને સ્તુતિગાન કરનારા) અને પુરોહિતો (રાજદરબારમાં સ્થાન પામેલા બ્રાહ્મણો) એ ત્રણેય આ નવી ભૂમિ-વ્યવસ્થામાં સાથીદારો કે સહભાગી કાર્યકારો હતા, તેમ કહી શકાય.

ગુપ્તસમય પછીની સદીઓમાં આ 'નવી વ્યવસ્થા' ત સમયના સાંસ્કૃતિક પરિવેશમાં કઈ રીતે વ્યક્ત થતી હતી ? લાગે છે કે, અનુગુપ્તકાલીન ભારતમાં વિચારના ક્ષેત્રમાં સ્પષ્ટપણે બે મુખ્ય પ્રવાહો ઊભા થયા હતા : એક, ભક્તિનો પ્રવાહ, અને બીજો **તાંત્રિકવાદ**નો પ્રવાહ. આપણે આ બંને પ્રવાહો તપાસીએ.

## 6.4.2 ભક્તિ અને તીર્થયાત્રાઓ (Bhakti and Pilgrimage)

અનુગુપ્ત સમયમાં ભારતમાં પ્રવર્તી રહેલા બંને બ્રાહ્મણવાદી મુખ્ય ધર્મો - શૈવ ધર્મ અને વૈષ્ણવ ધર્મ–માં ભક્તિતત્ત્વનો ઉદ્ભવ થયો હતો. **વૈષ્ણવ ધર્મ**માં દક્ષિણ ભારતમાં નવમી સદી સુધીમાં **આલવારો**ની ભક્ત-પરંપરા લુપ્ત થઈ, અને પછી આચાર્યોની પરંપરા શરૂ થઈ. આ વૈષ્ણવ આચાર્યોની ભક્તિ મહદંશે બુદ્ધિપ્રધાન હતી; તેમણે ભક્તિને તર્કના પાયા ઉપર પ્રતિપાદિત કરી હતી. સૌથી પહેલા આચાર્ય નાથમુનિ(10મી સદી )એ આલવારોના ભક્તિતત્ત્વને ગ્રહણ કરી, વૈષ્ણવ ભક્તિના મતનું પદ્ધતિસર પ્રતિપાદન કર્યું. તેઓ **શ્રીવૈષ્ણવ-સંપ્રદાય**ના પ્રથમ આચાર્ય બન્યા. નાથમુનિના પૌત્ર **યામુનાચાર્ય** ચોલ રાજસભામાં વાદવિવાદમાં વિજયી નીવડતાં તેમને ભૂમિદાન મળ્યું હતું. યામુનાચાર્યના ઉત્તરાધિકારી **રામાનુજાચાર્યે** દક્ષિણ ભારતમાં નારાયણ(વિષ્ણુ)ની ભક્તિનો મહિમા ઘણો વધાર્યો. પાછળથી આંધ્રના વતની **નિમ્બાર્કે** તથા **માધવાચાર્યે** પણ ભક્તિઆંદોલનને વેગ આપ્યો. દક્ષિણના આ વૈષ્ણવ આચાર્યોએ વૈષ્ણવ ધર્મમાં દાખલ કરેલું ભક્તિનું તત્ત્વ ઉત્તર ભારત તથા પૂર્વ ભારતમાં પણ પ્રસર્યું. 12મી સદીમાં બંગાળના સેન રાજા લક્ષ્મણસેનના રાજકવિ **જયદેવે 'ગીતગોવિંદ'**માં રાધાકૃષ્ણની પ્રણયલીલા ગાઈને રાધા તથા કૃષ્ણની ભક્તિને ઉત્તેજન આપ્યું.

**શૈવ ધર્મ**માં દક્ષિણ ભારતમાં નાયણમારો ઉપરાંત 12મી સદીમાં કર્ણાટકમાં સ્થપાયેલા **વીરશૈવ** કે **લિંગાયત-સંપ્રદાયે** શિવભક્તિનો વ્યાપક પ્રમાણમાં પ્રચાર કર્યો. લિંગાયત-સંપ્રદાયના સ્થાપક આચાર્ય **બસવ** હતા. આ સંપ્રદાયના ભક્તકવિઓએ રચેલાં 'વચનો' ભાવિક જનોમાં ભારે લોકપ્રિયતા પામ્યાં હતાં. દક્ષિણ ભારતમાં આ ઉપરાંત **શૈવસિદ્ધાંત** નામનો શૈવ-સંપ્રદાય પણ ઘણો લોકપ્રિય હતો. તેના માણિક્ક-વાચકર, અપ્પર, સમ્બન્ધ, સુંદરર વગેરે જેવા આચાર્યોએ શિવભક્તિનો સારો પ્રચાર કર્યો.

આ ઉપરાંત શૈવ તથા વૈષ્ણવ દર્શનોમાં ઈશ્વરની સાથે **શક્તિનો મહિમા** ગાવામાં આવ્યો હતો. દેવ-ઉપાસનામાં પણ **ઉમા-મહેશ્વર** તથા **લક્ષ્મીનારાયણ** જેવા દેવયુગલોની ઉપાસના વ્યાપક બનવા લાગી. બૌદ્ધ ધર્મમાં **તારાદેવી**નો મહિમા વધ્યો. અને તેનાં અનેક સ્વરૂપો વિકાસ પામ્યાં. **જૈન ધર્મ**માં પણ સરસ્વતી, લક્ષ્મી, પદ્માવતી ઇત્યાદિ દેવી-સ્વરૂપોનો મહિમા મનાયો. દેવીનાં માતૃસ્વરૂપોમાં **'સપ્તમાતૃકા'**ની ઉપાસના વ્યાપક બની. **માર્કન્ડેય પુરાણ**માં આવતી **'સપ્તશતી'**માં ચંડી (ઉગ્ર) દેવીનું માહાત્મ્ય ગવાયું છે. નવદુર્ગા અને કાલીનાં વિવિધ સ્વરૂપો પણ વ્યાપક બન્યાં. **અંબા** એ દેવીનું લોકપ્રિય માતૃસ્વરૂપ છે. જૈન ધર્મમાં પણ અંબિકાની ઉપાસના થવા લાગી. આ ઉપરાંત **યોગિનીઓ**(જોગણીઓ)ની પણ ઉપાસના થતી. સામાન્ય રીતે તેમની સંખ્યા 64 હોવાનું મનાતું, પરંતુ તેમનાં નામોની બાબતમાં મતભેદ છે.

ભક્તિ-આંદોલન મંદિર-સંસ્કૃતિ સાથે ગાઢ રીતે સંકળાયેલું છે. ભક્તિ અને મંદિર – બંનેએ એકબીજાનું મહત્ત્વ તથા પ્રભાવ વધારવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. આ સમયના ગણનાપાત્ર **શૈવમંદિરો**માં ઇલોરાનું ભવ્ય કૈલાસમંદિર, એલિફન્ટા અને જોગેશ્વરનાં શૈવમંદિરો, કાંચીનાં મુક્તેશ્વર અને માતંગેશ્વરનાં ભવ્ય શિવાલયો, ચોલરાજ્યનાં સુંદરેશ્વર અને તાંજોરનાં રાજરાજેશ્વરનાં મહામંદિરો, મધ્ય પ્રદેશમાં ખજૂરાહોનું કન્દરિયા મહાદેવનું મંદિર, ઓસિયા(રાજસ્થાન)નું હરિહર મંદિર, કાશ્મીરનાં અવંતીશ્વર, શંકરગૌરીશ્વર અને સુગંધેશનાં શિવમંદિરો તથા ગુજરાતના સૌરાષ્ટ્રમાં સાગરતટે સોમનાથનું ભવ્ય શિવમંદિર વગેરે નોંધપાત્ર છે. **વૈષ્ણવ મંદિરો**માં ઇલોરાનું દશાવતાર મંદિર, કનોજનાં પ્રતીહાર રાજા મહેન્દ્રપાલે બંધાવેલાં વિષ્ણુનાં ત્રણ મંદિરો, ખજૂરાહોનું વૈકુંઠ મંદિર, રાજસ્થાનમાં આમવનનું ત્રિપ્રાસાદ વિષ્ણુમંદિર,

કાશ્મીરનું અવન્તિસ્વામી મંદિર વગેરે પ્રખ્યાત છે. આ સમયના બૌદ્ધ ધર્મનાં ખાસ મંદિરો જોવા મળતાં નથી, પરંતુ **જૈન ધર્મ**નાં આબુનાં દેલવાડાનાં, કુંભારિયાનાં તથા ગિરનાર અને શત્રુંજય ઉપરનાં ભવ્ય જૈન મંદિરો, દખ્ખણમાં હોયસવોના પાટનગર દ્વારસમુદ્રનાં વિજય પાર્શ્વનાથ વગેરે ઘણાં ભવ્ય જૈન મંદિરો આ સમયની જાહોજલાલીની ગવાહી પૂરે છે.

આ સમયનાં મોટા ભાગનાં મંદિરોનો આર્થિક નિભાવ રાજાઓ અને સામંતો-સરદારો તરફથી મળતાં ભૂમિદાનો અને ગ્રામદાનોની આવકમાંથી તથા સમાજના ઉચ્ચ વર્ગીય શ્રીમંતો તરફથી મળતાં અન્ય દાનોમાંથી થતો. બીજી બાજુએ રાજાઓ અને સામંતશાહી વર્ગ પોતાની સત્તા દૃઢ કરવા માટે મંદિર આધારિત ભક્તિ-આંદોલનનો ઉપયોગ કરતા હતા. તામિલ ભાષામાં 'કોયિલા' શબ્દ મહેલ અને મંદિર બંને માટે વપરાય છે, તે આનું સૂચક છે. મંદિરમાં મુકુટધારી દેવ રાજાની સાથે સામ્ય ધરાવે છે, અને દેવની પૂજાવિધિ (સ્નાન, અભિષેક, વસ્ત્રાલંકાર, રાજભોગ વગેરે) રાજાની સ્નાનવિધિ વગેરેને આબેહૂબ મળતી આવે છે. રાજાના દરબારની જેમ જ દેવનો પણ દરબાર ભરાય છે; રાજાની જેમ દેવને પણ ભેટ ધરાવાય છે; રાજાના મહેલની જેમ મંદિરને પણ **મંડપ, પ્રાકાર** (દીવાલબંધ આંગણ), **દ્વારપાલ** વગેરે હોય છે. રાજાની જેમ મંદિરના મુખ્ય દેવની સાથે પણ તેના રાણી (દેવી), તથા પુત્રપુત્રાદિક સગાંઓ હોય છે, અને તેની (દેવની) તહેનાતમાં ગંધર્વો (સંગીતકારો), વાદ્યકાર-સ્ત્રીઓ (વીણાવાદિની, વગેરે) અને નર્તક-નર્તકીઓ હોય છે. રાજ્યમાં સામંતશાહી વ્યવસ્થામાં જેમ એક કરતાં વધારે સામંતો હોય છે, અને દરેક સામંત પોતાના હાથ નીચેના પેટા સામંતો પાસેથી સેવા લે છે, તે જ રીતે મંદિરમાં પણ એક કરતાં વધારે દેવી-દેવતા હોય છે, અને તે દરેકને પોતાના અલગ અલગ ભક્તો હોય છે. ભક્ત પોતાના આરાધ્ય દેવને (જે રીતે સામંતશાહી વ્યવસ્થામાં હોય છે તેમ) 'સ્વામી' (માલિક) અને પોતાને તેનો 'દાસ' (સેવક) ગણતો હોય છે. તે પોતાના બધા જ 'અહમ્'ને સ્વામીને ચરણે ધરી દઈને, પોતાને સ્વામીના ચરણોનો દાસ માને છે, અને જેટલો તે પોતાના 'અહમ્'નો ત્યાગ કરે, તેટલો તે મહાન ગણાતો હોય છે. આમ ભક્તિની વિધિઓ અને ધારણો તથા તે સમયે પ્રચલિત રાજકીય સામંતશાહી વ્યવસ્થા, એ બે વચ્ચે અજબ સામ્ય જોવા મળે છે.

ભક્તિ-આંદોલનના એક ભાગ તરીકે આ સમયે **તીર્થયાત્રા**નું મહત્ત્વ વધવા પામ્યું હતું. પૂર્વ મધ્યકાળમાં એકલા બ્રાહ્મણધર્મી સાહિત્યમાં જ 400 તીર્થોનો ઉલ્લેખ છે. મહાભારત અને પુરાણોમાં તીર્થો(તથા પેટાતીર્થો)નું મહાત્મ્ય દર્શાવતા તથા તેમની આસપાસ ગુંથાયેલી કથાઓનું નિરૂપણ કરતા 40,000 જેટલા શ્લોકો છે. તે ઉપરાંત દરેક તીર્થને લગતાં, તથા તે દરેકનું માહાત્મ્ય દર્શાવતાં **'સ્થળપુરાણો'** તો જુદાં. આમ તીર્થયાત્રાનો ખ્યાલ ભક્તિ આંદોલનનો એક ભાગ હોવાની સાથે એ આંદોલનને પણ વેગ આપતો હતો.

## 6.4.3 તાંત્રિકવાદ (Tantricism)

અનુગુપ્ત સમયમા બધા જ ધર્મોનો ભક્તિની જેમ તાંત્રિકવાદે પણ કબજો લીધો હતો, અને ભપકાદાર ધર્મવિધિઓ તથા ક્રિયાકાંડોમાં નહીં માનનારા બિન-બ્રાહ્મણવાદી (બૌદ્ધ કે જૈન) ધર્મો પણ તેના સકંજામાંથી બચી શક્યા ન હતા.

યંત્ર (ગુહ્ય = ના સમજી શકાય તેવી આકૃતિ) તથા મંત્ર (ગુહ્ય પદાવલિ) દ્વારા ગૂઢ તત્ત્વોના જ્ઞાનનો પ્રચાર કરનારા સાહિત્યને **તંત્ર** કહે છે. તંત્રગ્રંથો પુરાણો જેવા છે અને તંત્રવાદના અનુયાયીઓ તેમને 'પંચમવેદ' ગણાવે છે. એ એવું ધાર્મિક સાહિત્ય અને ધાર્મિક ક્રિયા હતાં કે, જેમાં બધી જ્ઞાતિના બધા જ લોકો (પુરુષો અને સ્ત્રીઓ પણ) ભાગ લઈ શકતા. આમાં મોટે ભાગે શિવ-પાર્વતીની પ્રશ્નોત્તરી રૂપે ગૂઢ તત્ત્વોનું નિરૂપણ કરવામાં આવે છે. કેટલાકમાં પાર્વતી પ્રશ્ન કરે છે, અને તેના ઉત્તરરૂપે શિવ નિરૂપણ કરે છે. (આ પ્રકારના તંત્ર-સાહિત્યને **'આગમ'** કહે છે) અને કેટલાકમાં શિવના પ્રશ્નના ઉત્તરમાં પાર્વતી નિરૂપણ કરે છે (આ તંત્ર-સાહિત્યને **'નિગમ'** કહે છે).

તંત્ર-ગ્રંથોની રચના ઈ.સ. છઠ્ઠી સદીમાં થઈ હોવાનું માનવામાં આવે છે (જોકે બૌદ્ધ તંત્રોમાંના કેટલાક આનાથી પણ પ્રાચીન છે). પરંતુ પૂર્વ મધ્યકાલ (ઈ.સ. ૪મીથી 13મી સદી) દરમ્યાન તેનો વિશેષ પ્રમાણમાં વિકાસ તથા પ્રચાર થયો. તાંત્રિકોમાં મુખ્ય બે ભેદ છે : **કૌલ અને સામાયિક**. કૌલ મતમાં અવૈદિક વામાચાર છે, જ્યારે સામાયિક મત વૈદિક આચારવાળો છે. અદ્વૈત મતના પ્રવર્તક **આચાર્ય ગૌડપાદ**, તેમના શિષ્ય **ગોવિંદાચાર્ય** તથા **શ્રીમદ્ શંકરાચાર્ય** આ સામયિક મતના અનુયાયી હતા.

તાંત્રિક સંપ્રદાયમાં સાધકના ત્રણ ભાવ નિરૂપાયેલા છે. **પશુભાવ**, **વીરભાવ** અને **દિવ્યભાવ**. વેદ-આચાર, વૈષ્ણવ-આચાર, શૈવ-આચાર અને દક્ષિણ (દક્ષિણ = જમણું) આચારમાં સામાજિક નીતિનિયમો અનુસાર બધી ક્રિયાઓ અને વિધિઓ કરવામાં આવતી, તેથી આ ચારેય આચારોના સાધક પ્રથમ કક્ષા(પશુભાવ)ના ગણાતા. તેનાથી આગળ દ્વિતીય કક્ષા(વીરભાવ)માં સાધક ગુરુ પાસે દીક્ષા લઈ, પ્રચલિત આચારવિચારથી વિરુદ્ધ એવી ક્રિયાઓ તથા વિધિઓ દ્વારા સાધના કરતા, તેથી તેમના આ આચારો **'વામાચાર'** (વામ = ડાબું) કહેવાતા. વામાચારમાં દીક્ષા પામેલો દરેક સાધક ભૈરવરૂપ અને દરેક સાધિકા ભૈરવીરૂપ ગણાતાં. આ બે દૈવી સ્વરૂપોનો સંયોગ સાધવા માટે સાધક મદ્ય (શરાબ), મત્સ્ય, માંસ, મુદ્રા (અમુક પ્રકારનું મનાઈ કરેલુ અન્ન) અને મૈથુન (કામક્રીડા) - એમ પાંચ 'મકાર'નું સેવન કરતા. તેઓ આ બધી ક્રિયાઓ રાત્રે ગુપ્ત રીતે કરતા. વામાચારની વધારે કઠિન શાખા **'અઘોર સંપ્રદાય'** તરીકે ઓળખાતી. તેના સાધકો (તેઓ **અઘોરી** અથવા **કાપાલિકો** કહેવાતા) તદ્દન નગ્ન અવસ્થામાં રહેતા, તથા ખોપરી(ખપ્પર)માં માંસ અને લોહીનું ભક્ષણ કરતા; તેઓ સ્મશાનમાં અથવા ઘોર જંગલમાં રહીને સાધના કરતા, અને લોકોની વસ્તીમાં ભાગ્યે જ આવતા. જ્યારે વામાચારના બીજા ફાંટા 'સિદ્ધાંતાચાર'માં સાધક સમાજનો ભય રાખ્યા વિના ભયંકર અને જુગુપ્સાપ્રેરક વિધિઓ જાહેરમાં કરતાં. **કૌલાચાર**ના સાધકોની ભૂમિકા સૌથી ઊંચી ગણાતી. તેઓ બધા જ દ્વંદ્વો અને સંપ્રદાય ભેદથી પર રહીને પોતાની ઇચ્છા અનુસાર ગમે તે પ્રકારના આચારમાં વિહરતા, અને તૃતીય કક્ષા-દિવ્યભાવને પ્રાપ્ત કરતા. વામાચાર, સિદ્ધાંતાચાર અને કૌલાચાર કેરલ, ગૌડ (બંગાળ), નેપાલ, કામરૂપ(આસામ)માં સવિશેષ પ્રચલિત હતા. ગુજરાતમાં સોમનાથ દક્ષિણાચાર અને વામાચાર એમ બંનેનું કેન્દ્ર હતું. 'તાંત્રિકવાદ'માં **યંત્ર**, **બીજ** (એટલે કે ગૂઢાર્થ અક્ષરો, જેમ કે ઐં, હ્રીં, ક્લીં વગેરે) **યંત્ર**, **મુદ્રા**(હાથ અને આંગળીઓ દ્વારા અપાતા વિશિષ્ટ આકારો) અને ન્યાસ (આંગળીનાં ટેરવાં અને હથેલી વડે દેહનાં જુદાં જુદાં અંગોમાં દેવતાની સ્થાપના કરવાની ક્રિયા)ને ઇષ્ટદેવ કે દેવીની આરાધનાના સાધન તરીકે ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે. પાછળથી બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મમાં પણ આ તાંત્રિક ક્રિયાઓ અપનાવવામાં આવી હતી. જોકે જૈન ધર્મ મહદંશે તાંત્રિક તત્ત્વથી અલિપ્ત રહ્યો હતો, પરંતુ બૌદ્ધ ધર્મમાં તાંત્રિકવાદ સારી રીતે વિકસ્યો હતો.

ઈસુની સાતમી સદી સુધીમાં **બૌદ્ધ ધર્મ**માં તાંત્રિકવાદ ઠીક ઠીક પ્રમાણમાં પ્રચલિત થયો હતો. આ મતનો વિશેષ પ્રચાર બિહારના નાલંદામાં, તથા સિંધુ નદીની પશ્ચિમના પ્રદેશોમાં થયો હતો. બૌદ્ધ ધર્મના મૂળ ગ્રંથોમાં મંત્રોનો ખાસ મહિમા ન હતો, પરંતુ આગળ જતાં તેના મહાયાન સંપ્રદાયમાં **'ધારણી'**ના મંત્રોનો સમાવેશ થયો. આ ધારણી-મંત્રો અનિષ્ટનો નાશ કરે છે તેમ મનાતું. તેના જપથી ભૂત-પ્રેત વગેરેનું નિવારણ થાય, તથા સુખ-શાંતિ, ઇચ્છાનુસાર પુનર્જન્મ, બોધિ અને નિર્વાણની પણ પ્રાપ્તિ થઈ શકે છે તેમ મનાતું. ધારણીઓમાં શરૂઆતમાં બોધિસત્ત્વ અવલોકિતેશ્વરની પ્રાર્થના કરવામાં આવતી. તે પછી તેમાં 'ઓમ મણિપદ્મે હુમ્' મંત્રનો મહિમા કરવામાં આવ્યો. પછી તો તેમાં **બોધિસત્વ મંજુશ્રી** અને **દેવી તારા**ની પણ આરાધના થવા લાગી; ઘણી ધારણીઓમાં તારાના પ્રજ્ઞાપારમિતા સહિત વિવિધ સ્વરૂપો વર્ણવી તેની સ્તુતિને પણ સામેલ કરવામાં આવી. આગળ જતાં તારાને બુદ્ધની શક્તિ માનવામાં આવી.

પાંચમી અને છઠ્ઠી સદીમાં **'મંજૂશ્રી મૂળકલ્પ'** અને **'ગુહ્યસમાજ'** નામે તાંત્રિક ગ્રંથો લખાયા. **મંજૂશ્રી મૂલકલ્પ**માં અનેક મુદ્રાઓ, મંડલો, મંત્રો અને ક્રિયાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે, જ્યારે **'ગુહ્યસમાજ'**માં યોગ, અનુત્તર-યોગ, તથાગત-ગુહ્ય અર્થાત્ વજ્રનું નિરૂપણ થયેલું છે. આના ઉપરથી **વજ્રયાન** નામનો નવો તાંત્રિક પંથ અસ્તિત્વમાં આવ્યો. આ **વજ્રયાનના** ઉપાસકો પણ શૈવ-તાંત્રિકોની જેમ યોગ-સાધના, હઠયોગ અને પાંચ 'પ્રકાર'ની સાધના કરતા. દસમી સદીના અરસામાં વજ્રયાનની અંદર **કાલચક્રયાન** નામનો નવો મત ઉદ્ભવ્યો. આ મતમાં બીજાં પણ કેટલાંક દેવદેવીઓ ઉમેરાયાં. 11મી અને 12મી સદીમાં ખાસ કરીને બંગાળ, બિહાર અને કાશ્મીરમાં આ **'કાલચક્રયાન'**નો ઘણો પ્રભાવ હતો. બંગાળમાં પાલવંશના શાસન દરમ્યાન 'વજ્રયાન'ની અટપટી ક્રિયાઓ સામે **'સહજયાન'** નામે એક નવો તાંત્રિક સંપ્રદાય ઊભો થયો. આ યાનના અનુયાયીઓ પણ યોગ અને તંત્રની ક્રિયાઓમાં તો માનતા જ હતા.

આ સમયે સૌથી વધુ તાંત્રિકવાદ **'શાક્તમત'**(શક્તિપૂજા)માં જોવા મળે છે. શાક્તમતના અનુયાયીઓ શક્તિને જ પૃથ્વીની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ માનતા હતા. શક્તિનું સૌમ્ય સ્વરૂપ જનની-રૂપનું (પાર્વતી કે અંબા સ્વરૂપે) ગણાતું અને તે શિવના મંગલકારી સ્વરૂપ

સાથે સંકળાયેલું હતું; જ્યારે શિવના રુદ્ર (ભયંકર) સ્વરૂપ સાથે સંકળાયેલી ઉગ્ર શક્તિ ભૈરવી કે ચંડી તરીકે ઓળખાતી. શાક્તમતના તાંત્રિકો મોટે ભાગે શક્તિના આ રૌદ્ર સ્વરૂપની ઉપાસના કરતા, અને તેની સાધનાની મોટા ભાગની ક્રિયાઓ શૈવમતના **'વામાચાર'** કે અઘોર પંથના સાધકોની ક્રિયાઓને મળતી આવતી હતી.

પ્રો. આર. એસ. શર્માના મતે, શક્તિપૂજા એ કદાચ ભૂમિ-દાનને કારણે થયેલા કૃષિ-વિકાસનું પરિણામ હોઈ શકે છે, કારણ મૂળ શક્તિપૂજાનો ઉદ્‌ભવ જ કૃષિઉત્પાદનને કારણે થયેલો માનવામાં આવે છે. આ ઉપરાંત પ્રો. શર્માએ આ વિષય ઉપર કરેલા પૃથક્કરણમાંથી બ્રાહ્મણ ધર્મગુરુઓની સંસ્કૃત ભાષાયુક્ત બ્રાહ્મણ-સંસ્કૃતિના આદિવાસી જાતિઓની સંસ્કૃતિ સાથેના પરસ્પર સંપર્કમાંથી ઉદ્‌ભવેલા સાંસ્કૃતિક આદાન-પ્રદાનનો મુદ્દો પણ પ્રકાશમાં આવ્યો છે. સાહિત્યિક સાધનો ઉપર આધારિત એક આધુનિક અભ્યાસમાં એવું તારણ કાઢવામાં આવ્યું છે કે, 6ઠ્ઠી સદીના **માર્કન્ડેય પુરાણ**નું **'દેવી-મહાત્મ્ય'** એ દેવીનું સંસ્કૃત ભાષામાં સૌ પહેલું વર્ણન હતું. આ બાબતનું 'સંસ્કૃતિકરણ'ની દૃષ્ટિએ અર્થઘટન કરવામાં આવ્યું છે; કારણ દેવીપૂજા એ મૂળ તો અનાથ અને અસંસ્કૃત વિભાવના છે. દેવીના ચર્ચિકા, ઉમરીમાતા, વેહમાતા, બિરસની દેવી વગેરે જેવાં નામો તેના આદિવાસી-દેવતાઓ સાથેના સંબંધોનું સૂચન કરે છે.

## 6.4.4 વીરપૂજા (પાળિયા-પૂજા) (Hero-Stones)

હમણાં હમણાં ધર્મના અત્યાર સુધી અગોચર રહેલા એક તત્ત્વ તરફ અભ્યાસીઓનું ધ્યાન ગયું છે. આ તત્ત્વ એટલે વીરપૂજા કે પાળિયા-પૂજા. ધર્મની (કે અમુક ખાસ સિદ્ધાંત કે સામાજિક પ્રણાલીની) રક્ષા કાજે મૃત્યુને વરેલા વીરપુરુષનાં પથ્થરનાં સ્મારકો રચી, તેની પૂજા કરવાની પ્રણાલિકા ભારતીય ઇતિહાસ જેટલી પુરાણી છે. બ્રાહ્મણવાદી અને બિનબ્રાહ્મણવાદી બંને ધર્મોના અનુયાયીઓમાં આ પ્રથા પ્રચલિત હતી. ભારતમાં જુદે જુદે સ્થળે આવા વીર-સ્મારકો સ્થાનિક ભાષામાં **વીરગલ, નાટુગલ, પાળિયા, ગોવર્ધન-સ્તંભ, કીર્તિસ્તંભ, છાયાસ્તંભ** અથવા તો માત્ર **છત્રી, સ્તંભ, દેવળી** (દેવડી) વગેરે નામોથી ઓળખાય છે. આમાંથી **છાયાસ્તંભ**ને સૌથી પુરાણા પુરાતત્ત્વીય પુરાવા તરીકે ગણવામાં આવે છે, અને આ પ્રણાલીનાં મૂળ બૌદ્ધોની સામાજિક વિધિઓમાં રહેલાં હોય તેમ મનાય છે, જ્યારે **નિશિધિ** માત્ર જૈનોમાં જ પ્રચલિત એવી મૃત્યુ-વિધિનું સૂચન કરે છે. **વીરગલ** દક્ષિણ ભારતમાં, જ્યારે **કીર્તિસ્તંભ, પાળિયા, છત્રી, સ્તંભ, દેવળી** વગેરે ઉત્તર ભારતમાં (વિશેષ તો ગુજરાત અને રાજસ્થાનમાં) પ્રચલિત હતાં. મોટા ભાગનાં વીર-સ્મારકો પર્વતોના ઘાટ પાસે, અથવા તો ગામ અને જંગલ વિસ્તારની સરહદે કે બે રાજ્યો કે બે જાગીરોની સરહદે સ્થપાયેલાં જોવા મળે છે. તેનો અર્થ એ થયો કે, મધ્યકાળના વિકેન્દ્રિત શાસનવ્યવસ્થાના સમયમાં રાજકીય સત્તા નિર્બળ બનતાં સ્થાનિક લોકોએ પોતાનાં સંરક્ષણ અને સલામતીની વ્યવસ્થા પોતાની રીતે કરી હશે, જેમાં ગામના વીરપુરુષ કે સ્થાનિક સરદારે મહત્ત્વનો ભાગ ભજવ્યો હશે, અને આવા ધર્મકાર્યમાં તે શહીદ થયા હશે. પાછળથી ગામલોકોએ તેના પાળિયા બનાવી, તેની પૂજા શરૂ કરી હશે.

## 6.4.5 ધર્મ એક વિચારસરણી તરીકે - માત્ર બ્રાહ્મણ વર્ગના લાભ માટે ? (Religion as Ideology - Only for Brahmans ?)

અનુગુપ્ત સમયમાં લોકોના ધાર્મિક-દાર્શનિક ખ્યાલોના આવિષ્કાર જેવાં ભક્તિ, તાંત્રિકવાદ, તીર્થયાત્રા વગેરે ખરેખર તો ભૂમિ-દાનનાં જ પરોક્ષ પરિણામો હતાં, અને તેનો સૌથી મોટો લાભ બ્રાહ્મણોએ જ ઉઠાવ્યો હતો; તેમ છતાં આ બધાંને માત્ર બ્રાહ્મણ-વર્ચસ્વવાળી વિચારસરણીના જ પરિપાકરૂપે ગણાવવાં તે ભૂલ ભરેલું છે. ખરેખર તો આમાં બ્રાહ્મણ અને આદિવાસી સંસ્કૃતિઓ તથા પ્રણાલીઓનું મિલન થયેલું હતું. ઉદાહરણ તરીકે, દક્ષિણ ભારતમાં 'મુરુગન'(કાર્તિકેય)ની પૂજા એ સંસ્કૃત અને તામિલ સંસ્કૃતિઓનું મિલન છે. તે જ રીતે દક્ષિણ ભારતીય શૈવપંથમાં કેટલીય ધાર્મિક વિધિઓમાં વૈદિક, પૌરાણિક, પ્રશિષ્ટ તામિલ અને લોકપરંપરાઓનું મિશ્રણ થયેલું જોઈ શકાય છે. તે જ રીતે બૌદ્ધો અને જૈનો ઉપર પણ 'ભૂમિ-અનુદાન અર્થતંત્ર'ની અસરો પડી હતી, અને આ બંને ધર્મોમાં પણ ભક્તિ, તંત્રવાદ, તીર્થયાત્રા વગેરે તત્ત્વોએ પ્રવેશ કર્યો હતો.

**'તમારી પ્રગતિ ચકાસો'** (2)

1. ધર્મ, વિચારસરણી અને સમાજ વચ્ચેના સંબંધોની આશરે 12 પંક્તિઓમાં ચર્ચા કરો.

.................................................................................................

.................................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

અનુગુપ્ત સમયમાં વિચારસરણીએ શો ભાગ ભજવ્યો છે ? 10 પંક્તિઓમાં લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3. નીચેનામાંથી સાચાં વિધાનો સામે ✔ અને ખોટાં વિધાનો સામે ✘ નિશાની કરો :

(i) ભક્તિ, તાંત્રિકવાદ, તીર્થયાત્રા વગેરે ભૂમિ-અનુદાન આધારિત અર્થતંત્રનાં પરિણામો હતાં.

(ii) માઠ-સંઘ જેવા જૂથોની રચાનમાં ધાર્મિક વિચારસરણીએ કશો ભાગ ભજવ્યો ન હતો.

(iii) માર્ક્સે કહ્યું હતું કે, "ધર્મ એ પીડિતોનો નિઃશ્વાસ છે."

(iv) "ધર્મ એ લોકસમૂહનું અફીણ છે", એમ માર્ક્સે કહ્યું ન હતું.

(v) બ્રાહ્મણ-સાહિત્ય પૂર્વ મધ્યકાલમાં 400 કરતાં વધારે તીર્થોનો ઉલ્લેખ કરે છે.

## 6.5 સારાંશ

આ એકમમાં ત્રણ મુખ્ય મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે : (1) વિચારસરણીનો સૈદ્ધાંતિક વ્યાપ, (2) ધર્મ અને વિચારસરણી તથા સમાજમાં તેમનું સ્થાન અને (3) ઈસુના પ્રથમ સહસ્રાબ્દ દરમ્યાન ભારતીય ઇતિહાસ તથા સમાજની પશ્ચાદ્ભૂમિમાં વિચારસરણીના આ સિદ્ધાંતો કઈ રીતે લાગુ પડ્યા હતા, તે તપાસવું.

આમાંથી વિચારસરણીના સૈદ્ધાંતિક વ્યાપમાં,

- વિચારસરણીની નિશ્ચિત વ્યાખ્યા બાંધવામાં પડતી મુશ્કેલીઓ.
- વિચારસરણીમાં તેનાં સ્વરૂપ અને કાર્યો બાબત પડતા તફાવતો.
- સામાજિક દષ્ટિબિન્દુથી વિચારસરણીનો અભ્યાસ તથા તેના મૂળભૂત તત્ત્વો.
- માનસશાસ્ત્રીય દષ્ટિથી વિચારસરણીનાં મૂળભૂત અંગોની ચકાસણી અને વિચારસરણીની જનસમૂહને પ્રેરણા તથા દોરવણી આપવાની સુષુપ્ત શક્તિઓ વિષે ચર્ચા કરવામાં આવી છે.

સમાજમાં ધર્મ અને વિચારસરણીના સ્થાનને લગતા મુદ્દામાં,

- વિચારસરણીના પૃથક્કરણમાં આધુનિક અભિગમો, વિચારસરણી અમુક જ આકાર કઈ રીતે અને શા માટે લે છે, તથા તે કઈ રીતે કાર્ય કરે છે, તે તથા
- વિચારસરણીનાં સ્વરૂપ, ભૂમિકા અને કાર્યને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી છે.

તે પછી વિચારસરણીની આ સૈદ્ધાંતિક ચર્ચાઓમાંથી ઉપસ્થિત થતા મુદ્દાઓનો પ્રથમ સહસ્રાબ્દ દરમ્યાન(હડપ્પન સંસ્કૃતિથી 13મી સદી સુધીનો સમય)ના ભારતીય ઇતિહાસની પશ્ચાદ્ભૂમાં લાગુ પાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આમાં,

- ધાર્મિક વિચારોની સ્વાયત્તતા વિષેની માન્યતાની નિર્બળતા,
- ધર્મ અને વિચારસરણીનાં પ્રભુત્વ અને વારસા વિષે થયેલી અતિશયોક્તિઓ,
- અનુગુપ્ત કાળમાં ભૂમિ-દાનની દાર્શનિક ભૂમિકા.
- સમાજમાં એક વિચારસરણી તરીકે ધર્મની ભૂમિકા, ખાસ કરીને જનસમૂહને પ્રભાવિત કરનારી તેની સુષુપ્ત શક્તિઓ વિષે વધારે અભ્યાસની જરૂર,

વગેરે મુદ્દાઓ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

## 6.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' (1)**

1. આ પ્રશ્નનો ઉત્તર પેટા વિભાગ 6.1.1માંથી મળશે.
2. ઉત્તર માટે જુઓ પેટા વિભાગ 6.1.2.
3. આ પ્રશ્નના ઉત્તર માટે જુઓ, પેટા વિભાગ 6.1.3.

**'તમારી પ્રગતિ ચકાસો' (2)**

1. તમારા ઉત્તર માટે પેટા વિભાગ 6.2માં આપવામાં આવેલાં માર્ક્સ અને મેક્સ વેબરનાં મંતવ્યોનો ઉપયોગ કરો.
2. પેટા વિભાગ 6.4માં આપેલી માહિતીના આધારે ઉત્તર આપો.

(3) (i) ✔ (ii) ✘ (iii) ✔ (iv) ✘ (v) ✔

## 6.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**આલવાર :** દક્ષિણના વૈષ્ણવ સંતો
**મહાપાતક :** મોટું પાપ
**મંડપ :** મંદિર કે મહેલમાં છત બાંધેલી જગ્યા
**નાયનવાર :** દક્ષિણના શૈવ સંતો
**પ્રાકાર :** મંદિર કે મહેલમાં દીવાલબંધ આંગણ
**પ્રાયશ્ચિત્ત :** પાપનો પસ્તાવો અને તે માટે કરવામાં આવતી વિધિ
**રાજસૂય યજ્ઞ :** વૈદિક યજ્ઞ
**વીરગલ :** પાળિયા

# એકમ 7 પ્રાદેશિક સાંસ્કૃતિક પરંપરાઓનો વિકાસ (Development of Regional Cultural Traditions)

## રૂપરેખા


7.0 પ્રસ્તાવના
7.1 મંદિર-સ્થાપત્ય
  7.1.1 મંદિર-સ્થાપત્યની મુખ્ય શૈલીઓ
  7.1.2 મંદિરોના પ્રમુખ દેવતાઓ
  7.1.3 મંદિરોના આકાર, આયોજન અને તેને માટેની ખાસ ભાષા
  7.1.4 પર્યાવરણીય ભૂમિકા, કાચો માલસમાન અને પ્રાદેશિકીકરણ
  7.1.5 સુશોભનોની ભૂમિકા
7.2 મંદિર-નિર્માણના કાર્યક્રમનું આયોજન
7.3 ભારતીય મંદિરોનો સમય અને પ્રદેશ અનુસાર પ્રસાર
7.4 મંદિરો અને ભારતીય સાંસ્કૃતિક સંકુલ
7.5 શિલ્પકલા : પાષાણ અને ધાતુની મૂર્તિઓ
7.6 ચિત્રકલા, માટીકામની કલા અને 'મધ્યકાલીન તત્ત્વ'
7.7 શિક્ષણ અને વિદ્યા
7.8 સ્થાનિક ઐતિહાસિક વૃત્તાંતો અને સ્થાનિક સંવત્સરો
7.9 ધર્મમાં નવાં વલણો
7.10 સારાંશ
7.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
7.12 ચાવીરૂપ શબ્દો


## 7.0 પ્રસ્તાવના

ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓના નિર્માણની દૃષ્ટિએ ઈસુની 8મીથી 13મી સદી સુધીનો સમય વિશિષ્ટ રીતે નોંધપાત્ર છે. આ સમયની સાંસ્કૃતિક પરંપરાઓનું સૌથી આગળ પડતું લક્ષણ હતું પ્રદેશવાદ. આ સમયની સંસ્કૃતિનાં બધાં જ પાસાંઓમાં અર્થાત્ રાજકીય સત્તાના સંગઠનમાં, કે સાહિત્ય, કલા કે ધર્મના વિકાસમાં પણ, આ 'પ્રદેશવાદ'નું લક્ષણ સ્પષ્ટપણે તરી આવે છે. એ હકીકત નોંધપાત્ર છે કે, આ સમયના મહત્ત્વના આર્થિક ફેરફારો આંધ્ર, આસામ, બંગાળ, ગુજરાત, કર્ણાટક, કેરળ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, રાજસ્થાન, તામિલનાડુ વગેરે જેવા પ્રાદેશિક સાંસ્કૃતિક એકમોના ઉદ્ભવ માટે સામાન્ય રીતે જવાબદાર હતા. આગળ (વિભાગ 1માં) આપણે જોયું છે તે પ્રમાણે, આ સમયે કૃષિ-વિકાસને કારણે તથા બિન-કૃષિ ક્ષેત્રો(વ્યાપાર, ઉદ્યોગ, વગેરે)માં આવેલાં પરિવર્તનોને કારણે, સામંતશાહી સ્વરૂપની સામાજિક-આર્થિક વ્યવસ્થાનું નિર્માણ થયું હતું, (આ વિભાગમાં એકમ 5 પણ જુઓ) અને (આપણે આગળ વિભાગ 3માં જોઈશું તેમ) આને કારણે રાજ્યતંત્રના માળખાને પણ અસર થઈ હતી. આ સંજોગોમાં આ નવાં પરિવર્તનોની અસર સાંસ્કૃતિક ક્ષેત્ર ઉપર પણ થાય તો તેમાં નવાઈ જેવું નથી.

કવિ વિશાલદત્ત રચિત સંસ્કૃત નાટક **'મુદ્રારાક્ષસ'**(સામાન્ય રીતે તે પાંચમી સદીમાં લખાયેલું હોવાનું મનાય છે)માં જુદા જુદા પ્રદેશોના લોકોનું, તથા તેમના રિવાજો, પોશાક, ભાષા વગેરેનું વર્ણન છે. 7મી સદીના પૂર્વાર્ધમાં ભારતમાં આવેલો ચીની યાત્રાળુ હ્યુ-એન-ત્સાંગ કેટલીક (પ્રાદેશિક) 'રાષ્ટ્રીયતા'ઓનો ઉલ્લેખ કરે છે. 8મી સદીમાં ગુજરાતમાં લખાયેલા જૈન ગ્રંથ **'કુવલયમાલા'**માં 18 જેટલી મુખ્ય 'રાષ્ટ્રીયતા'ઓનું તથા 16 પ્રકારની માનવજાતિઓનું, તેમનાં લક્ષણો, તેમનાં માનસિક વલણો અને તેમની ભાષાઓનાં ઉદાહરણો સહિત, નિરૂપણ કરવામાં આવ્યું છે જ્યારે 13મી સદીમાં બંગાળમાં લખાયેલા **'બ્રહ્મવૈવર્ત પુરાણ'**માં **દેશભેદ** (પ્રાદેશિક વિભિન્નતાઓ) વિષે વિશદતાથી સમજૂતી આપવામાં આવી છે. આમ, આ સમયનાં સાહિત્યિક

આધારસાધનોમાંથી પ્રાદેશિક સાંસ્કૃતિક પરંપરાઓનું સારું દર્શન મળી રહે છે. પરંતુ તેનું સૌથી નોંધપાત્ર નિદર્શન સ્થાપત્ય-કલા(ખાસ કરીને મંદિર-સ્થાપત્ય)માં જોવા મળે છે.

## 7.1 મંદિર-સ્થાપત્ય (Temple Architecture)

પ્રાચીન સમયથી ભારતમાં મંદિર એ લોકોની સમગ્ર જીવન-પ્રણાલીનું એક પ્રતીક બની રહ્યું છે. પરિણામે શરૂઆતથી જ મંદિરના સ્થાપત્ય વિષે બહુ ઝીણવટભરી વિચારણા કરવામાં આવી છે. આ સમયના મંદિર-સ્થાપત્યનું સમય અને પ્રદેશ એમ બંને દૃષ્ટિએ અવલોકન કરી શકાય. ઈસુની પ્રથમ સહસ્રાબ્દીની મંદિર-સ્થાપત્યની કથા એટલે પાંચમી સદીમાં સાંચીમાં તદ્દન સાદી શરૂઆતથી લઈને કાંચી અને મદુરાઈનાં ભવ્ય મંદિરો સુધીની મંદિર-સ્થાપત્યની ભવ્ય યાત્રા. પ્રાચીન સમયના શિલ્પશાસ્ત્રના જે કેટલાક ગ્રંથોમાં મંદિર-સ્થાપત્યના વિષયની ચર્ચા કરવામાં આવી છે, તેમાંથી આગળ પડતા ગ્રંથોનાં નામ આ પ્રમાણે છે : **માયામત, માનસાર, શિલ્પરત્ન, કામિકાગમ, કાશ્યપશિલ્પ, અપરાજિતમૃચ્છા** અને **ઈશાનગુરુદેવ પદ્ધતિ.** આમાંના મોટા ભાગના ગ્રંથોમાં આ વિષયનું ત્રણ વિભાગોમાં નિરૂપણ કરવામાં આવ્યું છે : ભૌગોલિક (અથવા તો પ્રદેશવાર) વહેંચણી; આકારની દૃષ્ટિએ તેમનામાં રહેલી ભિન્નતા; અને તેમના મુખ્ય દેવતા તથા વર્ણો (જ્ઞાતિઓ).

જોકે બધા જ ગ્રંથોમાં આ બધા મુદ્દાઓનો ઉલ્લેખ નથી થયો. પાછળથી લખાયેલા **'કામિકાગમ'** અને **'કાશ્યપશિલ્પ'** જેવા ગ્રંથોમાં મંદિર-સ્થાપત્યની ભિન્નતા માત્ર આકારને કારણે જ નહીં, પરંતુ મંદિરનાં સુશોભન-શિલ્પો, શિખરના મજલાઓની સંખ્યા, પ્રાસાદોનું કદ વગેરેને કારણે પણ ગણાવવામાં આવી છે.

### 7.1.1 મંદિર-સ્થાપત્યની મુખ્ય શૈલીઓ (Major Styles of Temple Architecture)

શિલ્પશાસ્ત્રોને લગતા પ્રાચીન ગ્રંથોમાં મંદિર-સ્થાપત્યની મુખ્ય ત્રણ શૈલીઓ ગણાવવામાં આવી છે : **નાગર, દ્રાવિડ** અને **વેસર**. આ શૈલીભેદ મંદિરના તલમાંન તથા ઊર્ધ્વમાન એ બંનેને કારણે પડે છે. **નાગર શૈલી**નાં મંદિરોનું તલમાન સામાન્ય રીતે ચોરસ હોય છે, પરંતુ તેની દરેક બાજુમાં એક પછી એક નાના થતા જતા કેટલાક પ્રક્ષેપ કાઢવામાં આવે છે. આથી એ છેવટે તારાકાર (તારા જેવા આકારનું) દેખાય છે. તલમાનમાં ગોઠવેલો એનો આ આકાર તેના ઊર્ધ્વમાનમાં પણ પ્રસારવામાં આવે છે. ઊર્ધ્વમાનમાં ગર્ભગૃહ ઉપર આવેલા શિખરમાં આ તલમાન ઉપર જતાં ધીમે ધીમે સાંકડું થતું જાય છે, પરંતુ તેની ઊભી રેખાઓ સળંગ અને અખંડિત રીતે અંદર વળતી હોય છે, (દા.ત. ઓરિસ્સાના ભુવનેશ્વરનું લિંગરાજ મંદિર). તારાકાર તલમાન અને રેખાન્વિત શિખર એ મંદિર-સ્થાપત્યની નાગર શૈલીનાં વિશિષ્ટ લક્ષણો છે (નાગર શૈલીનાં શિખરોના નમૂના માટે જુઓ ચિત્ર નં 1).

**દ્રાવિડ શૈલી**નાં મંદિરોનાં તલમાનો અષ્ટકોણ કે ષટ્કોણ હોય છે. તેમાં ચોરસ ગર્ભગૃહને ફરતો ઢાંકેલો પ્રદક્ષિણાપથ રાખીને તેની ફરતો મોટો ચોરસ રાખવામાં આવે છે, અને તેની દીવાલની બહારની બાજુમાં અર્ધસ્તંભો વડે ગોખલા કાઢવામાં આવે છે. દ્રાવિડ શૈલીનું આનાથી પણ વિશિષ્ટ લક્ષણ એના શિખરના ભિન્ન આકારમાં રહેલું છે. આ શિખર ઉપર જતાં સાંકડા થતા જતા અલગ અલગ મજલાઓનું બનેલું હોય છે. આ મજલાઓની વચ્ચે કાટખૂણાકાર ખાંચા પડે છે અને તેમાંના સૌથી ઉપલા મજલા ઉપર ઘુમ્મટાકાર સ્તુપી (નાની ટોચ) હોય છે. નાગર શૈલીના શિખરનો ઝોક ઊભો હોય છે, જ્યારે દ્રાવિડ શૈલીનાં શિખરનો ઝોક આડો હોય છે. આને કારણે આ બે શૈલીનાં મંદિરો દૂરથી પણ જુદાં તરી આવે છે (દ્રાવિડ શૈલીનાં મંદિરના નમૂના માટે જુઓ ચિત્ર નં 24).

**વેસર શૈલી**નાં મંદિરોનું તલમાન વર્તુળાકાર અથવા અર્ધ-વર્તુળાકાર હોય છે. પરંતુ તેના ઊર્ધ્વમાન કે શિખરમાં ખાસ વિશિષ્ટતા જોવા મળતી નથી. વાસ્તવમાં તેમાં નાગર અને દ્રાવિડ એ બંને શૈલીઓનું મિશ્રણ જોવા મળે છે. આને કારણે તેને 'મિશ્ર શૈલી' પણ કહેવામાં આવે છે. જોકે મહદંશે એ દ્રાવિડ શૈલીનો જ પ્રકાર છે, અને તેમાં નાગર શૈલીનાં તો અમુક ગૌણ અંશો જ ઉમેરાયા છે. આ મંદિરોનાં શિખરો દ્રાવિડ શૈલીના હોઈ એમાં ઉપર જતાં નાના થતા જતા આડા મજલા નજરે પડે છે. એની ટોચ ઘુમ્મટના આકારની હોય છે. આ શિખરની ઊંચાઈ

ઘણી ઓછી હોય છે અને એમાં શિખરની નાની નાની પ્રતિકૃતિઓ કાઢવામાં આવે છે. આગળ જતાં ગોખલા ઘાટનાં સુશોભનોની ઊભી શ્રેણી દ્વારા તેમાં નાગર શૈલીનું તત્ત્વ ઉમેરાયું.

**નાગર શૈલી** મુખ્યત્વે હિમાલય અને વિંધ્યપર્વત વચ્ચે આવેલા ઉત્તર ભારતમાં, **દ્રાવિડ શૈલી** કૃષ્ણા અને કન્યાકુમારી વચ્ચે આવેલા દ્રાવિડ દેશમાં, અને **વેસર શૈલી** વિંધ્યપર્વત અને કૃષ્ણા નદી વચ્ચે આવેલા દખ્ખણ-પ્રદેશમાં પ્રચલિત હતી. નાગર અને દ્રાવિડ શૈલીઓનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો પૂર્વ મધ્યકાળમાં ખીલ્યાં હતાં, એટલું જ નહીં, પરંતુ જુદા જુદા પ્રદેશોમાં તેનાં અમુક પ્રાદેશિક સ્વરૂપો પણ ઘડાવા લાગ્યાં હતાં. **'અપરાજિત પૃચ્છા'**માં નાગર શૈલીને **'મધ્યદેશ'** (ગંગા-જમનાના મેદાનોનો પ્રદેશ) પૂરતી મર્યાદિત ગણી છે, જ્યારે **લાટી** (ગુજરાતમાં) અને **વૈરાટી**(રાજસ્થાનમાં)ને જુદી શૈલીઓ (અર્થાત્ નાગર શૈલીનાં પ્રાદેશિક સ્વરૂપો) ગણી છે. ઓરિસ્સાની સ્થાનિક હસ્તપ્રતોમાં ઓરિસ્સા-શૈલીનાં મંદિરોના **રેખા, ભદ્ર, ખાખરા** અને **ગૌડિય** એમ ચાર પ્રકારો ગણવામાં આવ્યા છે.

વળી, **નાગર શૈલી**નાં મંદિરો દખ્ખણમાં છેક ધારવાડ (કર્ણાટક) સુધી, જ્યારે દ્રાવિડ શૈલીનાં થોડાં મંદિરો ઉત્તરમાં ઇલોરા (મહારાષ્ટ્ર) અને ઔરંગાબાદ જિલ્લા સુધી (તથા અપવાદરૂપે છેક ગ્વાલિયર અને વૃંદાવન સુધી) જોવા મળે છે. તેથી મંદિર-સ્થાપત્યની શૈલી માટે ઉત્તર ભારતનાં મંદિરો નાગર શૈલીનાં, અને દક્ષિણ ભારતનાં દ્રાવિડ શૈલીનાં, એવા બે સરળ પ્રાદેશિક વિભાગો પાડવાનું સલાહભર્યું નથી. ઉપરાંત, અમુક સમયે એક યા બીજા પ્રદેશની સ્થાપત્ય શૈલીએ એક યા બીજા પ્રદેશની શૈલી ઉપર અસર પાડી હોય, તેમ પણ બનવાજોગ છે. ઉદાહરણ તરીકે, શરૂઆતના ચૌલુક્ય રાજવીઓનાં મંદિરો. 7મી અને 8મી સદીમાં ચૌલુક્યોનો પ્રભાવ દક્ષિણમાં છેક મધ્ય ભાગ સુધી વિસ્તર્યો હતો. તેને કારણે તેમનાં મંદિરોમાં તે પ્રદેશોની શૈલીની અસર આવે તે સ્વાભાવિક છે. એવું જ બીજું નોંધપાત્ર ઉદાહરણ ખજૂરાહોના કંદારિયા મહાદેવના મંદિરનું છે. આ મંદિરના સ્થાપત્યમાં જુદી જુદી ઘણી સ્થાપત્ય-શૈલીઓનો સમન્વય થયેલો છે. તે જ રીતે કેરળનાં મંદિરોમાં પણ તેમનાં તલમાનના પ્રકારોમાં વિવિધતા (ચોરસ, વર્તુળાકાર અર્ધ-વર્તુળાકાર વગેરે) જોવા મળે છે.

### 7.1.2 મંદિરોના પ્રમુખ દેવતાઓ (Presiding Deities)

ત્રણેય શૈલીઓનાં મંદિરોમાં સામાન્ય રીતે પ્રમુખ દેવતા તરીકે કાં તો શિવ, અથવા વિષ્ણુ કે શકિતની પ્રતિષ્ઠા કરવામાં આવતી. જોકે મંદિરોમાં આ મુખ્ય દેવતા ઉપરાંત નાનામોટા, રૌદ્ર-સૌમ્ય, આકાશના અને વાયુમંડલના, એવા અનેક દેવી-દેવતાઓને, તથા યક્ષ-યક્ષિણીઓ, કિન્નરો, અપ્સરાઓ વગેરેને પણ સ્થાન આપવામાં આવતું; એટલું જ નહીં, પરંતુ પુરાણોમાં ઉલ્લેખાયેલા દેવી-દેવતાઓનાં વાહનો, જેવાં કે શિવનું વાહન નંદી (બળદ), દુર્ગાનું સિંહ, લક્ષ્મીનું હાથી, સરસ્વતીનું હંસ, ગંગા નદીનું મગર, યમુનાનું કાચબો, વિષ્ણુનું ગરુડ, ગણપતિનું ઉંદર, વગેરેને પણ મંદિરોમાં પ્રતિષ્ઠાભર્યું સ્થાન આપવામાં આવતું. **'કાશ્યપશિલ્પ'**માં કઈ શૈલીના મંદિરમાં કયા દેવની પ્રતિષ્ઠા કરવી, તે વિષે એક આખું પ્રકરણ આપવામાં આવ્યું છે. ઉદાહરણ તરીકે, **નાગર શૈલી**નાં મંદિરોમાં **શાંત મૂર્તિ**(અર્થાત્, સૌમ્ય, ગંભીર, દેવ)ની, **વેસર શૈલી**નાં મંદિરોમાં દેવ-દેવીની યુગલ મૂર્તિની અથવા ચલિત મૂર્તિની અને **દ્રાવિડ શૈલી**માં વીર, રૌદ્ર અથવા નૃત્ય કરતા દેવતાઓની મૂર્તિની સ્થાપના કરવાનું સૂચવવામાં આવ્યું છે. જોકે સ્થાપત્ય શૈલીઓની જેમ મૂર્તિઓની બાબતમાં પણ આ નિયમોનું અક્ષરશઃ પાલન કરવામાં આવતું હશે તેમ માની શકાય નહીં. તે જ રીતે **નાગર** શૈલીને **બ્રાહ્મણવર્ણ** સાથે, **દ્રાવિડ** શૈલી **ક્ષત્રિયો** સાથે, અને **વેસર** શૈલી **વૈશ્યો** સાથે સંકળાયેલી હોવાના ઉલ્લેખોને પણ શબ્દશઃ માની લેવાની જરૂર નથી.

**'તમારી પ્રગતિ ચકાસો' (1)**

1. આપણને પ્રાદેશિક-સાંસ્કૃતિક એકમો વિષેની માહિતી કંઈ રીતે મળે છે ? (પાંચ લીટીઓમાં જવાબ લખો.)

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

2. મંદિર-સ્થાપત્યને લગતા 6 મુખ્ય ગ્રંથોનાં નામ આપો.
   (i) .............................. (ii) ..............................
   (iii) .............................. (iv) ..............................
   (v) .............................. (vi) ..............................

3. મંદિર-સ્થાપત્યની ત્રણ મુખ્ય શૈલીઓ તથા તેના ભૌગોલિક વિસ્તારોની યાદી બનાવો. (6 વાક્યો લખો.)
   ..............................................................................................
   ..............................................................................................
   ..............................................................................................
   ..............................................................................................
   ..............................................................................................
   ..............................................................................................

4. જુદી જુદી શૈલીઓનાં મંદિરોમાં પ્રતિષ્ઠિત કરાતા પ્રમુખ દેવતાઓની યાદી બનાવો. (50 શબ્દો.)
   ..............................................................................................
   ..............................................................................................
   ..............................................................................................
   ..............................................................................................
   ..............................................................................................

### 7.1.3 મંદિરોના આકાર, આયોજન અને તેને માટેની ખાસ ભાષા (Shapes, Plans and Special Language of Temples)

મંદિર-સ્થાપત્યના વિવિધ વિભાગોની ઓળખ માટે આગવી ભાષા અને ટેક્નિકલ શબ્દોનો ઉપયોગ થાય છે.

મંદિરના ભોંયતળિયાના વિભાગને **તલમાન** (કે **તલદર્શન**), અને ભોંયતળિયાની ઉપરના છેક શિખર સુધીના બાંધકામને **ઊર્ધ્વદર્શન** કહેવામાં આવે છે. તલદર્શનમાં સામાન્ય રીતે **ગર્ભગૃહ મંડપ** (**ગૂઢમંડપ** અથવા **સભામંડપ**), **શૃંગારચોકી** (કે મુખમંડપ), **પ્રદક્ષિણાપથ** અને **અંતરાલ**નો સમાવેશ થાય છે. મંદિરના મુખ્ય ભાગ(જ્યાં દેવની પ્રતિષ્ઠા કરવામાં આવે છે)ને **ગર્ભગૃહ** કહે છે. તેની ઉપરના ભાગને **વિમાન** કહે છે. ગર્ભગૃહની આગળના ભાગ(જ્યાં ભક્તો ઊભા રહીને દેવનાં દર્શન કરે છે)ને **મંડપ** કહેવામાં આવે છે. ઓરિસ્સાનાં મંદિરોમાં મંડપને **'જગમોહન'** કહેતા. કર્ણાટકનાં વેસર શૈલીનાં મંદિરોના મંડપ **'નવરંગ'**ના નામથી ઓળખાતા. મુખ્ય મંડપની સાથે તેની પ્રવેશચોકી રાખવામાં આવે છે, જે **'શૃંગારચોકી'** (કે મુખમંડપ) કહેવાય છે. ક્યારેક મોટા મંદિરોમાં શૃંગારચોકી મંડપની આગળ તથા તેની બંને બાજુએ પણ કરવામાં આવતી. **'સમરાંગણસૂત્રધાર'**માં શૃંગારચોકીને **'પ્રાગ્રીવ'** તરીકે ઓળખાવેલી છે. ગુજરાતના બ્રાહ્મણધર્મી મંદિરોમાં મુખ્યત્વે એક જ ચોકી બનાવવામાં આવતી; તેને શાસ્ત્રગ્રંથોમાં **'સુભદ્ર'** તરીકે ઓળખાવેલ છે; જ્યારે જૈન મંદિરોમાં **'ત્રિકમંડપ'**(ત્રણ બાજુએ આવેલી ત્રણ ચોકીઓ અથવા મંડપની આગળ એક જ સૂત્રમાં આવેલી ત્રણ ચોકીઓ)ની રચના થતી. તેનાં વિવિધ સ્વરૂપો **'ત્રિચોકી'**, **ષટ્ચોકી** (છ ચોકી) કે **નવચોકી** રૂપે વિકસ્યાં હતાં.

કેટલાંક મોટાં મંદિરોમાં મુખ્ય મંડપની આગળ વધારાના મંડપની પણ રચના કરવામાં આવતી. આ સંજોગોમાં ગર્ભગૃહની આગળનો મુખ્ય મંડપ ચોતરફ દીવાલોથી ભરી દઈને એને **ગૂઢમંડપ**નું સ્વરૂપ અપાતું. તેની આગળ ઉમેરેલો વધારાનો મંડપ (જે ઘણું કરીને ચારે બાજુએ આખો કે અર્ધખુલ્લો રખાતો, તે) **સભામંડપ** કે **રંગમંડપ** તરીકે ઓળખાતો. ઓરિસ્સાનાં મંદિરોમાં (દા.ત. કોણાર્કના પ્રસિદ્ધ સૂર્યમંદિરમાં) દેવની ભવ્યતા દર્શાવવા માટે વધારાના **નાટમંડપ** (નૃત્ય માટેની

બાંધેલી જગ્યા) અને **ભોગમંડપ** (દેવને જાતજાતના ભોગ ધરાવવા માટેની બાંધેલી વિશાળ જગ્યા) ઉમેરવામાં આવતા.

ગુજરાતના સોલંકીકાલીન મંદિરોમાં મંડપની છાવરણ(છાપરા)ને ટેકવવા માટે મંડપની વચ્ચે આઠ સ્તંભો રચવામાં આવતા. એના ખૂણાઓમાં તથા પ્રક્ષેપોમાં બીજા ચાર, આઠ, બાર, સોળ, ચોવીસ કે તેનાથી પણ વધારે સ્તંભો કરવામાં આવતા. મંડપ ઉપરના છાવરણને **સંવરણા** (સામરણ) કહેતા. આ છાવરણને અંદરથી મંડપના આઠ સ્તંભો ઉપર ટેકવવામાં આવતું, અને બહારથી તેને પિરામિડ આકારનું બનાવવામાં આવતું.

ગર્ભગૃહ અથવા વિમાન અને મંડપને જોડતા નાના, લંબચોરસ ખંડને **અંતરાલ** કહેતા. ગર્ભગૃહની ફરતે તેની દીવાલને અનુસરીને, ભક્તજનો દેવની પ્રદક્ષિણા કરી શકે તે માટે, વર્તુળાકાર માર્ગ કરવામાં આવતો, જે **પ્રદક્ષિણાપથ** કહેવાતો.

મોટાં મંદિરોની ફરતે કોટ (કિલ્લો) કરવામાં આવતો, જેને પ્રાકાર કહેતા. તેનું મુખ્ય પ્રવેશદ્વાર **બલાનક** તરીકે ઓળખાતું. ગુજરાતનાં જૈન મંદિરોમાં **પ્રાકાર**ની અંદરની બાજુએ સ્તંભાવલિ-વાળી **ભમતી** કાઢી, કોટની દીવાલને અડીને નાના ગર્ભગૃહોની રચના કરવામાં આવતી. મંદિરમાં પણ એક કરતાં વધારે ગર્ભગૃહોનું આયોજન કરવામાં આવતું. એક ગર્ભગૃહવાળાં મંદિરો **એકાયતન**, બે ગર્ભગૃહવાળાં **દ્વયાયતન** (આમાં મોટે ભાગે બંને ગર્ભગૃહો મંડપને કાટખૂણે આવેલાં રાખવામાં આવતાં) અને ત્રણ ગર્ભગૃહોવાળાં **ત્રયાયતન** કહેવાતાં (આમાં ત્રણ ગર્ભગૃહો મંડપની ત્રણ બાજુએ એક એક, રીતે રચાવામાં આવતાં). ગુજરાતમાં આવાં ત્રણ ગર્ભગૃહોવાળાં મંદિરો **ત્રિપુરુષપ્રાસાદ** કહેવાતાં. **પંચાયતન** પ્રકારના મંદિરમાં મધ્યના મુખ્ય મંદિરની જગતી(ઓટલા)ને ચારેય છેડે એક એક મંદિરની રચના કરવામાં આવતી. આ સમયનાં ગુજરાતનાં કેટલાંક જૈન મંદિરોમાં મુખ્ય મંદિરની ચારેય બાજુએ પડાળીમાં દેવકુલિકાઓની હારમાળા કરવામાં આવતી. આવી દેવકુલિકાઓ 24 હોય તો **ચોવીસી**, બાવન હોય તો **બાવન જિનાલય** અને 72 હોય તો **બોતેર જિનાલય**ના નામે ઓળખાતી.

**ઊર્ધ્વદર્શન :** આ સમયનાં મંદિરો મોટે ભાગે વિશાળ **જગતી** (ઓટલા) ઉપર બાંધવામાં આવતાં. એના ઉપર આવેલી ઉભડક રચના **પીઠ**ના નામે ઓળખાતી. પીઠનું મથાળું સમગ્ર મંદિરનું ભોંયતળિયું બની રહેતું. ગર્ભગૃહની દીવાલો અને શૃંગારચોકી તથા મંડપની દીવાલો, સ્તંભો વગેરે આ પીઠ ઉપર મંડાયેલાં રહેતાં.

**પીઠ**ની બહારના ભાગે ભરચક કોતરણી અને અંદરના ભાગે સાદી રચનાવાળી ગર્ભગૃહની દીવાલ **મંડોવર** તરીકે ઓળખાતી. **ગૂઢમંડપ**ની દીવાલો પણ એ જ નામે ઓળખાતી. પરંતુ મંડપ ખુલ્લો, એટલે કે સભામંડપ કે રંગમંડપ પ્રકારનો હોય તો **પીઠ**ની ઉપર **વેદિકા** નામે ઓછી ઊંચાઈની દીવાલ અને એના ઉપર વામન, એટલે કે ઓછી ઊંચાઈના સ્તંભોની રચના કરવામાં આવતી. આ જ પ્રકારની રચના **શૃંગારચોકી**માં પણ થતી. મંદિરનાં ગર્ભગૃહ, મંડપ વગેરેની દીવાલ અંદરની બાજુએ સાદી કરવામાં આવતી, પરંતુ બહારની બાજુએ અનેક પ્રકારનાં નિર્ગમો કે ફાલના કે નાસિકાની રચના કરી એમનો સમગ્ર ઘાટ તારાની આકૃતિનો બનાવવામાં આવતો. દીવાલની મધ્યમાં આવેલ પ્રમુખ નાસિકાને **ભદ્ર** કહેતા.

**મંડોવર** ઉપર ઢાંકણ તરીકે વપરાતો કંદોરા જેવો થર **પ્રહાર**ના નામે ઓળખાતો. **ગર્ભગૃહ**ની ઉપરના પ્રહારની ઉપર શિખરની, **અંતરાલ** ઉપરના પ્રહારની ઉપર **શુકનાસની** અને મંડપ તથા શૃંગારચોકીની ઉપર સમતલ છાવરણ કે છત(જે **વિમાન** કહેવાતી)ની અથવા અર્ધવર્તુળાકાર ઘુંમટ(કરોટક)ની, રચના કરવામાં આવતી. એની બહારના ચોતરફ પગથિયાવાળા ઘાટને **સંવર્ણા** કહેતા.

મંદિરની **પીઠ**ને તથા **મંડોવર**ને વિશિષ્ટ પ્રકારના સમતલ થરો વડે વિભૂષિત કરવામાં આવતી. મોટાં મંદિરોની પીઠમાં ઉપરના થરોની ઉપર **ગજથર, અશ્વથર** અને **નરથર**ની રચના કરવામાં આવતી. **અશ્વથર** અને **ગજથર**માં ઘોડા તથા હાથીના વિવિધ અંગભંગીવાળાં શિલ્પો તથા **નરથર**માં માનવજીવનની વિવિધ પરિસ્થિતિઓ, આનંદપ્રમોદના પ્રસંગો, યુદ્ધો, શિકાર, સવારીઓ વગેરે કોતરવામાં આવતાં. ઓરિસ્સાનાં મંદિરોમાં નરથરમાં નરનારી યુગલોનાં કામોપભોગનાં આસનોનાં શિલ્પો પણ કોતરાયાં છે.

ગર્ભગૃહની મુખ્ય દીવાલ ઉપર **શિખર**ની માંડણી કરવામાં આવતી, પરંતુ એ દીવાલની ચારે બાજુના નિર્ગમો ઉપર **ઉરઃશૃંગો** (અડધિયાં શિખરો), **પ્રત્યાંગો** (ચોથિયાં શિખરો) અને **શૃંગિકા**ઓ (નાના કદની શિખરીઓ) વગેરેની રચના કરવામાં આવતી, જેને કારણે સમગ્ર શિખરનો દેખાવ પિરામિડ આકારનો બનતો. શિખરો તેમ જ તેની સાથે જોડાયેલાં આ તમામ અંગોની ઉભડક

રેખાઓ એકસરખી રીતે ચારેબાજુએથી અંદરની **બાજુએ** વળાંક લેતી ટોચ (જેને **સ્કંધ** કહેતા) પાસે કેન્દ્રિત થતી, અને એના પર આમલક **તથા અંડક**(કે ઈંડક)થી વિભૂષિત **કળશ**ની રચના કરવામાં આવતી.

મંદિરના પ્રવેશદ્વારને **તોરણ** (કે **કીર્તિતોરણ**) કહેતા. આ તોરણને મંડપ વગેરેના સ્તંભ-અંતરાલના ઉપરના ભાગે બે સ્તંભોની વચ્ચે સામસામા મકરમુખમાંથી પ્રગટતી માલા કે વંદનમાલિકા (જે **કમાન** કહેવાતી) રચીને બનાવવામાં આવતું

**દ્રાવિડ શૈલી**નાં મંદિરોમાં મુખ્ય અંગો (ગર્ભગૃહ વગેરે) તો નાગર શૈલીનાં મંદિરો જેવાં જ હોય છે, પરંતુ તેમની વિશિષ્ટતા તેમના **બહુકોણીય** (મોટે ભાગે અષ્ટકોણીય) **શિખરો** અને પિરામિડની જેવા સમચતુષ્કોણ કે લંબચોરસ **વિમાન**માં રહેલી છે. વળી, દ્રાવિડ શૈલીનાં મંદિરો તેમના વધારાના મંડપોના ઊંચા **ગોપુરમ્** (દ્વારસ્તંભો) માટે પણ પ્રખ્યાત છે. પલ્લવોના સમયમાં 7મી સદીનાં મહાબલિપુરમ્નાં રથમંદિરો અને ચોલોના પાટનગર તંજાપુર(તાંજોર)નું વિશાળ **બૃહદીશ્વર મંદિર** (ઈ.સ. 985-1012) એ દ્રાવિડ શૈલીનાં મંદિર-સ્થાપત્યનાં જ વિવિધ સ્વરૂપો છે (જુદી જુદી શૈલીનાં મંદિરોના નકશા માટે જુઓ, ચિત્રનં 3થી 8).

### 7.1.4 પર્યાવરણીય ભૂમિકા, કાચો માલસામાન અને પ્રાદેશિકીકરણ (Ecological Setting, Raw Materials and Regionalisation)

સ્થાપત્યની વિવિધ શૈલીઓના વિકાસમાં તથા તેને પ્રાદેશિક વિશિષ્ટતા પ્રદાન કરવામાં પર્યાવરણે અગત્યનો ભાગ ભજવ્યો છે. ઉદાહરણ તરીકે, ભારે વરસાદવાળા ભારતના પશ્ચિમ કિનારાના પ્રદેશોમાં તથા બંગાળમાં, મંદિરો ઢળતાં નાળિયાંનાં છાવરણવાળાં હોય છે, જ્યારે હિમાલય-પ્રદેશનાં મંદિરોનાં છાપરાં બરફ અને કરાનો સામનો કરી શકે તેવાં લાકડાનાં ઢળતાં છાવરણવાળાં હોય છે. સામાન્ય રીતે, જેમ આબોહવા ગરમ અને સૂકી, તેમ મંદિરનાં છાપરાં સપાટ બનાવવામાં આવે, તથા બેસવા માટે છાંયો પૂરો પાડે તેવા ખુલ્લા દ્વારમંડપો અને પ્રકાશ માટે પથ્થરની જાળીઓ વગેરેની રચના કરવામાં આવે. ઐહોલ(કર્ણાટક)ના પ્રસિદ્ધ ચૌલુક્ય લડખાન મંદિરની રચનાનાં ઘણાં લક્ષણો જાણે કે સીધેસીધા ત્યાંના કોઈ ગામડાના સભાગૃહનાં લક્ષણોમાંથી ઊતરી આવ્યાં હોય તેમ લાગે છે. જૈન દેરાસરોમાં જગ્યાની ફાળવણી તેમનાં પર્વત ઉપરના સ્થાનને આધારે નક્કી થતી. પર્વત ઉપરનાં જૈન સ્થાપત્યો એકાંતવાસ અને અલગપણાનું વાતાવરણ ખડું કરતાં હોય છે. ગુજરાતમાં પાલિતાણામાં શત્રુંજ્ય પર્વત ઉપરનાં જૈન મંદિરો, અને દક્ષિણ રાજસ્થાનમાં આબુ પર્વત ઉપરનાં દેલાવાડાનાં જૈન મંદિરો આનાં લાક્ષણિક ઉદાહરણો છે.

મંદિર-સ્થાપત્યની વિવિધ કારીગરીના વિકાસમાં કાચી માલસામગ્રીની પ્રાપ્યતા કે અપ્રાપ્યતાની પણ ઘણી અસર હતી. મૌર્યકાળ(ઈ.સ.પૂર્વે 3જી સદી)થી મંદિરો લાકડાને બદલે પથ્થરનાં બનાવવાની શરૂઆત થઈ હતી. 7મી સદીમાં પલ્લવ રાજા મહેન્દ્રવર્માએ મહાબલિપુરમ્નાં ગુફા-મંદિરોમાં ઈંટ, લાકડું અને રેતી-ચૂના જેવા નાશવંત પદાર્થોને બદલે સખત ગ્રેનાઇટ પથ્થરનો ઉપયોગ કરવાની શરૂઆત કરી હતી. સખત અને પારદર્શક ખડકોમાં ઝીણવટભર્યું નકશીકામ કરવાનું મુશ્કેલ બને, જ્યારે નરમ અને ભૂકરાવાળા પથ્થરમાં ચોકસાઈપૂર્વકનું નકશીકામ થઈ શકે છે. તે જ રીતે બટકણા અને પડવાળા પથ્થરોમાં પણ તેમના અણીદાર અને કોણવાળા સળોને કારણે કોતરણી તથા નકશીકામ કરવાનું સહેલું થઈ પડે છે. કર્ણાટકમાં 12મી અને 13મી સદીઓનાં બેલૂર અને હલેબીડનાં મંદિરોમાં આવા જ પથ્થરોમાં કોતરણી અને નકશીકામ કરવામાં આવ્યાં છે. જે જગ્યાએ સારા પથ્થરો મળી શકે તેમ ન હતા, ત્યાં બાંધકામમાં ઈંટોનો ઉપયોગ ચાલુ રહ્યો, અને ઈંટોમાં કોતરણી અને નકશીકામની કલાએ તે પ્રદેશની સ્થાપત્યશૈલીને વિશિષ્ટતા (જેમ કે, બંગાળનાં વિષ્ણુપુરનાં મંદિરો) આપવામાં મોટો ભાગ ભજવ્યો હતો; જ્યારે લાકડા અને વાંસની કારીગરીએ આસામના મંદિર-સ્થાપત્યને અનન્ય વિશિષ્ટતા અર્પી હતી. હિમાલય-ખીણના કુલુ, કાંગરા અને છાંબમાં પથ્થરનું એક પણ મંદિર જોવા મળતું નથી. અહીંનાં મંદિરોમાં ઇમારતી લાકડાં અને ઈંટોનો જ ઉપયોગ થયો છે. આ મંદિરોમાં પણ કાશ્મીરનાં મંદિરોની જેવાં જ ઢળતાં, ત્રિકોણાકાર કરાવાળાં છાપરાં છે, પરંતુ ફેર માત્ર એટલો છે કે, કાશ્મીરનાં છાપરાં પથ્થરનાં છે, ત્યારે અહીંનાં છાપરાં ઇમારતી લાકડાનાં છે.

### 7.1.5 સુશોભનોની ભૂમિકા (Role of Decorative Elements)

મંદિર-સ્થાપત્યમાં સુશોભનો અને અલંકરણોનું ઘણું મહત્ત્વનું સ્થાન હતું. આમાં પણ જુદા જુદા પ્રદેશોમાં અલંકરણોની જુદી જુદી શૈલીઓ વિકસી હતી. જોકે તેનાથી સ્થાપત્યમાં આગાઉ વર્ણવેલા

મૂળભૂત માળખાને કોઈ અસર પહોંચતી ન હતી.

સુશોભનની એક શૈલી **સ્તંભ-સુશોભન**ની હતી. આમાં શરૂઆતના પલ્લવ સમયના પથ્થરના સાદા, લંબચોરસ ટેકણિયાથી માંડીને હોયસળ મંદિરોમાંના સુંદર કોતરણીવાળા સ્તંભો સુધીની અનેક સુશોભન-શૈલીઓનો સમાવેશ થતો હતો. તેમાં પણ મદુરાઈ અને રામેશ્વરમ્‌નાં મંદિરોના પશુઓના શિલ્પ ઉપર આધારિત સ્ત્રીઆકૃતિના સ્તંભોની લાંબી હારમાળા આ સમયની સ્તંભ-સુશોભન કલાની ચરમ સીમા દર્શાવે છે (જુઓ, ચિત્ર નં. 25). ગુજરાતના સોલંકી-કાળનાં મંદિરોના સ્તંભોને અત્યંત સુશોભિત બનાવવામાં આવ્યા છે. આ સ્તંભોમાં સૌથી નીચે કુંભી, એ ઉપર સ્તંભ-દંડ અને એના ઉપર શિરાવટીની રચના કરવામાં આવી છે. કુંભી ઉપરના સ્તંભદંડનો ઘાટ ચોરસ, ગોળ, અષ્ટકોણીય અને ક્યારેક ષોડશકોણીય કરવામાં આવતો. કેટલીક વખત નીચેથી ચોરસ રચાતો સ્તંભદંડ મધ્યમાં અષ્ટકોણીય અને મથાળે ષોડશ કે વર્તુળાકાર ઘાટવાળો થતો. સ્તંભદંડ અને શિરાવટીને પત્રપુષ્પોથી વિભૂષિત મણિમેખલા, ઘટા-સાંકળી, ઘટ-પલ્લવ વગેરે શિલ્પ-પટ્ટીકાઓ તથા મૂર્તિશિલ્પોથી વિભૂષિત કરવામાં આવતાં. સ્તંભની શિરાવટી ઊંચી, પહોળી અને સુશોભિત બનાવાતી અને તેની આસપાસ ત્રાંસી પૂતળીઓ ગોઠવવામાં આવતી.

અન્ય સુશોભનોમાં સુંદર કોતરકામવાળા ગોખલા, મંડપો અને ઘોડાની નાળના આકારની બારીઓ (કુડુ – જુઓ, ચિત્ર નં. 9 અને 10)નો સમાવેશ થાય છે. આ સમયનું એકંદર સામાન્ય વલણ સુશોભનોને ઉત્તરોઉત્તર વધારતા જવાનું હતું. ઉદાહરણ તરીકે કુડુ (વાતાયન કે બારી). મહાબલિપુરમ્‌નાં મંદિરોમાં જે 'કુડુ' ચપટા પાવડા જેવા મોઢાવાળા છે, તે વિકાસ પામતા જઈને ચોલ-મંદિરોમાં સિંહની મુખાકૃતિવાળા બની જાય છે. વધુ ને વધુ અલંકરણોની આ પ્રક્રિયા ઉત્તર ભારતમાં પણ જોવા મળે છે. મધ્ય પ્રદેશમાં ખજૂરાહોના મંદિરમાં મંદિરના ગર્ભગૃહના **મંડોવર**માં ઝરૂખાવાળી બારીઓ અને એની વચ્ચેના ભાગમાં મોટી પ્રતિમાઓના બે કે ત્રણ પટ્ટ કાઢવામાં આવ્યા છે.

આ ઉપરાંત મંદિરની **પીઠ**ને અશ્વથર, ગજથર, નરથર વગેરે પ્રાણીઓ તથા મનુષ્યોનાં વિવિધ ક્રિયારત શિલ્પોથી શણગારવામાં આવતાં. **મંડોવર** ઉપર પણ દેવદેવીઓ, ગંધર્વો, કિન્નરો, અપ્સરાઓ વગેરેનાં શિલ્પો કોતરાતાં. મંદિરનાં **શિખરો**માં પણ વિવિધ સુશોભનો કરવામાં આવતાં. શરૂઆતનાં મંદિરોમાં શિખરને ફરતાં નાનાં ઉરઃશૃંગો (પેટા શિખરો) કરવામાં આવતાં નહીં, પરંતુ પછીના (ખાસ કરીને ઓરિસ્સાના, તથા ખજૂરાહોના અને સોલંકીકાલીન ગુજરાતનાં) મંદિરોમાં ઉરઃશૃંગો વડે શિખરને સુશોભિત બનાવામાં આવતું. **છત**ને પણ વિવિધ કલાત્મક રૂપાંકનો વડે સુશોભિત કરવામાં આવતી. પાછળથી મંદિરનાં તથા ગર્ભગૃહનાં **તોરણો**(કે કીર્તિતોરણો)ને પણ સુંદર શિલ્પાકૃતિઓથી શણગાવામાં આવતાં. ગુજરાતમાં મહેસાણા જિલ્લામાં વડનગરનાં, તથા સૌરાષ્ટ્રમાં ઘૂમલીનાં કીર્તિતોરણો આનાં સુંદર ઉદાહરણો છે.

ટૂંકમાં, ઉત્તરના કારીગરો અને શિલ્પીઓ મંદિરોની દીવાલ, છત અને શિખરને શણગારવામાં ઘણો રસ લેતા. આબુ પર્વત ઉપરનાં દેલવાડાનાં જૈન દેવાલયોમાં આરસની છતમાં કરવામાં આવેલું બારીક અને અદ્દ્‌ભુત કોતરકામ આનું જ્વલંત ઉદાહરણ છે.

**દખ્ખણ**માં પણ મૈસૂરમાં આવેલા હોયસળ રાજ્યના પાટનગર હલેબીડના હોયસળેશ્વરના મંદિરમાં સંયુક્ત **પીઠ** ઉપર નવ સળંગ સુશોભિત થરો કંડારેલા છે, જે દરેક થર 200થી વધુ મીટરની લંબાઈ ધરાવે છે. સરુથી નીચેના ગજથરમાં હાથીઓની એકંદરે બે હજારથી વધુ વિવિધ આકૃતિઓ કોતરેલી છે. **મંડોવર**ના નીચલા ભાગમાં દેવદેવીઓની લગભગ પૂરા કદની મોટી પ્રતિમાઓનો લગભગ 122 મીટર લાંબો સળંગ શિલ્પપટ છે. તે જ રીતે, મંડોવરનો ઉપલા ભાગ મંડપના સ્તંભો, કક્ષાસનો અને જાળીવાળી પડદીઓને પણ પ્રચુર શિલ્પોથી વિભૂષિત કરવામાં આવ્યાં છે. આ બધાં શિલ્પોમાં સૂક્ષ્મ શિલ્પકલાની અપાર સમૃદ્ધિ ઠલવાઈ છે. "સોનાનાં ઘરેણાંના ઘાટમાં જેવી બારીકાઈ જોવા મળે છે તેવી અદ્દ્‌ભુત બારીકાઈ આ પથ્થરની શિલ્પકૃતિઓમાં નજરે પડે છે." **ચોલમંડલમ્‌**માં તાંજોરના બૃહદીશ્વર(કે રાજરાજેશ્વર)ના મંદિરની ભવ્યતા અને રમણીયતા તેના શિખરને કારણે ઘણી વધી ગઈ છે. ઊંચા પિરામિડ આકારનું આ શિખર 13 આડા મજલાઓનું બનેલું છે, અને તેના પરના આડા પટ્ટાઓને **મંડોવર**ના ઊભા પ્રક્ષેપો વડે છેદીને આડાઊભાની અદ્દ્‌ભુત મિશ્ર અસર ઉપજાવવામાં આવી છે. તેનો પાયો 25 x 25 મીટર વિશાળ છે. એની ઘટતી જતી પહોળાઈ તેરમે મજલે ત્રીજા ભાગની થતાં તેની ઉપર ઘુમ્મટ ઘાટની સુંદર સ્તૂપિકા કરવામાં આવી છે, જે શિખરની રમણીયતામાં વધારો કરે છે.

પાંડ્યોનાં મંદિરોમાં મોટા મંદિરની આસપાસ અનેક સમાંતર **પ્રાકાર** કરવામાં આવતા, અને તે દરેક બાજુએ નાનામોટા **ગોપુરમ્** રચવામાં આવતા. આને કારણે સમસ્ત મહામંદિર એક નાના નગર જેવું લાગતું. ઉદાહરણ તરીકે, મદુરાનું સુંદરેશ્વર-મીનાક્ષી મંદિર. એમાં 27 જેટલા ભવ્ય, ઉત્તુંગ **ગોપુરમ્** કરેલા છે.

મલબાર, બંગાળ અને પૂર્વ તથા પશ્ચિમ હિમાલય પ્રદેશોનાં મંદિરોમાં એક કરતાં વધારે છતો સુશોભનની ગરજ સારતી. પશ્ચિમ કિનારાના પ્રદેશોનાં કે મલબારનાં મંદિરોમાં લાકડાની દીવાલો બનાવવામાં આવતી, જે લાકડાના કઠેરા જેવી લાગતી. જોકે 14મી સદીથી આવી પથ્થરની પણ દીવાલો બનાવવામાં આવતી. આવાં મંદિરોમાં કાં તો એકબીજાને ઢાંકી દેતા થરોવાળી ઢાળિયા-છતો, અથવા તો એકબીજાની ઉપર આવી જતી ચડઊતરિયા ઢાળિયા-છતોના થરો રચવામાં આવતા. આને કારણે તેમનો દેખાવ અનેક ઢાળિયાં છાપરાંવાળાં ચીની કે નેપાળી મંદિરો જેવો લાગતો.

પશ્ચિમ હિમાલયમાં કાશ્મીર-ખીણમાં મંદિરોને બે કે ત્રણ છતો રાખવામાં આવતી. મૂળ તો આ લાકડાની આવી જ છતોનું અનુકરણ હતું. લાકડાની છતોમાં બે છતો વચ્ચે હવા અને પ્રકાશ માટે ખાલી જગ્યા રાખવામાં આવતી,જ્યારે પથ્થરની છતોમાં આ ખાલી જગ્યાને સુશોભનો વડે પૂરી દેવામાં આવતી. ઉપરાંત, આ બધી છતોમાં મધ્યકાલીન યુરોપનાં સ્થાપત્યોમાં હોય છે તેવી બારીઓ જડવામાં આવતી. કાશ્મીરમાં આ પ્રકારની છતો પન્દ્રેથનનાં શિવમંદિરમાં, તથા માર્તંડના સૂર્યમંદિરમાં જોવા મળે છે. બંગાળમાં તે પ્રદેશમાં બનતા ઘાસ-પાનનાં ઝૂંપડાંઓ જેવા આકારનાં મંદિરો પણ બનાવવામાં આવતાં. વિષ્ણુવીરના કેષ્ટારાયનાં પ્રસિદ્ધ મંદિરમાં, તથા અન્ય મંદિરોમાં ચોરસ અથવા લંબચોરસ ભૂમિકા ઉપર વિવિધ પ્રકારની છતો બનાવવામાં આવી છે. (જુદા જુદા પ્રકારની છતોના નમૂનાઓ માટે જુઓ ચિત્ર નં. 11થી 15; સ્તંભો માટે ચિત્ર નં. 16 અને ગોખલાના નમૂના માટે ચિત્ર નં. 17 જુઓ.)

## 7.2 મંદિર-નિર્માણના કાર્યક્રમનું આયોજન (Organisation of Building Programme)

મંદિર-નિર્માણ માટે અગાઉથી એક વ્યવસ્થિત કાર્યક્રમ ગોઠવવામાં આવતો. ઈંટોને તો સ્થળ ઉપર જ, અથવા તો તેની નજીકમાં, પકવવામાં આવતી, અને પથ્થરો પણ નજીકની ખાણમાંથી ખોદી કાઢવામાં આવતા. મંદિરોની દીવાલો ઉપરનાં કોતરકામોમાંથી તથા તાજેતરમાં શોધાયેલા ભૂર્જપત્ર ઉપર દોરવામાં આવેલા 13મી સદીના વિશ્વપ્રસિદ્ધ કોણાર્કના સૂર્યમંદિરના બાંધકામ અંગેના નકશા ( જુઓ ચિત્ર નં. 18) ઉપરથી, જાણવા મળે છે કે, બાંધકામ માટેના પથ્થરોને લાકડાના બીમ ઉપર મૂકીને હાથી દ્વારા ખાણથી બાંધકામની જગ્યા સુધી ખેંચીને લઈ જવામાં આવતા; અથવા તો નદી કે નહેરમાં હોડીઓ દ્વારા બાંધકામના સ્થળે લઈ જવાતા. આ પથ્થરોને બાંધકામની જગ્યાએ કડિયા કે સલાટ દ્વારા ઘડવામાં આવતા, અને તે પછી ગરગડી અને દોરડા દ્વારા તેને યોગ્ય જગ્યાએ ઊંચે ચડાવવામાં આવતા. 11મી સદીના ખજૂરાહોના એક મંદિરની દીવાલ ઉપરની તકતીઓમાં પથ્થરોને કાપવાની, ઘડવાની અને તેને બાંધકામની જગ્યાએ લઈ જવાની વગેરે ક્રિયાઓ દર્શાવતા દશ્યો કોતરવામાં આવ્યા છે.

અત્યંત વજનદાર પથ્થરોને યોગ્ય જગ્યાએ ઊંચે લઈ જવા માટે લાકડા અને રેતીના ઢાળ બનાવવામાં આવતા. આ કરામતના શ્રેષ્ઠ ઉદાહરણ તરીકે તાંજાવુર(તાંજોર)ના બૃહદીશ્વર મંદિરના વિશાળ **શિખર**માં વપરાયેલા અતિ વજનદાર પથ્થરને ગણાવી શકાય. આ શિખર એક જ પથ્થરનું બનેલું છે, અને તે પથ્થર લગભગ 80 ટન વજનનો છે. તેને 200 ફૂટની ઊંચાઈએ ચડાવવા માટે જે ઢાળ બનાવવામાં આવ્યો હતો, તેનો પાયો લગભગ 7 કિલોમીટર જેટલો પહોળો હતો ! ક્યારેક ગર્ભગૃહ અને સભામંડપ બનાવવામાં કોણાર્કમાં છે તેવા લોખંડના બીમનો ઉપયોગ થતો (લોખંડના બીમ માટે જુઓ, ચિત્ર નં. 21). મંદિર-નિર્માણના કાર્ય સાથે સંકળાયેલા કારીગરો, કડિયા અને મજૂરો પોતપોતાનાં જૂથો બનાવતાં. આ જૂથો 'શ્રેણી' જેવું કાર્ય કરતાં. ઉપર જેનો નિર્દેશ કરેલો છે તે કોણાર્કના મંદિરમાંથી મળેલા ભૂર્જપત્રમાં કડિયા-કારીગરોની યાદી, તેમના પગાર, તેમના કામ અંગેના નિયમો વગેરે આપવામાં આવ્યાં છે, એટલું જ નહીં પણ તેમાં મંદિર-નિર્માણ-કાર્યના ખર્ચના વર્ષો-વર્ષના (આ નિર્માણકાર્ય ઘણાં વર્ષો સુધી ચાલ્યું હશે) હિસાબો પણ આપવામાં આવ્યા છે.

**'તમારી પ્રગતિ ચકાસો' (2)**

1. મંદિરના આયોજનના નકશામાં મુખ્ય ભાગો કયા હોય છે ? (5 પંક્તિઓમાં જવાબ આપો.)
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................

2. મંદિરની છતનો આકાર નક્કી કરવામાં પર્યાવરણ તથા કાચી માલસામગ્રી શો ભાગ ભજવે છે ? (75 શબ્દો લખો.)
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................

3. કયા પ્રદેશમાં એક કરતાં વધારે છતોનો મંદિરના સુશોભન તરીકે ઉપયોગ થતો ? (6 વાક્યોમાં જવાબ લખો.)
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................
   ..............................................................................

## 7.3 ભારતીય મંદિરોનો સમય અને પ્રદેશ અનુસાર પ્રસાર (Chronological and Geological Spread of Indian Temples)

હવે આપણે ભારતનાં કેટલાંક પ્રખ્યાત મંદિરોનો સમય તથા ભૌગોલિક વિસ્તાર અનુસાર ઉલ્લેખ કરીએ.

### ઉત્તર ભારતની (નાગરી) શૈલી

#### ઉત્તર, મધ્ય અને પશ્ચિમ ભારતમાં (5મીથી 7મી સદી)

નાચના(મધ્ય પ્રદેશ, ખજુરાહોથી અગ્નિ દિશામાં)નું પાર્વતી મંદિર; દેવગઢ(ઉત્તર પ્રદેશ, ઝાંસી જિલ્લો)નું દશાવતાર મંદિર; ભીતરગાંવ(ઉત્તર પ્રદેશ, કાનપુર જિલ્લો)નું ઈંટનું મંદિર; ગોપ-(ગુજરાત, પોરબંદર પાસે)નું વિષ્ણુ મંદિર; રામગઢ(બિહાર)નું મુંડેશ્વરી મંદિર (ષટ્કોણ તલમાનવાળા મંદિરનું અસામાન્ય ઉદાહરણ); અને મધ્ય પ્રદેશમાં સાંચી અને જિગાવાનાં મંદિરો.

### દખ્ખણ અને મધ્ય ભારતમાં (6ઠ્ઠીથી 8મી સદી)

ઇલોરા (મહારાષ્ટ્ર, ઔરંગાબાદ પાસે)ના ગુફામંદિરો (જુઓ ચિત્ર નં. 22); એલિફન્ટા (મુંબઈ પાસે) અને બદામી(ઉત્તર કર્ણાટક)નાં શરૂઆતનાં ચૌલુક્ય મંદિરો; ઐહોલનાં લડખાન મંદિરો; અને પત્તદ્કલનાં પાપનાથ અને ગલગનાથનાં મંદિરો.

### પશ્ચિમ અને મધ્ય ભારતમાં (8મીથી 13મી સદી)

ઓસિયા(રાજસ્થાન, જોધપુરની ઉત્તરે)નાં હરિહરનાં ત્રણ મંદિરો; ગ્વાલિયરનું જેલિકા મંદિર; ખજૂરાહોનાં ચંદેલ-મંદિરો (ખાસ કરીને સિરપુરનું લક્ષ્મણ મંદિર, કંદારિયા મહાદેવ અને વિશ્વનાથનાં મંદિરો); રોડા(ગુજરાત, સાબરકાંઠા જિલ્લામાં મોઢેરાની ઉત્તરે)નાં મંદિરો; સોમનાથ-(ગુજરાત, જૂનાગઢ જિલ્લો)નું પ્રખ્યાત શિવમંદિર; મોઢેરા(ગુજરાત)નું સૂર્યમંદિર; અને કુંભારિયા (ગુજરાત, બનાસકાંઠા જિલ્લો) તથા આબુ(રાજસ્થાન)નાં આરસનાં જૈન મંદિરો.

### પૂર્વ ભારતમાં (8મીથી 13મી સદી)

ભુવનેશ્વર(ઓરિસ્સા)નું પરશુરામેશ્વર વૈતાલ દેવળ, તથા મુક્તેશ્વર, લિંગરાજ અને રાજરાણીનાં મંદિરો; કોણાર્ક(ઓરિસ્સા)નું સૂર્યમંદિર; અને પુરી(ઓરિસ્સા)નું જગન્નાથ મંદિર; બંગાળમાં બહુલારા(જિ. બાંકુરા)નું સિદ્ધેશ્વર મંદિર.

### હિમાલય-પટ્ટો (8મી સદીથી આગળ)

કાશ્મીરમાં માર્તંડનું સૂર્યમંદિર, પન્દ્રેથાન(પઠણ)નું શિવમંદિર અને અવન્તીસ્વામીનું વિષ્ણુમંદિર; મસરૂર(હિમાલય પ્રદેશમાં કાંગરા)નું મંદિર, તથા નેપાલમાં કાઠમંડુ, પાટણ અને ભડગાંવનાં બ્રાહ્મણધર્મી મંદિરો.

## દક્ષિણ ભારતીય (દ્રાવિડ શૈલી)

### દખ્ખણ અને તામિલનાડુમાં (6ઠ્ઠીથી 10મી સદી)


મહાબલિપુરમ્(મદ્રાસ પાસે)નાં ગુફામંદિરો, રથમંદિરો અને સમુદ્રતટ મંદિર (જુઓ ચિત્ર નં. 23), કાંચીપુરમ્(મદ્રાસ પાસે)નાં વૈકુંઠપેરુમલ અને કૈલાસનાથનાં મંદિરો; ઐહોલનાં ચૌલુક્ય મંદિરો (મેગુતિ મંદિર); બાદામીનું માલેગિતિ શિવમંદિર અને પત્તદ્કલનું વિરુપાક્ષ મંદિર તથા રાષ્ટ્રકૂટોના પ્રોત્સાહનથી કોતરાયેલું ઇલોરાનું કૈલાસમંદિર.

### કર્ણાટક, તામિલનાડુ અને કેરાલામાં (10મીથી 17મી સદીઓ)

તાંજાવુર (તાંજોર) અને ગાંગેયકોંડા ચોલાપુરમ્‌ના બૃહદીશ્વર(રાજરાજેશ્વર)માં ચોલમંદિરો; કર્ણાટકમાં બેલૂર, હલેબીડ અને સોમનાથપુરના હોયસળ-મંદિરો; કર્ણાટકમાં જ લક્કુંડી અને ગડગના પાછળના ચૌલુક્ય-સમયનાં મંદિરો ; વિજયાનગરમાં પામપતિનું પાંડ્ય મંદિર; શ્રીરંગમ્ (તામિલનાડુમાં ત્રિચિનાપલ્લી પાસે) અને મદુરાઈ(તામિલનાડુ)નાં મીનાક્ષી-મંદિરો (જુઓ ચિત્ર નં. 24, 25), કેરળમાં ચલપુરમ્(પાલઘાટ જિલ્લો)નું કટ્ટિલમડમ મંદિર તથા તિરુવલ્લમ્-(ત્રિવેન્દ્રમની પાસે)નું પરશુરામ મંદિર.

## વેસર શૈલી

ઈસુની શરૂઆતની સદીઓમાં પશ્ચિમઘાટ(મહારાષ્ટ્ર)માં બંધાયેલા બૌદ્ધ ચૈત્યખંડોને આ શૈલીનું મૂળ સ્વરૂપ કહી શકાય. 7મીથી 10મી સદી દરમ્યાન તેના કેટલાક આગળ પડતા નમૂનાઓમાં ઓરિસ્સાનું વૈતાલ 'દેઉલ' (દેવળ), ચેઝરલા(આંધ્ર પ્રદેશ)નાં મંદિરો, કર્ણાટકમાં હૈદરાબાદ જિલ્લાના કુક્કનુરનું કલ્લેશ્વર મંદિર, તથા ઈત્તગીનું મહાદેવ મંદિર, ગડગ (જિ. ધારવાડ) પાસે આવેલું લક્કુંડીનું જૈનમંદિર તથા કાશીવિશ્વનાથનું મંદિર, ઔદ્દાદનપુર(જિ. ધારવાડ)નું મંદિર, મૈસૂરમાં વેલૂરનું ચુન્નકેશવનું મંદિર તથા હલેબીડનું હોયસળેશ્વર મંદિર, ઐહોલનું દુર્ગામંદિર, મહાબલિપુરમ્‌નાં સહદેવ તથા દ્રૌપદીનાં રથમંદિરો અને કેરાલામાં ત્રિક્કંડીપુર અને તિરુવન્નતુરનાં શિવમંદિરોને ગણાવી શકાય. 10મી સદી પછીનાં મંદિરોમાં તામિલનાડુમાં ચિદમ્બરમ્‌ના નટરાજ મંદિરને તથા કેરળના કિઝવેલ્લુર(કોટ્ટયમ જિલ્લો)ના વામનમંદિરને ગણાવી શકાય.




Main Brahmanical temple sites

## 7.4 મંદિરો અને ભારતીય સાંસ્કૃતિક સંકુલ (Temples and Indian Cultural Ethos)

ભારતીય મંદિરો માનવીની સાંસારિક આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરતાં આવ્યાં છે. તે ઉપરાંત તેમના દ્વારા સમગ્ર સમાજની અનેકવિધ પ્રવૃત્તિઓનું પણ સંચાલન થતું આવ્યું છે. આમાં પહેલી બાબત એ કે, પરાપૂર્વથી સામાન્ય શિક્ષણ માટે મંદિરમાં જ વ્યવસ્થા કરવામાં આવતી. મંદિરમાં ઘણાં દાનો ખાસ શિક્ષણ માટે જ આપવામાં આવતાં, અને મંદિરના સંકુલમાં જ શિક્ષણ માટેની સંસ્થાઓ ચલાવવામાં આવતી. મંદિરની આવી શિક્ષણ-સંસ્થાઓમાં વેદ, વ્યાકરણ, જ્યોતિષ વગેરેના અભ્યાસ ઉપરાંત રામાયણ, મહાભારત અને પુરાણોનો પણ અભ્યાસ કરાવવામાં આવતો. આ ઉપરાંત વૈદિક ઋચાઓના અભ્યાસની સાથે તેમના પદ્ધતિસરના ગાનની પણ તાલીમ આપવામાં આવતી.

સંગીત અને નૃત્યને તો મંદિરની રોજિંદી ધાર્મિક વિધિઓમાં જ સ્થાન આપવામાં આવ્યું હતું. ધાર્મિક ઉત્સવો જેવા ખાસ પ્રસંગોએ તો સંગીત-નૃત્યનું માહાત્મ્ય ઘણું વધી જતું. મોટાં મંદિરો પાસે તેમના પોતાના જ ગાયકો, વાદકો, નૃત્યકારો અને નટો રહેતા. મંદિરની શાળાઓમાં ગાયન, વાદન, નૃત્ય-અભિનય વગેરેની રીતસરની તાલીમ આપવાનો પણ પ્રબંધ કરવામાં આવતો. ખજૂરાહોનાં 10મી સદીનાં મંદિરોની અને કોણાર્કના સૂર્યમંદિરની દીવાલો ઉપર કોતરવામાં આવેલી વાદકો, નર્તકો અને સંગીતકારોની પૂરા કદની આકૃતિઓ (જુઓ ચિત્ર નં. 26) તથા ઓરિસ્સાનાં અને બીજાં કેટલાંક મંદિરોમાં મંદિરના એક અંતર્ગત ભાગ તરીકે **નટમંદિર**(નૃત્ય માટેનો ખંડ)ની કરવામાં આવતી રચના વગેરે આ બાબતની (મંદિરના પોતાના જ ગાયકો, વાદકો, નર્તકો હોવાની) સ્પષ્ટ ગવાહી પૂરે છે. ચિદમ્બરમ્‌ના મંદિરમાં મહાદેવ શિવનું બ્રહ્માંડને આવરી લેતું મહાનૃત્ય (તાંડવનૃત્ય) મંદિરમાં સંગીત-નૃત્ય કલાને કેટલું બધું મહત્ત્વ આપવામાં આવતું હતું તે સ્પષ્ટ કરે છે.

મંદિરમાં **'દેવદાસી'**ની સંસ્થાનું પણ એવું જ મહત્ત્વનું સ્થાન હતું. દેવને સમર્પિત થયેલી આજીવન કૌમાર્યવ્રતધારી આ સ્ત્રીઓ મંદિરમાં જ રહેતી; મંદિર જ તેમનો નિભાવ કરતું. તેઓ રોજ સવારે, બપોરે અને સાંજે દેવની આરતી પછી સંગીત અને નૃત્ય દ્વારા દેવને રીઝવતી. તાંજાવુર(તાંજોર)ના બૃહદીશ્વર મંદિરમાં 400 દેવદાસીઓ હતી, અને ચોલ સમ્રાટ રાજરાજ 1લા(ઈ.સ. 985-1012)ને આ દેવદાસીઓના નિવાસ માટે ખાસ બે લાંબી શેરીઓનું નિર્માણ કરવું પડ્યું હતું. આ એક જ ઉદાહરણ ઉપરથી મોટાં મંદિરોમાં 'દેવદાસી'ઓ પાછળ કેટલો ખર્ચ થતો હશે તેનો ખ્યાલ મળી રહે છે.

મંદિરોમાં વર્ષ દરમ્યાન નિયમિત રીતે મોટા પાયા ઉપર ઉત્સવો ઊજવાતા. આ ઉત્સવોમાં પૌરાણિક કથાઓ, આખ્યાયિકાઓ તેમ જ લોકકથાઓ વગેરેનું સરસ સંમિલન સધાતું. ઉદાહરણ તરીકે, ઓરિસ્સામાં પુરીમાં જગન્નાથજીના મંદિરની **'રથયાત્રા'**નો મહોત્સવ. આ ઉપરાંત તીર્થયાત્રાઓની યોજનાને કારણે પણ આમજનતાને મંદિરની પ્રવૃત્તિઓમાં સામેલ થવાની તક સાંપડતી.

મંદિરો મોટી સંખ્યાના લોકોને રોજી-રોટી પૂરી પાડતાં હોઈને લોકોના આર્થિક જીવન ઉપર તેમનો ઘણો મોટો પ્રભાવ રહેતો. નાનાં મંદિરોને પણ પૂજારી, માળી અને દૂધ, ઘી તથા તેલ વેચનારાઓની સેવાની જરૂર રહેતી. આગળ નિર્દેશ કર્યો છે તે તાંજાવુરના મંદિરના લેખમાં (ઈ.સ. 1011) આ મંદિર દ્વારા નિભાવવામાં આવતા લોકોનો તથા તેમને આપવામાં આવતા પગાર વગેરેનો વિગતવાર ઝીણવટભર્યો હિસાબ સચવાઈ રહ્યો છે. આ લેખમાં મંદિરના રસોઇયા, માળી, નૃત્યશિક્ષકો, ફૂલોનાં હાર અને શણગાર બનાવનારઓ, ગાયકો અને વાદકો, સંસ્કૃત અને તામિલમાં સ્તોત્રો ગાનારા ગાયકવૃંદો, સુથારો, ચિતારાઓ, હિસાબ લખનારાઓ, ચોકીદારો તથા બીજા કેટલાયે અધિકારીઓ અને સેવકોની (બધા મળીને 600 કરતાં પણ વધારે માણસોની) યાદી આપવામાં આવી છે (આ ઉપરાંત એકમ 6.4 અને 11.4 પણ જુઓ).

## 7.5 શિલ્પકલા : પાષાણ અને ધાતુની મૂર્તિઓ (Sculptures : Stone and Metal Images)

આ સમયની સ્થાપત્યકલાની જેમ શિલ્પકલામાં પણ પ્રાદેશિકપણું વિકસેલું જોવા મળે છે. શિલ્પમાં ભારતના પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણના વિસ્તારોમાં માનવ-દેહાકૃતિઓના નિરૂપણની જુદી જુદી શૈલીઓ વિકસી હતી. હિમાલય-પ્રદેશ, દખ્ખણ અને દૂરદક્ષિણમાં પણ વિશિષ્ટ શૈલીઓ

આકાર પામી હતી. આ પ્રદેશોની શિલ્પ અને ચિત્ર શૈલીઓને મહાન કલાવિવેચક નિહાર રંજન રાય **'મધ્યકાલીન તત્ત્વ'** તરીકે ઓળખાવે છે. આ **મધ્યકાલીન તત્ત્વ**માં અમુક પ્રમાણમાં નાજુકતા ઉપર, તથા તીવ્ર વળાંકો અને આડી-ઊભી રેખાઓ ઉપર વધારે ભાર આપવામાં આવે છે. આમાં દેહાકૃતિઓમાં ગોળાઈનું સ્થાન ચપટી સપાટી લે છે, અને વળાંકો બહિર્ગોળને બદલે અંતર્ગોળ બને છે. પશ્ચિમ અને મધ્ય ભારતનાં શિલ્પો, પૂર્વભારતીય અને હિમાલય-પ્રદેશની ધાતુ-મૂર્તિઓ, ગુજરાત અને રાજસ્થાનનાં પોથી અને પટ-ચિત્રો, બંગાળની પાકી માટીની શિલ્પાકૃતિઓ અને લાકડા ઉપરનાં કોતરકામો વગેરેમાં 10મી સદી પછીની આ નવી કલાશૈલી(મધ્યકાલીન તત્ત્વ)ના આવિર્ભાવો જોઈ શકાય છે.

પૂર્વ મધ્યકાલીન શિલ્પનો મુખ્ય ઝોક ખાસ કરીને દેવ-દેવીઓના તથા તેમના અનુચરોના રૂપમાં માનવદેહાકૃતિઓ(પુરુષ અને સ્ત્રી બંને)નું નિરૂપણ કરવા પ્રત્યે રહ્યો છે. જોકે શિલ્પશાસ્ત્રોમાં માનવદેહાકૃતિઓનાં માપ, ઘડતર વગેરે નિયત કરેલાં હોય છે, તેથી આ સમયની માનવ-શિલ્પાકૃતિઓમાં એક પ્રકારની એકવિધતા જોવા મળે છે. માત્ર દેવ-દેવીઓનાં શિલ્પોમાં જ નહીં, પરંતુ અન્ય શિલ્પાકૃતિઓમાં પણ શિલ્પશાસ્ત્રોના નિયત નિયમોને કારણે એક જ પ્રકારનાં (બીબાઢાળ) શિલ્પો જોવા મળે છે. તેમાં કલાકારનાં વ્યક્તિગત વલણો કે કલાઅનુભવોને વ્યક્ત થવાનો કોઈ અવકાશ જ ન હતો. સામાન્ય રીતે આવી દેવ-દેવી સિવાયની શિલ્પાકૃતિઓ મંદિરોનાં પ્રવેશદ્વારો, સ્તંભો, દીવાલો કે છતો ઉપર કોતરવામાં આવતી. મોટે ભાગે તે સામૂહિક સ્વરૂપમાં હતી, અને તેમાં પૌરાણિક કથાઓ કે આખ્યાનોના પ્રસંગો, સંગીત અને નૃત્યનાં દૃશ્યો, સ્ત્રીપુરુષના કામોપભોગની વિવિધ અવસ્થાઓનાં આસનો અને પ્રસાધન-દૃશ્યો, ગૃહજીવન અને રોજિંદા જીવનનાં દૃશ્યો, સૈન્યોના વ્યૂહો અને યુદ્ધના પ્રસંગો, વિવિધ પશુઓ અને પંખીઓ, ફૂલવેલની ભાતો અને ભૂમિતિની આકૃતિઓ, શાલભંજિકાઓ (સ્ત્રીઓ અને વૃક્ષ, જુઓ ચિત્ર નં. 24), વગેરે અનેક વિષયોનું નિરૂપણ થયેલું જોવા મળે છે.

આ સમયની શિલ્પકલાની પ્રદેશવાર વિશિષ્ટતાઓ જોઈએ તો, **કાશ્મીર, પંજાબ** તથા **ઉત્તર પ્રદેશ**માં આ સમયની શિલ્પ-કૃતિઓ મોટે ભાગે નાશ પામી છે. તેમ છતાં જે જૂજ નમૂનાઓ બચ્યા છે તેમાં હિમાચલ પ્રદેશની તથા પૂર્વ ભારત (બિહારની) શિલ્પકલાઓની અસર જોવા મળે છે. **હિમાચલ પ્રદેશ**માં એક બાજુ ગુપ્તકાલીન પરંપરા પહાડી પ્રજાના જોમને વ્યક્ત કરે છે, તો બીજી બાજુ આ સમયની લાક્ષણિકતા (અર્થાત્, **'મધ્યકાલીન તત્ત્વ'**) ધરાવતી કલાશૈલી પણ જોવા મળે છે.

**બિહાર** અને **બંગાળ**ની આ સમયની શિલ્પકલાકૃતિઓના કેન્દ્ર-સ્થાને માનવદેહાકૃતિ રહેલી છે, જેમાં તેનાં અંગોપાંગો તથા શૃંગાર ઉપર વધારે ધ્યાન આપવામાં આવ્યું છે, જે કદાચ આ પ્રદેશમાં પ્રસરેલા તાંત્રિક વાતાવરણને કારણે હશે. આ પ્રશિષ્ટ શિલ્પશૈલી 8મી સદીમાં પરાકાષ્ઠા પામે છે, અને 9મી - 10મી સદી સુધી તે ચાલુ રહે છે. નાલંદાની અષ્ટધાતુ-પ્રતિમાઓ તથા પાષાણ-પ્રતિમાઓ આ શૈલીનાં ઉત્તમ ઉદાહરણો છે. આ શૈલી 11મી સદીમાં સમસ્ત પૂર્વ ભારતમાં પ્રસરી હતી અને ત્યાંથી કાશ્મીર, પંજાબ, ઉત્તર પ્રદેશ, નેપાલ તથા તિબેટમાં અન તે ઉપરાંત બ્રહ્મદેશ, થાઇલૅન્ડ, જાવા, સુમાત્રા અને શ્રીલંકામાં પણ તેની અસર પહોંચી હોય તેમ જણાય છે.

**ઓરિસ્સા**માં 10મી સદીથી નવી શિલ્પ શૈલીની અસરો દેખાવા લાગી હતી, અને તે 12મી અને 13મી સદી દરમ્યાન પરાકાષ્ઠાએ પહોંચી હતી. તેમાં અંગવિન્યાસની સમતોલ સપ્રમાણતા ચાલુ રહી, પરંતુ સંસ્કારિતા, સુરેખતા, આધ્યાત્મિક લાવણ્ય અને સૂક્ષ્મ ભવ્યતાને સ્થાને હૃષ્ટપુષ્ટ અંગવિન્યાસ, પ્રચુર અને પ્રવાહી રેખાઓ તથા વિશાળ ગોળ અને દૃઢ રૂપાંકન પ્રવર્તે છે. ઓરિસ્સાની નમૂનેદાર શિલ્પકલા ખાસ કરીને ભુવનેશ્વર, પુરી અને કોણાર્કનાં મંદિરોમાં જોવા મળે છે. આ મંદિરોની માત્ર દેવપ્રતિમાઓ જ નહીં, પરંતુ ગાયકો, વાદકો, નર્તકો, નાગકન્યાઓ વગેરેનાં શિલ્પોમાં પણ આ શૈલીની કલા વ્યક્ત થાય છે. વળી, મંદિરોની પીઠ પરના ગજથરમાંના હાથીઓની, કોણાર્કના સૂર્યમંદિર-રથ આગળના મોટા અશ્વોની તથા ભુવનેશ્વરના મુક્તેશ્વર મંદિરના મંડોવર પરના મૃગથરમાંના મૃગોની આકૃતિઓમાં પ્રાણીઓનાં અત્યંત સુંદર રૂપાંકનો જોવા મળે છે. આ ઉપરાંત આ મંદિરોનાં પીઠ તથા મંડોવર ઉપર સ્ત્રી-પુરુષની વિવિધ કામક્રીડાઓની ક્રિયાઓને નિરૂપવામાં આવી છે, જેનો મુખ્ય હેતુ કદાચ તાંત્રિક યાનના આચારોને નિરૂપવાનો નહીં, પરંતુ જીવનલીલાના એક વાસ્તવિક અને મહત્ત્વના પાસાનું સ્વાભાવિક નિરૂપણ કરવાનો હોઈ શકે છે. કોણાર્કના સૂર્યમંદિરમાં કામ-રત યુગલોની શિલ્પકૃતિઓ કદ, રૂપાંકન, જોમ તથા ભાવની અભિવ્યક્તિમાં શિલ્પકલાના સર્વોત્તમ નમૂના સમાન ગણાય છે.

**મધ્ય પ્રદેશ**માં આ સમયની શિલ્પકલા 10મી અને 11મી સદીઓમાં તેની સર્વોચ્ચ સીમાએ પહોંચી હતી. અહીં **બુંદેલખંડ**ની શિલ્પકલા લાવણ્ય અને લાલિત્યની સાથે અંગભંગ અને અંગગતિને કારણે અનોખી ભાત પાડે છે. મહોબાના શિલ્પી શ્રીરત્ને ઘડેલી બૌદ્ધ શિલ્પાકૃતિઓમાં આ લક્ષણો સારી રીતે પ્રતિબિંબિત થયાં છે. **ખજૂરાહો**નાં મંદિરોની શિલ્પાકૃતિઓમાં મોટું કદ, અંગભંગી, દેહસૌષ્ઠવ અને લાવણ્ય જોવા મળે છે. આ મંદિરોનાં શિલ્પોમાં પણ શારીરિક ભોગવિલાસનાં શૃંગારપ્રધાન દશ્યો રજૂ કરવામાં આવ્યાં છે, પરંતુ આ મિથુન-શિલ્પોમાં નર-નારીઓની મુખમુદ્રામાં કોણાર્કનાં નર-નારીઓના જેવી સરલતા અને સ્વાભાવિકતાના ભાવ ઊઠતા નથી.

**માળવા**ની શિલ્પકલાનો શ્રેષ્ઠ નમૂનો પરમાર રાજા ભોજદેવે પાટનગર ધરાનગરીમાં સરસ્વતી-મંદિરની મુખ્ય શાળામાં પધરાવેલી સરસ્વતીની પ્રતિમામાં જોઈ શકાય છે. **ચેદિ** દેશની શિલ્પાકૃતિઓમાં (ખાસ કરીને મનુષ્યોનાં અંગવિન્યાસનાં રૂપાંકનમાં) આદિવાસી પ્રજાની સંસ્કૃતિની સ્પષ્ટ અસર જોઈ શકાય છે.

**રાજસ્થાન**ની શિલ્પકલાની પ્રાદેશિક શૈલીમાં આભૂષણો તથા સુશોભનોનાં રૂપાંકનોમાં ચપટાપણું તથા તીક્ષ્ણ રેખાભંગ પ્રવર્તે છે. આબુ-દેલવાડાનાં જૈનમંદિરોમાં આરસ ઉપર થયેલું બારીક કોતરણીભર્યું શિલ્પકામ આપણને આશ્ચર્યમુગ્ધ કરી દે છે, પરંતું આની ભરચક વિગતો અને ખીચોખીચ કોતરણી કલાની અભિવ્યક્તિમાં રસક્ષતિ પહોંચાડે છે. વળી, એમાં પરંપરાગત રૂપાંકનોનું અનુસરણ તથા શાસ્ત્રીય નિયમોનું ચુસ્ત પાલન કરવામાં આવ્યું હોઈને તેમાં મૌલિક સર્જકતા અને કલાકારની પ્રતિભા પ્રગટ થતી નથી.

**ગુજરાત**માં અણહિલપુર પાટણ, ખંભાત, ધોળકા, સોમનાથ વગેરે અનેક સ્થળોએ આ સમયનાં બંધાયેલાં મહામંદિરો નાશ પામ્યાં છે, છતાં મોઢેરાનું સૂર્યમંદિર, સિદ્ધપુરનો રુદ્રમહાલય; ડભોઈ અને ઝીઝુવાડાના કિલ્લાના દરવાજા; વડનગરનાં તોરણ, કુંભારિયા, તારંગા અને ગિરનારનાં જૈન દેરાસરોમાં તેમ જ અનેક પ્રાચીન સ્થળોએથી મળેલી છૂટક શિલ્પકૃતિઓમાં આ સમયની શિલ્પકલાના વિવિધ નમૂના જોવા મળે છે. ગુજરાતની શિલ્પકૃતિઓમાં માર્દવ, લાલિત્ય અને લાવણ્ય દેખા દે છે, પરંતુ તેમાં ભાવોદ્રેક તથા ગાંભીર્યની જગ્યાએ ચંચળતા અને સ્તબ્ધતાની છાપ ઊઠે છે.

**દખ્ખણ**માં પણ ઇલોરા અને મહાબલિપુરમ્ જેવાં સ્થળોએ જે મહામંદિરો કંડારાયાં કે બંધાયાં તેમાં, તથા ઔરંગાબાદ અને બાદામીમાં પણ, 8મી સદીની કેટલીક સુંદર શિલ્પકૃતિઓ જોવા મળે છે. એમાં સાચી કલાદષ્ટિ તથા કલાકારની સર્જકતાનો પરિચય મળે છે. પરંતુ એ પછીના ચાલુક્યો અને હોયસળોના સમયમાં જે શિલ્પશૈલી વિકસી, તેમાં બારીક કોતરણી સાથે ખીચોખીચતાનું પ્રમાણ અતિશય વધી ગયું; તે સાથે શિલ્પકલામાં નિયમબદ્ધતાને કારણે સ્થગિતતા આવી, તથા કલાકારની આંતરિક પ્રતિભાની સૂઝમાં તથા સર્જકશક્તિમાં ઓટ આવી હોય તેમ જોવા મળે છે. વાસ્તવમાં, 8મી સદી પછી ભારતીય શિલ્પકલાના નકશામાંથી દખ્ખણની જાણે કે બાદબાકી થઈ જતી હોય તેમ લાગે છે.

**દક્ષિણ ભારત**માં શિલ્પકલાની ચરમ સીમા 10મીથી 11મી સદીમાં આવી હતી. તેમાં આકારની સંપૂર્ણ ગોળાઈ, તેમ જ કલાકૃતિમાં ભારે જોમ તથા ઓજસ જોવા મળે છે. આ ઉપરાંત આ શિલ્પકૃતિઓ તેમાં રહેલી કલાસૂઝ, સર્જકતા તથા સંવાદી સંકલિતતાને કારણે પ્રાણવાન અને ચેતનવંતી જણાય છે.

**ધાતુશિલ્પ**મા પૂર્વ ભારતના બિહાર, બંગાળ અને આસામમાંથી તથા નેપાલ, કાશ્મીર અને હિમાલય પટ્ટાનાં અન્ય રાજ્યોમાંથી, તેમ જ દક્ષિણ ભારતમાંથી પિત્તળ, અષ્ટધાતુ તથા ત્રાંબા અને કાંસામાં ઢાળેલી પ્રતિમાઓ મોટા પ્રમાણમાં મળે છે. ઉત્તર ભારતમાં મોટે ભાગે બ્રાહ્મણ ધર્મના તથા બૌદ્ધ ધર્મના ( ખાસ કરીને તાંત્રિક) દેવતાઓની ધાતુપ્રતિમાઓ ઘડવામાં આવતી, જ્યારે દક્ષિણ ભારતમાં મુખ્યત્વે શિવનાં વિવિધ સ્વરૂપો(ખાસ કરીને નટરાજ)ની તથા પાર્વતી, વિષ્ણુ, લક્ષ્મી ઉપરાંત અપ્પર, સંબોદર, સૌંદરર જેવા શૈવ સંતો અને વૈષ્ણવ આલવાર સંતોની અને દાતા રાજવીઓની ધાતુપ્રતિમાઓ ઘડવામાં આવતી. આ ધાતુપ્રતિમાઓ વિશિષ્ટ કલાશૈલી વ્યક્ત કરે છે. એનું આ કલાસ્વરૂપ તથા શૈલી સૈકાઓ સુધી યથાવત્ ચાલુ રહે છે. તેમ છતાં તેમાં કલાકારની તાજગી ટકી રહે છે, અને તેમાં યાંત્રિક-અનુસરણની નીરસતા દેખાતી નથી, તે બાબત ઘણી નોંધપાત્ર ગણાય. મધ્યકાલીન પાષાણ-શિલ્પોમાં કલાની અવનતિ જોવા મળે છે, ત્યારે તે જ સમયની ધાતુપ્રતિમાઓમાં શિલ્પકલાનાં સર્જક-ઓજસ તથા કૌશલ્ય ટકી રહે, તે ખરેખર આશ્ચર્યજનક ગણાય.

એક નોંધપાત્ર હકીકત એ પણ છે કે, દેશભરમાં અનુગુપ્તકાલીન ધાર્મિક શિલ્પકૃતિઓમાં તત્કાલીન સામંતશાહી વ્યવસ્થાની અસર જોવા મળે છે. આમાં શિવ, વિષ્ણુ કે દુર્ગાને મુખ્ય દેવ અને બાકીના દેવોને તેમના આશ્રિત કે અનુયાયીઓના વર્ગમાં ગણાવવામાં આવે છે. શિલ્પકૃતિઓમાં શક્તિ(દેવી)ને આ સમયથી એક સ્વતંત્ર દેવી તરીકેનું સ્થાન મળ્યું લાગે છે, કારણ, શિલ્પમૂર્તિઓમાં તેનું અન્ય દેવી-દેવતાઓના સંબંધમાં પ્રભાવશાળી અને વર્ચસ્વસૂચક સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. અત્યાર સુધી સાદો અને પ્રમાણમાં કઠિન રહેલો જૈન ધર્મ પણ પોતાની દેવમૂર્તિઓમાં 'શક્તિ'ને સામેલ કરવાના દબાણ(કે પ્રલોભન)થી મુક્ત રહી શક્યો નથી, જે હકીકત રાજસ્થાનમાં માઉન્ટ આબુ ઉપરનાં દેલવાડાનાં દેરાઓમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

**'તમારી પ્રગતિ ચકાસો'** (3)

1. ઉત્તર ભારતીય શૈલીનાં પાંચ જૂથોમાંના દરેકમાંથી બબ્બે મંદિરોનાં નામ આપો.

   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................

2. દક્ષિણ ભારતીય શૈલીનાં તથા વેસર શૈલીનાં દરેકનાં ચાર ચાર મંદિરોનાં નામ લખો.

   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................

3. મંદિરની વિવિધ ક્રિયાઓ સાથે કયાં મુખ્ય જૂથોના લોકો સંકળાયેલા હતા ? (75 શબ્દોમાં જવાબ લખો.)

   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................
   ..................................................................

4. 'મધ્યકાલીન તત્ત્વ' તરીકે કલાવિવેચકોએ ગણાવેલી શિલ્પકલાનાં વિશિષ્ટ લક્ષણો કયાં છે. ? (5 વાક્યોમાં જવાબ આપો.)

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

## 7.6 ચિત્રકલા, માટીકામની કલા અને 'મધ્યકાલીન તત્ત્વ' (Paintings, Terracottas and the 'Medieval Factor')

ભારતમાં શક, કુષાણ, આભીર, હૂણ વગેરે વિદેશી પ્રજાઓના આગમન, વસવાટ અને શાસનને કારણે ભારતીય ચિત્રકલામાં કેટલીક નવી અસરો આવી. આ અસરો વિશેષ કરીને પશ્ચિમ ભારતમાં વધુ પ્રવર્તી. તેને પરિણામે સમય જતાં અનુગુપ્ત કાલમાં એક વિશિષ્ટ પ્રકારની ચિત્રશૈલીનો ઉદ્‌ભવ થયો.

આ નવી ચિત્રશૈલીનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે ગણાવી શકાય :

- ઝડપથી આલેખાતી તીવ્ર, પાતળી રેખા અને તીક્ષ્ણ તથા અણીદાર ખૂણાઓ (ખાસ કરીને કોણી, ખભા, નાક, હોઠ, ભ્રમર, આંખ વગેરેના આલેખનમાં )
- ચહેરાનાં લક્ષણો વિલાસસૂચક (તીણું, અણીદાર નાક, લાંબી વિશાળ અને સહેજ સૂજેલી આંખો; આગળ પડતા ધારદાર અર્ધ ચંદ્રાકાર હોઠ, વગેરે)
- વૈવિધ્યપૂર્ણ રેખાંકનો, પ્રતીકો અને સુશોભનોની વિપુલતા અને
- સુશોભનની ભૌમિતિક કે અમૂર્ત ભાત માટેની કલાકારની વિશેષ પસંદગી.

આ ચિત્રશૈલીનાં બધાં લક્ષણો **ઇલોરાના કૈલાસ મંદિર**(8મી સદી)ની છતો ઉપરનાં ચિત્રોમાં તથા તામિલનાડુમાં **સિત્તાનવસાલના જૈન મંદિર**(7મી સદી)માં, તેમ જ તાંજોરના **બૃહદીશ્વર મંદિર**(11મી સદી)ના ભિત્તિચિત્રોમાં જોઈ શકાય છે. તેમ છતાં આ લક્ષણો 10મી સદી પછીના બિહાર, બંગાળ, નેપાલ અને તિબેટની હસ્તપ્રતોમાં (તાડપત્રો તથા કાગળમાં) અને લાકડાની પૂંઠીઓ (પટ્ટીઓ) ઉપર દોરાયેલાં (મોટે ભાગે બૌદ્ધ ધર્મના વજ્રયાનને લગતાં) ચિત્રોમાં વધારે સારી રીતે ઊપસી આવ્યા છે. જોકે **બિહાર, બંગાળ** અને **નેપાળ**માં હસ્તપ્રત-ચિત્રો લગભગ એક જ શૈલીનાં છે, અને ખરેખર તો તે નાના માપનાં દોરેલાં ભિત્તિચિત્રો જેવાં જ છે. આમાં **'પ્રજ્ઞાપારમિતા'**નાં કેટલાંક હસ્તપ્રત-ચિત્રો ખાસ નોંધપાત્ર છે. **નેપાલ**નાં ચિત્રો હસ્તપ્રતો ઉપરાંત પ્રભાઓ, ધજાઓ અને લાકડાની પૂંઠીઓ પર પણ દોરેલાં છે.

**ગુજરાત**માં 12મીથી 15મી સદીઓ દરમ્યાન તાડપત્રો અને પાછળથી કાગળની હસ્તપ્રતોમાં **લઘુ-ચિત્રકલા** તેની ચરમસીમાએ પહોંચી હતી. આ ચિત્રોમા તીક્ષ્ણ રેખા, તીવ્ર કોણાત્મકતા, ચપટું રૂપાંકન, ગોળાઈ અને ઊંડાઈનો અભાવ, ત્રિ-માનને બદલે દ્વિ-માન ઢબનું આલેખન અને ભૌમિતિક સુશોભનો વગેરે **મધ્યકાલીન તત્ત્વયુક્ત** ચિત્રશૈલીનાં બધાં જ લક્ષણો મોજૂદ હતાં. મોટા ભાગનાં પોથી ચિત્રોમાં મનુષ્યની આકૃતિઓ બાજુથી અને ત્રિચતુર્થાંશ આલેખવામાં આવી છે, અને તેનાં આંખ, કાન, દાઢી, વસ્ત્રના છેડા, આંગળીના વેઢા વગેરે તીવ્ર અણિદાર ખૂણાઓ કાઢીને ચીતરવામાં આવ્યાં છે. આંખોને બે વળાંકદાર રેખાઓ વડે અને પોપચાંને તીવ્ર અને લાંબા ધનુષ્ય જેવા વળાંકો વડે ચીતરવામાં આવ્યાં છે. આ ચિત્રોમાં મહદંશે લાલ, પીળો, લીલો, અને કાળો રંગ વાપરવામાં આવ્યો છે. જૈન ધર્મના આચાર્યો અને સૂરિઓ સચિત્ર હસ્તપ્રતો લખવાની, તથા લખેલા ગ્રંથો જાળવવાની પ્રવૃત્તિમાં ભારે રસ લેતા તેને કારણે ગુજરાત અને રાજસ્થાનમાં જૈન ધર્મને લગતાં આવાં પોથી-ચિત્રો મોટી સંખ્યામાં મળે છે. એકંદરે "ગુજરાતી ચિત્રકલા સરલતા, વિશદતા અને લોકજીવનનો ચાલુ સંપર્ક પામી રહેલી સજીવ કલા હતી.

પાછળથી એમાંથી જ ખીલીને રાજસ્થાનમાં આશ્રય પામેલી એવી રાજપૂતકલા અને મુઘલકલા અમુક ખાસ વર્ગ(રાજવી અને સામંતશાહી ઉમરાવ વર્ગ)નું રંજન કરનારી હોવાથી એમાં અમીરાઈ આવી અને એ સુઘડ, સોહામણી અને નાજુક નમણી બની."

**તામ્રપત્રો** ઉપર પણ આ જ શૈલીનાં રેખાંકનો મળી આવ્યાં છે. ઈ.સ. 10મી સદીનું ધારા (માળવા)ના પરમાર રાજા વાક્‌પતિરાજના તથા રાજા ભોજદેવના ગરુડના આલેખન સાથેનાં તામ્રપત્રો આવી તામ્રપત્ર-લઘુચિત્રકલાના સુંદર નમૂનાઓ છે. આ ઉપરાંત **વસ્ત્રપટો** પણ ચિત્રકલાના **મધ્યકાલીન તત્ત્વ**નાં લક્ષણોને વ્યક્ત થવા માટે સારુ માધ્યમ પૂરું પાડતાં હતાં. 13મી સદી પછીના પશ્ચિમ ભારતીય વસ્ત્રપટો અને તે પછીના સમયમાં દખ્ખણ, દક્ષિણ ભારત, ઓરિસ્સા અને બંગાળના વસ્ત્રપટો ઉપર દોરાયેલાં ચિત્રો આની ગવાહી પૂરે છે.

**માટીકામ**ની કલામાં તત્કાલીન સામંતશાહી વ્યવસ્થાનું પ્રતિબિંબ જોવા મળે છે. વાસ્તવમાં, આ સમયના સમગ્ર કલા-જગત ઉપર આ સામંતશાહી વ્યવસ્થાનો પડછાયો પડ્યો હતો. ગુપ્ત સમય પહેલાંની ભારહુત, સાંચી, કાર્લે, અમરાવતી, નાગાર્જુનકોંડા વગેરેની કલાને વ્યાપારી વર્ગનો, કારીગરોની શ્રેણીઓનો તથા રાજકુટુંબોનો આશ્રય સાંપડ્યો હતો; ગુપ્ત સમયની કલા (4થી 6ઠ્ઠી સદી) પુનરુત્થિત થયેલા બ્રાહ્મણવાદની શક્તિ અને ઉત્સાહનું પ્રતિબિંબ પાડે છે. (આ સમયે પહેલવહેલાં બ્રાહ્મણધર્મી મંદિરો લાંબા સમય સુધી ટકી રહે તેવી સામગ્રી, અર્થાત્ પથ્થરોમાંથી બનાવવામાં આવ્યાં હતાં.) અનુગુપ્તકાલીન કલાના આશ્રયદાતા જુદા જુદા પ્રદેશોના રાજવીઓ, સામંતો, અને સરદારો હતા. તેઓ, અને માત્ર તેઓ જ, મોટા પાયા ઉપરની કલા-પ્રવૃત્તિને ટેકો આપી શકતા હતા. આવા સામંતશાહી રાજ્યાશ્રયને કારણે માટીકામ(ટેરાકોટા)ની કલા, જે એક વખત સામાન્ય જનતાની રચનાત્મક અંતઃપ્રેરણાનું પ્રતીક હતી, તે સાધનસંપન્ન આશ્રયદાતાઓના હાથનું રમકડું બની ગઈ. હવે ગુપ્તસમયની જેમ શહેરી બજારો માટે બનાવવામાં આવતી માટીકામની નાની, હેરવીફેરવી શકાય તેવી, કલાકૃતિઓનો જથ્થો ઘટી ગયો. જોકે વારાણસી, અહિચ્છત્ર, કનોજ વગેરે જેવાં પુરાણાં શહેરી કેન્દ્રો ચાલુ રહ્યાં હતાં. અને તત્તાનંદપુર (ઉત્તર પ્રદેશમાં બુલંદશહરની પાસે) જેવાં થોડાંક નવાં કેન્દ્રો પણ ઊભાં થયાં હતાં, તેમ છતાં આમાંથી બહુ ઓછાં કેન્દ્રોમાં માટીકામની કલાકૃતિઓ બજારમાં આવતી. હવે 'પુશતકારો' (માટીકામના કલાકારો) પોતાની કૃતિઓ બજારો માટે બનાવવાને બદલે મોટા જમીનદારો અને મંદિરો તથા મઠો (બૌદ્ધ કે જૈન) માટે બનાવવા લાગ્યા હતા. માટીકામની કલા હવે આમજનતાની કલાને બદલે ભદ્ર વર્ગની કલા બની ગઈ, અને તેનો ઉપયોગ સામંતશાહી રાજાઓ, સરદારો અને સામંતોના મહેલોને લગ્નપ્રસંગ જેવા શુભપ્રસંગોએ (બાણભટ્ટના 'હર્ષચરિત'માં વર્ણવવામાં આવ્યું છે તે રીતે) શણગારવામાં તથા મંદિરોનાં સુશોભનોમાં થવા લાગ્યો. આથી આ કલા મોટાં સામંતશાહી કેન્દ્રોમાં તથા પહાડપુર, રાજબડીડાંગા (બંગાળ), વિક્રમશીલા (બિહાર), અખતૂર અને ઉશ્કર (કાશ્મીર) જેવાં ધાર્મિક કેન્દ્રોમાં જ સચવાઈ રહી.

## 7.7 શિક્ષણ અને વિદ્યા (Education and Learning)

જેવી રીતે મધ્યયુગીન યુરોપમાં ખ્રિસ્તી દેવળો વિદ્યા અને જ્ઞાનનાં કેન્દ્રો બન્યાં હતાં, તે રીતે ભારતમાં પણ અનુગુપ્તકાળમાં મંદિરો, મઠો અને વિહારો જેવી ધાર્મિક સંસ્થાઓ શિક્ષણ અને જ્ઞાનનાં કેન્દ્રો બની હતી. કેટલાંક રાજ્યોનાં પાટનગરો, જેવાં કે ધાર (માળવા), અજમેર, અણહિલપુર પાટણ(ગુજરાત)માં પણ વિદ્યાશાળાઓ અસ્તિત્વ ધરાવતી હતી. ઉત્તર બિહારમાં મિથિલા, બંગાળમાં નદિયા તથા ઉત્તર ભારતમાં કાશી (વારાણસી) બ્રાહ્મણધર્મી શિક્ષણ અને વિદ્યાનાં કેન્દ્રો તરીકે પ્રખ્યાત હતાં. કાશ્મીરી પંડિત ક્ષેમેન્દ્રના જણાવ્યા અનુસાર છેક ગૌડ (બંગાળ) જેટલા દૂરનાં સ્થળોએથી વિદ્યાર્થીઓ કાશ્મીરના મઠોમાં અભ્યાસ કરવા માટે આવતા. **ગુજરાત**માં પણ 12મી સદીમાં **વિદ્યા-મઠો** અસ્તિત્વ ધરાવતા હતા, તેમ હેમચંદ્રાચાર્યનાં લખાણોમાંથી માલૂમ પડે છે. દક્ષિણમાં આ સમયે સંખ્યાબંધ **અગ્રહારો** વિદ્યાનાં કેન્દ્રો તરીકે વિકસી રહ્યાં હતાં. **બિહાર**માં નાલંદા, વિક્રમશીલા અને ઔદાન્તપુરીનાં, તથા ગુજરાતમાં વલભી, બંગાળમાં જગદલ્લા અને સોમપુરી તથા તામિલનાડુમાં કાંચીપુરમ્‌નાં વિશ્વ વવિદ્યાલયો ઘણાં પ્રખ્યાત હતાં.

મંદિર સાથે **પુસ્તકાલય**ને સાંકળવાનો ખ્યાલ 8મી સદીથી વિકસ્યો હતો. આ ક્ષેત્રમાં સાચી શરૂઆત જૈનોએ કરી હતી. તેમના આચાર્યો અને ગુરુઓ – **ભટ્ટારકો** અને **શ્રીપૂજ્યો** – ની યાદી ઘણી

લાંબી થવા જાય છે. તેમની મોટી સંખ્યા અને સમાજમાં તેમને જે માન-સન્માન મળતાં હતાં, તે ઉપરથી તેમણે શરૂ કરેલી પુસ્તકાલય-પ્રવૃત્તિનું મહત્ત્વ સમજાઈ શકે તેમ છે. તેમણે **શાસ્ત્રદાન**-(ધાર્મિક ગ્રંથો અને હસ્તપ્રતોનું દાનની જાણે કે ઝુંબેશ ઉપાડી હતી, અને એ ઝુંબેશને પરિણામે જ પાટણ, ખંભાત (બંને ગુજરાતમાં) તથા જેસલમેર (રાજસ્થાન) અને કર્ણાટકના જૈન ઉપાશ્રયોના ગ્રંથભંડારો શાસ્ત્રગ્રંથોની અલભ્ય હસ્તપ્રતોથી ખીચોખીચ ભરાયેલા હતા. જૈનાનું જોઈને બ્રાહ્મણધર્મી આચાર્યોએ અને તેમના મઠોએ પણ હસ્તપ્રતો લખાવવાની તથા એકઠી કરવાની પ્રક્રિયા શરૂ કરી હતી. આ બધાંને પરિણામે આ સમયે ઘણા મોટા પ્રમાણમાં હસ્તપ્રતો લખાઈ હતી.

વિક્રમશીલા (બંગાળ) વિશ્વ વિદ્યાલયમાં **તંત્રવિદ્યા**ના અભ્યાસ માટે એક સંપૂર્ણ અલગ વિભાગ રાખવામાં આવ્યો હતો, તે ઉપરથી આ સમયે વિદ્યાર્થીઓમાં **મંત્ર** અને **તંત્ર** એ અભ્યાસનો માનીતા વિષય હશે તેમ લાગે છે. 17મી સદીમાં ભારતમાં આવેલા તિબેટના બૌદ્ધ પ્રવાસી તારાનાથ નાલંદા, ઔદાન્તપુરી અને બિહાર-બંગાળનાં અન્ય વિશ્વ વિદ્યાલયોમાં શીખવવામાં આવતા તાંત્રિક અભ્યાસક્રમોની ઘણી પ્રશંસા કરે છે. તે જ રીતે, 8મી સદી પછીના સમયમાં ગૂઢ (ગુહ્ય) વિજ્ઞાનનો અભ્યાસ પણ ઘણો લોકપ્રિય બન્યો હોય તેમ લાગે છે. 13મી સદીમાં લખાયેલા રાજશેખરના 'પ્રબન્ધકોશ'માં તે સમયના અભ્યાસના 70 કરતાં વધારે વિષયોની યાદી આપવામાં આવી છે, જેમાં 'ગૂઢ વિજ્ઞાન'ને પણ એક અભ્યાસ-વિષય તરીકે ગણાવવામાં આવેલ છે.

આ સમયે વિદ્યાના ક્ષેત્રે ત્રણ બાબતોને સૌથી નોંધપાત્ર ગણાવી શકાય :

(અ) પ્રાદેશિક ભાષાઓનો ઉદ્ભવ અને વિકાસ

(બ) પ્રાદેશિક લિપિઓનો પણ ઉદ્ભવ, અને

(ક) સાહિત્યમાં શબ્દભંડાર અને કૃત્રિમ શૈલીનું વધેલું પ્રમાણ

(અ) અનુગુપ્ત સમયમાં ભૂમિ-દાનોને કારણે સંસ્કૃત ભાષા જાણનારા બ્રાહ્મણો દેશના જુદા જુદા ભાગોમાં ફેલાતા ગયા, જેને કારણે સંસ્કૃત ભાષાનો પ્રસાર ઠીક ઠીક પ્રમાણમાં થયો. તેમ છતાં સંસ્કૃત આમજનતાની ભાષા બની શકી નહીં. તે માત્ર શાસનકર્તા વર્ગની, અને તે પણ માત્ર ઉચ્ચ સ્તરે વહીવટમાં ઉપયોગમાં લેવાતી, ભાષા બની રહી. 'નૈષધીયચરિત'માં દમયંતીના સ્વયંવરમાં ભાગ લેવા આવેલા મહાનુભાવોને પરસ્પર સંસ્કૃત ભાષામાં વાત કરતાં દર્શાવ્યા છે, તે આનો પુરાવો છે.

પરંતુ સંસ્કૃત જો શાસનકર્તા વર્ગની ભાષા હતી, તો **અપભ્રંશ** એ આમજનતાની ભાષા હતી. જોકે **અપભ્રંશ**નો ઉદ્ભવ તો આ પહેલાં ઘણા સમયથી થયો હતો. તેના પણ ઘણા પ્રકારો હતા. 8મી સદીના જૈનગ્રંથ **'કુવલયમાલા'**માં ભારતના જુદા જુદા પ્રદેશોમાં 18 પ્રકારની **અપભ્રંશ** ભાષા બોલાતી હોવાનું નોંધાયું છે. **રાજશેખર** રાજાને અભ્યાસ કરવા જેવા વિષયોમાં સંસ્કૃતની સાથે, પ્રમબૃચ, **પૈશાચી** અને **અપભ્રંશ** તથા **દેશભાષા**નો પણ ઉલ્લેખ કરે છે. 12મી સદીમાં ગુજરાતના પ્રખર જૈન વિદ્વાન આચાર્ય **હેમચંદ્રાચાર્યે** પહેલવહેલાં અપભ્રંશનું વિશદ વ્યાકરણ રચ્યું હતું. એ નોધપાત્ર છે કે, પૂર્વ મધ્ય-કાળમાં અપભ્રંશનો પ્રચાર વધ્યો હતો અને તેના વિવિધ પ્રકારોમાંથી જૂની (કે મૂળ) હિંદી, જૂની બંગાળી, જૂની રાજસ્થાની, જૂની ગુજરાતી, જૂની મરાઠી, જૂના મૈથિલી વગેરે જેવી સ્થાનિક ભાષાઓનું સ્વરૂપ બંધાવા લાગ્યું હતું. ઉદાહરણ તરીકે, અપભ્રંશના **શૌરસેની** પ્રકારમાંથી એક બાજુ જૂની હિંદી અને બીજી બાજુ જૂની રાજસ્થાની-ગુજરાતી ભાષા રચાઈ હતી. આ સમયે આવાગમનનાં સાધનો પ્રમાણમાં ઓછાં હોવાને કારણે આંતરપ્રાદેશિક વ્યવહારના અભાવને લીધે આ બધી સ્થાનિક ભાષાઓના વિકાસને વધારે ઉત્તેજન મળ્યું હતું. તેમાં ભૂમિ-દાનને કારણે જુદા જુદા પ્રદેશમાં વસેલા બ્રાહ્મણોએ પણ આ સ્થાનિક ભાષાઓના શબ્દકોષને સમૃદ્ધ બનાવવામાં સારો ફાળો આપ્યો હતો. તેમણે સ્થાનિક બોલીઓનો વિકાસ કરી, તેમને વ્યવસ્થિત રૂપ આપી, લેખન દ્વારા તેમને ભાષામાં પરિવર્તિત કરવામાં પણ મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

(બ) આ સમયે પ્રાદેશિક ભાષાઓના વિકાસની સાથોસાથ **પ્રાદેશિક લિપિઓનો** પણ **વિકાસ** થયો. વાસ્તવમાં, જેમ જેમ પ્રાદેશિક ભાષાઓ વિકસતી ગઈ તેમ તેમ તેમને લેખનમાં વ્યક્ત કરવા માટે લિપિઓનો પણ વિકાસ થતો ગયો. મોર્યકાળથી ગુપ્તકાળ દરમ્યાન લિપિમાં બહુ ફેરફાર થયા ન હતા; પરિણામે ગુપ્તસમયની બ્રાહ્મીલિપિ જાણનારી કોઈ પણ વ્યક્તિ દેશના કોઈ પણ ભાગમાં અભિલેખો વાંચી શકતી. પરતુ સાતમી સદી પછી આવી પરિસ્થિતિ ન રહી. આ સમય પછી પ્રચલિત લિપિમાં એટલા બધા સ્થાનિક

તફાવતો આવવા લાગ્યા કે તે વાંચવા માટે માણસે એક કરતાં વધારે લિપિઓના નિષ્ણાત બનવું પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ. આને કારણે જે તે પ્રદેશમાં સ્થાનિક શિક્ષણ આપવા કે સ્થાનિક વહીવટ સંભાળવા માટે સ્થાનિક લિપિમાં (લખવા, વાંચવામાં) નિષ્ણાત હોય તેવા માણસોની જરૂર પડવા લાગી. આ સમયની હસ્તપ્રતોમાં તથા અભિલેખોમાં દેવનાગરી, આસામી, બંગાળી, ઉડિયા, તામિલ, તેલુગુ, કન્નડ, શારદ (કાશ્મીરમાં) વગેરે લિપિઓનો ઉપયોગ થયો છે. કેટલીક વખત અમુક લિપિ તો, તામિલના કિસ્સામાં જોવા મળે છે તેમ, ભાષાના સીમાડા પણ ઓળંગી જતી હતી. આ સમયના કેટલાક અભિલેખોના અભ્યાસ ઉપરથી એવો નિષ્કર્ષ તારવી શકાય તેમ છે કે, કેર (કેરળવાસીઓ), ચોલ અને પાંડ્યોએ તામિલ ભાષાને પોતાની ભાષા તરીકે અપનાવી હોવા છતાં તે દરેકે તે ભાષાને વ્યક્ત કરવા માટે જુદી જુદી લિપિ અપનાવી હતી (જેવું અત્યારે હિંદી ભાષા માટે છે – તે દેવનાગરી અને ઉર્દૂ એમ બંને લિપિઓમાં લખાય છે). કેરો તામિલ-બ્રાહ્મીના જોડિયા આકારની **વેટેલુટ્ટુ** (ગોળાઈવાળી લિપિ) તરીકે જાણીતી લિપિનો ઉપયોગ કરતા, જ્યારે પાંડ્યોમાં **કોલેલુટ્ટુ** પ્રકારની ઊભી રેખાઓવાળી લિપિ પ્રચલિત હતી, અને ચોલ લોકો આ બંને પ્રકારોના મિશ્રણવાળી લિપિનો ઉપયોગ કરતા. પરંતુ આટલું જ બસ ન હતું. આ ત્રણેય રાજ્યોના વિદ્વાનોએ ધાર્મિક અને દાર્શનિક ચર્ચાઓ માટે **'તામિલ ગ્રંથ લિપિ'** નામની એક નવી જ લિપિ વિકસાવી હતી. આ લિપિમાં લખાયેલી સેંકડો હસ્તપ્રતો ઉત્તરમાં છેક તિબેટ સુધી પહોંચી હતી, અને ત્યાં લામાઓના ગ્રંથભંડારોમાં સચવાઈ રહી હતી.

(ક) સમગ્ર પૂર્વ મધ્યકાલ (ઈ.સ. 8મીથી 13મી સદી ) દરમ્યાન દર્શન, ન્યાય, તર્ક, આળવાર અને નાયણમાર સંતોનાં ભક્તિગીતો, શૈવ આગમો, કાવ્યો, ગીતો, નાટકો, વર્ણનો, ઐતિહાસિક ચરિત્રકથાઓ, વિજ્ઞાન, શિલ્પશાસ્ત્ર વગેરે અનેક વિષયો ઉપર રચાયેલી પુષ્કળ સાહિત્ય-કૃતિઓ મળે છે. પરંતુ તે બધાંમાં એક તત્ત્વ તુરત નજરે ચડે છે, અને તે છે અલંકારયુક્ત, આડંબરી ભાષા અને ભારેખમ લેખનશૈલી (કદાચ એ સમયના સામંતશાહી નવા જમીન-માલિકોના માનમોભા અને અહંભાવની સાથે આવા શબ્દાડંબરવાળી લેખનશૈલી બરાબર મેળ લેતી હતી). ભપકાદાર વિશેષણો અને ઉપમાઓ તથા ભારેખમ શબ્દોવાળી આ શૈલી જાણે કે આ સમયનાં સાહિત્ય અને અભિલેખોની વિશિષ્ટ ઓળખ બની ગઈ હતી. લાગે છે કે **'કાદંબરી'**ના રચયિતા કવિ બાણભટ્ટ(7મી સદી)નું લાંબી અને ગૂંચવણભરી (ક્લિષ્ટ) વાક્યરચનાઓવાળું ગદ્ય એ આ સમયના લેખકોનો આદર્શ બની ગયું હતું.

કાવ્યના ક્ષેત્રમાં પણ **'દ્વયાશ્રય'** કે **શ્લેષકાવ્ય**(બે કે વધારે અર્થોવાળું કાવ્ય)ની સભાનપણે (ચાહી-ચલાવીને) રચનાઓ થવા લાગી હતી. આવાં કાવ્યોની ખૂબી એ છે કે, તેમાં એક બાજુથી વાંચતાં એક અર્થ અને ઊલટી બાજુથી વાંચતાં બીજો અર્થ નીકળતો. ઉદાહરણ તરીકે, બંગાળના કવિ સંધ્યાકર નાન્દીએ રચેલું રામચરિત. આમાં એક બાજુથી વાંચતાં ભગવાન શ્રીરામની કથા, અને બીજી બાજુથી વાંચતાં બંગાળના રાજા રામપાલનું ચરિત્ર નિરૂપાયેલું છે. 12મી સદીની એક કાવ્યરચના **'પાર્વતી-રુક્મિણીય'**માં પણ આ જ રીતે શિવ અને પાર્વતીનાં, તથા શ્રીકૃષ્ણ અને રુક્મિણીનાં લગ્નની કથા આલેખાઈ છે. ગુજરાતના સોલંકી સમયના પ્રખર વિદ્વાન (કલિકાલસર્વજ્ઞ) જૈન આચાર્ય **હેમચંદ્રાચાર્યે** રચેલા **દ્વયાશ્રય** કાવ્યમાં એક બાજુએથી વ્યાકરણના નિયમો અને બીજી બાજુએથી સોલંકી-રાજવંશના ઇતિહાસનું નિરૂપણ થયેલું છે. તેમણે **'સપ્તાસનભાણ'** નામની કૃતિ રચી હોવાનું કહેવાય છે, જેમાં એકીસાથે સાત અર્થઘટનો સમાયેલાં હતાં ! સાહિત્યમાં આ પ્રકારની બેવડા, ત્રેવડા કે વધારે અર્થ ધરાવતી કૃતિઓ આ સમયની કૃત્રિમ જીવનશૈલીનું સૂચન કરે છે.

## 7.8 સ્થાનિક ઐતિહાસિક વૃત્તાંતો અને સ્થાનિક સંવત્સરો (Local Chronicles and Eras)

7મી સદીમાં ભારતમાં આવેલા પ્રખ્યાત ચીની યાત્રાળુ હ્યુ-એન-ત્સાંગ લખે છે કે, પોતે જે જે પ્રદેશોમાં ફર્યો, તે તે પ્રદેશોની સ્થાનિક બોલીઓનો તેણે સંપૂર્ણ અભ્યાસ કર્યો હતો. આગળ જતાં ભાષાઓ, પુસ્તકો વગેરેનું સામાન્ય અવલોકન કરતાં તે લખે છે કે,

" દરેક પ્રાંતમાં બનાવોની નોંધ કરવા માટે ખાસ અધિકારી હોય છે. બનાવોની આવી સંપૂર્ણ નોંધને **'નીલપીટ'** (ભૂરો સંગ્રહ) કહે છે. આ નોંધમાં આ પ્રદેશમાં બનેલા સારા, માઠા પ્રસંગોનો તથા કુદરતી આપત્તિઓનો અને શુભ બનાવોનો પણ ઉલ્લેખ થયો હોય છે."

હ્યુ-એન-ત્સાંગના આ અવલોકનને **'રાજતરંગિણી'** (કાશ્મીરની તવારીખ), **રાસમાલા, પ્રબંધચિંતામણી** અને **વસંતવિલાસ** (ગુજરાતની ઇતિહાસ-નોંધો), સિંધની **ચચનાળા** અને નેપાલની **'વંશાવલિઓ'** જેવાં ઐતિહાસિક વૃત્તાંતોથી પુષ્ટિ મળે છે. એ દર્શાવે છે કે, આ સમયના લગભગ દરેક પ્રાદેશિક રાજ્યમાં ઘટનાઓની સત્તાવાર નોંધ રાખવાનો રિવાજ હશે. આ પ્રકારનાં ઐતિહાસિક વૃત્તાંતો આ સમયની સંસ્કૃતિનાં બધાં જ પાસાંઓમાં જે પ્રદેશવાદનું વલણ જોવા મળે છે તેને પણ સમર્થન આપે છે.

તે જ રીતે, આ સમયમાં ઉદ્ભવ પામેલા પ્રાદેશિક **સંવતો** પણ પ્રદેશવાદના આવા વલણની એક વધારાની સાબિતી પૂરી પાડે છે. આ સમયે ગુપ્તસમયથી પ્રચલિત થયેલા શકસંવત અને વિક્રમ સંવત તો ચાલુ હતા જ, પરંતુ તે ઉપરાંત જુદા જુદા પ્રદેશોમાં પોતાના અલગ સંવતો શરૂ કરવાનું પણ વલણ વધ્યું હતું. ખુદ સમ્રાટ હર્ષે (7મી સદી) પણ પોતાનો સંવત સ્થાપ્યો હતો. તેના સમકાલીન અને મિત્ર એવા આસામના રાજવી ભાસ્કરવર્માએ **'ભાસ્કરાબ્દ'** નામનો સંવત શરૂ કર્યો હતો, જેનો ઉપયોગ ત્યાંના ઘણા અભિલેખોમાં થયેલો જોવા મળે છે. તે જ રીતે આસામના મહાન વૈષ્ણવ સંત અને ધર્મગુરુ શંકરદેવે પોતાના નામથી **શંકરાબ્દ** શરૂ કર્યો હોવાનું મનાય છે. બંગાળમાં પણ એક નવો સંવત ઊભો થયો હતો. જૈનોએ **મહાવીર સંવત**નો ઉપયોગ કરવાનું શરૂ કર્યું હતું.

## 7.9 ધર્મમાં નવાં વલણો (The New Religious Trends)

આ સમયે ધાર્મિક વિધિવિધાનો અને ક્રિયાકાંડોમાં પણ સારું એવું પરિવર્તન આવ્યું હતું. ભૂમિ-દાનની પ્રથાના વિસ્તારની સાથે સામંતશાહી વ્યવસ્થાનો અને તેમાં માલિક અને દાસની ભાવનાનો વિકાસ થયો. આ વ્યવસ્થામાં 'દાસ' પહેલાં પોતાની બધી જમીન અને માલમિલકત માલિકને ચરણે ધરતો, અને પછી તે બધી મિલકતો તથા તેને અંગેના બધા અધિકારો, માલિકના **'પ્રસાદ'**(કૃપા કે મહેરબાની)ના રૂપમાં પાછી મેળવતો. આ રિવાજમાંથી ધર્મમાં પણ **'પૂજા'**નો ખ્યાલ વિકસ્યો. પૂજા **ભક્તિ**(અર્થાત્ વ્યક્તિની પોતાના ઈશ્વર પ્રત્યેની સંપૂર્ણ શરણાગતિ)ના સિદ્ધાંત સાથે સંકળાયેલી હતી (વધુ માટે જુઓ એકમ 6.4.2).

**'તાંત્રિકવાદ'**માં **પૂજા** અને **ભક્તિ** બંનેનો સમાવેશ થતો હતો. તાંત્રિકવાદ ખાસ કરીને 'મધ્ય પ્રદેશ'ની બહાર, તેની ફરતે આવેલા આદિવાસી જાતિઓના પ્રદેશોમાં વધારે વિકસ્યો હતો. આ પ્રદેશોમાં ભૂમિ-દાનોને કારણે બ્રાહ્મણોનો વસવાટ થયો હતો અને બ્રાહ્મણોને પોતાના ભૂમિવિષયક અધિકારોની જાળવણી માટે આદિવાસી જાતિઓના સહકારની જરૂર હતી. આથી તેમણે આદિવાસી ધાર્મિક વિધિઓને તથા તેમનાં દેવી-દેવતાઓને (ખાસ કરીને દેવી-શક્તિમાતા-ને) અપનાવવા માંડ્યાં. આમાંથી તાંત્રિકવાદનો જન્મ થયો (એકમ 6.4 પણ જુઓ). 7મી સદી પછી ભારતના શૈવ, વૈષ્ણવ, બૌદ્ધ, જૈન એમ બધા જ મુખ્ય ધર્મ-સંપ્રદાયો તાંત્રિકવાદની લપેટમાં આવી ગયા. આ સમયની હજારો હસ્તપ્રતોને વિષયવાર જુદી પાડવામાં આવે, તો **પૂજા, વિધિ, તંત્ર, ગૂઢશાસ્ત્ર** વગેરેને લગતી હસ્તપ્રતોની સંખ્યા ઘણી મોટી થવા જાય તેમ છે. અત્યાર સુધી આવી વિધિઓથી અલિપ્ત રહેલા જૈનોમાં પણ તાંત્રિક વિષયો પર હસ્તપ્રતો લખાવા માંડી. જૈન ગ્રંથભંડારો **'ધર્મચક્રિયાપૂજા', 'દશલક્ષણપૂજા'** વગેરે જેવી હસ્તપ્રતોથી ઊભરાવા લાગ્યા. બાકી જૈન **અંગ** સાહિત્યમાં **'પૂજા'**નો અર્થ જૈન સાધુ પ્રત્યે 'આદરભાવ' વ્યક્ત કરવો એમ થાય છે, તેનાં અંગોની પૂજા કરવાનો નહિ; ત્યારે હવે જૈન તીર્થંકરોની પ્રતિમાઓનાં અંગોની **પૂજા** થવા લાગી, અને તેને લગતાં અનેક પ્રકારનાં વિધિવિધાનો અને કર્મકાંડો પણ ઘડવામાં આવ્યાં. પ્રો. આર. સી. હઝરાના મતે, 6ઠી સદી પછી પુરાણો બ્રાહ્મણોને દાન તથા માન-સન્માન આપવા, તીર્થયાત્રા, નવગ્રહોની સ્થાપના અને તેમની શાંતિ તથા પ્રસન્નતા માટેની પૂજાવિધિ, વ્રત, પૂજા વગેરે નવા નવા વિષયો ઉપર ભાર મૂકતા જોવા મળે છે. તે ઉપરાંત પુરાણોમાં **પૂર્તધર્મ** (અર્થાત્ મંદિર, વાવ, કૂવા, તળાવ, ધર્મશાળા વગેરે સાર્વજનિક હિતનાં ધર્માદા બાંધકામો કરાવવાં) સૌથી મોટો ધર્મ ગણાવા લાગ્યો હતો. તેને કારણે જ આ સમયમાં આટલી મોટી સંખ્યામાં મંદિરો બંધાયેલાં જોવા મળે છે.

**'તમારી પ્રગતિ ચકાસો'** (4)

1. પૂર્વ મધ્યકાલીન ચિત્રકલાનાં વિશિષ્ટ લક્ષણો કયાં છે ? (છ લીટીઓમાં જવાબ આપો.)

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

2. ચેર, ચૌલ, અને પાંડ્યોની લિપિઓ વિષે માહિતી આપો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

3. અનુગુપ્ત સમયમાં કાળગણના માટે ઉપયોગમાં લેવાતા ચાર મુખ્ય સંવત્સરોનાં નામ આપો.

................................ ..........................................

................................ ..........................................

................................ ..........................................

................................ ..........................................

................................ ..........................................

4. નવાં ધાર્મિક વલણોમાં 'પૂજા' અને 'પૂર્તધર્મ'ના અર્થ વિષે ટૂકમાં ચર્ચા કરો. (7 વાક્યોમાં જવાબ લખો.)

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 7.10 સારાંશ

આ એકમમાં 8મીથી 13મી સદી દરમ્યાન ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં 'પ્રદેશવાદ' ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સાંસ્કૃતિક બાબતોમાં આ 'પ્રદેશવાદ' નીચેની રીતે વ્યક્ત થતો હતો :

- આંધ્ર, બંગાળ, ગુજરાત, કર્ણાટક વગેરે જેવા પ્રાદેશિક સાંસ્કૃતિક એકમોનો ઉદ્ભવ.
- સ્થાપત્યમાં **નાગર, દ્રાવિડ,** અને **વેસર** જેવી પ્રાદેશિક વિશિષ્ટ લક્ષણો ધરાવતી શૈલીઓનો વિકાસ.
- મંદિર-સ્થાપત્યની શૈલીઓનો ભૌગોલિક વિસ્તાર, તલમાનની રચના, ઊર્ધ્વમાન અને શિખરની રચના, મંદિરના મુખ્ય દેવતા વગેરે આધારો ઉપર વર્ગીકરણ.

- સ્થાપત્યના વિવિધ અંગો માટે પ્રયોજાતા ખાસ શબ્દો.
- સ્થાપત્ય-પ્રવૃત્તિ ઉપર પર્યાવરણની તથા કાચી માલસામગ્રીની પ્રાપ્તિ (કે અપ્રાપ્તિની અસરો).
- સ્થાપત્યમાં સુશોભન અને અલંકારના વિવિધ વિકાસ-તબક્કાઓ.
- શિલ્પમાં પાષાણ-શિલ્પ અને ધાતુ-શિલ્પની વિવિધ પ્રાદેશિક વિશિષ્ટતાઓ.
- શિલ્પ, માટીકામ અને ચિત્રકલામાં 'મધ્યકાલીન તત્ત્વ'ની ભૂમિકા.
- અપભ્રંશની વિવિધતાને કારણે વર્તમાન ભારતીય ભાષાઓ(ગુજરાતી, મરાઠી વગેરે)નું મૂળ સ્વરૂપ બંધાયું.
- પ્રાદેશિક લિપિ અને પ્રાદેશિક સંવત્સરો વગેરેનો વિકાસ.
- સાહિત્ય, કલા, ધર્મ, વિદ્યા અને શિક્ષણમાં સામંતશાહી ભાવનાનો પડછાયો.

## 7.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' (1)**

1. મુદ્રારાક્ષસ, કુવલયમાલા, બ્રહ્મવૈવર્તપુરાણ અને હ્યુ-એન-ત્સાંગનો ગ્રંથ વગેરે (જુઓ પેટા વિભાગ 7.0).
2. જુઓ પેટા વિભાગ 7.1.
3. ત્રણ મુખ્ય શૈલીઓ છે, નાગર, દ્રાવિડ અને વેસર (જુઓ પેટા વિભાગ 7.1.2).
4. શિવ, દુર્ગા, સરસ્વતી, ગંગા વગેરે (જુઓ પેટા વિભાગ 7.1.2).

**'તમારી પ્રગતિ ચકાસો' (2)**

1. ગર્ભગૃહ, વિમાન, શિખર, મંડપ અને પ્રદક્ષિણાપથ (જુઓ પેટા વિભાગ 7.1.3).
2. જુઓ પેટા વિભાગ 7.1.4.
3. મલબાર, બંગાળ અને પૂર્વ તથા પશ્ચિમી હિમાચલ પ્રદેશ (જુઓ પેટા વિભાગ 7.1.5).

**'તમારી પ્રગતિ ચકાસો' (3)**

1. જુઓ પેટા વિભાગ 7.3 (ઉત્તર ભારતની શૈલી — એ શીર્ષક નીચે).
2. જુઓ પેટા વિભાગ 7.3 (દક્ષિણ ભારતની શૈલી અને વેસર શૈલી - એ શીર્ષક નીચે).
3. ગાયકો, વાદકો, નર્તકો, દેવદાસીઓ, માળી, ચિત્રકારો, કોતરકામ કરનારા કારીગરો, વગેરે (જુઓ પેટા વિભાગ 7.4).
4. તેનાં મુખ્ય લક્ષણોમાં અમુક પ્રમાણમાં નાજુકતા તથા તીવ્ર વળાંકો અને આડી-ઊભી રેખાઓ ઉપર આપવામાં આવતો ભાર વગેરેને ગણાવી શકાય.

**'તમારી પ્રગતિ ચકાસો' (4)**

1. જુઓ વિભાગ 7.6.
2. આ ત્રણેયની ભાષા તામિલ હતી, પરંતુ તેને વ્યક્ત કરવા માટે દરકે જુદી જુદી લિપિ અપનાવી હતી (જુઓ વિભાગ 7.7).
3. હર્ષ સંવત, ભાસ્કરાબ્દ, શંકરાબ્દ, મહાવીર સંવત (જુઓ વિભાગ 7.8).
4. જુઓ પેટા વિભાગ 7.9.

## 7.12 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અંતરાલ** : મંદિરના ગર્ભગૃહની આગળનો ભાગ.
**ભદ્ર** : શિખરનું સપાટ મુખ.
**ભટ્ટારક** : જૈન ધર્મના આચાર્ય.
**ભોગમંડપ** : મંદિરના આગળના ભાગમાં વધારાનો (દેવને ભોગ ધરાવવા માટેનો ) મંડપ.
**ગર્ભગૃહ** : જ્યાં દેવની મૂર્તિ પધરાવવામાં આવે છે તે મંદિરનો સૌથી વધારે પવિત્ર ભાગ.
**ગોપુરમ્** : મંદિરનાં ઊંચાં દ્વારો.
**જગમોહન** : ગર્ભગૃહની સામેના મંડપ કે ખંડ.

**કુડુ** : મંદિરની સુશોભન બારી.

**મંડપ** : ગર્ભગૃહજી સામેનો વિશાળ ખુલ્લો ખંડ.

**નાટ-મંદિર** : જગમોહનની સામેનો નૃત્ય માટેનો ખંડ.

**પ્રાસાદ** : (પ્રાસાદ = મહેલ), મૂળ તો મંદિર માટે વપરાતો શબ્દ - તે દેવ કે માલિકની મહેરબાની (કે કૃપા) માટે પણ વપરાતો.

**પુસ્તકારક** : માટીકામનો કારીગર.

**રથ** : દેવ માટેનો રથ – પરંતુ મહાબલિપુરમ્‌ના ખડકમાંથી કોતરેલાં મંદિરોને રથનો આકાર આપવામાં આવ્યો હોવાથી એ અર્થમાં પણ તે વપરાય છે.

**વિમાન** : ગર્ભગૃહની ઉપરનો ભાગ.

## કેટલાંક ઉપયોગી પુસ્તકો

Jha. D. N. (Ed.) : *Feudal Social Formation in Early India,* New Delhi, 1967.

Majumdar, R. C. (Ed.) : *The History and Culture of the Indian People* : Vol. IV (Second Ed. 1964) Vol. V (1957) : Bharatiya Vidya Bhavan, Mumbai.

Sharma, R. S. : *Urban Decay in India,* 1987, New Delhi.

Sharma, R. S. : *Indian Feudalism,* (2nd Ed.) 1980, New Delhi.


Sharma, R. S. : *Perspectives in Social and Economic History of Early India,* 1983, New Delhi.

Sharma, R. S. : *Material, Cultural and Social Formation in Ancient India,* 1983, New Delhi

Thapar, Romila : *History of India.* Vol I. New Delhi.

પરીખ, રસિકલાલ છો, અને શાસ્ત્રી, હરિપ્રસાદ ગં. (સંપાદિત) *ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ,* ગ્રંથ 4 (1976) ભો.જે અધ્યયન સંશોધન વિભાગ, અમદાવાદ-9.


શાસ્ત્રી, ડૉ. હરિપ્રસાદ ગં. : *પ્રાચીન ભારત,* ભાગ 2, દ્વિતીય આવૃત્તિ, 1984, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-9.





1. મંદિર શિખરો (ઉત્તરની શૈલી)




2. નંદી પર બેઠેલાં શિવ અને પાર્વતી (હિંગલાજગઢ, 10મી સદી)





3. લક્ષ્મણ મંદિરનો નકશો (ખજુરાહો, 10મી સદી)




4. દુર્ગા મંદિરનો નકશો (અર્ધગોળાકાર) (એ'હોલ, 8મી સદી)




મુંડેશ્વરી મંદિરનો નકશો (અષ્ટકોણી) (રામગઢ, 7મી સદી)




6. વામન મંદિરનો નકશો (અર્ધગોળાકાર) (કિઝાવેલ્લૂર, 11મી સદી)




7. વિષ્ણુ મંદિરનો નકશો (શ્રીરંગમ્)





8. લિંગરાજ મંદિરનો નકશો




૯. ગલગનાથ મંદિરના ઉપરના બાંધકામમાં 'કુડુ'નું ઝીણવટથી નિરૂપણ (પત્તદકલ, ૮મી સદી)



10. વિષ્ણુ મંદિરની છત પર ઘોડાની નાળના આકારની બારીઓ (ગોપ, ૬–7મી સદી)




11. કાશ્મીર પ્રકારનું મંદિર




12. પર્ણકુટી પ્રકારનું મંદિર, બંગાળ




13. નેપાળ પ્રકારનું મંદિર




14. મલબાર પ્રકારનું મંદિર




15. શિવ મંદિર (પંદ્રેથન, 9–10મી સદી)



16. ચોલ (અ), પલ્લવ (બ) અને વિજયનગર





(ક) કાળના સ્તંભો




17.

17. ચોલ (અ) અને પલ્લવ (બ) કાળનાં દ્વાર સુશોભન






18. શિલ્પ, ગણના ઊંચાઈ અને નકશો દર્શાવતી મંદિરનિર્માણ માટેની તાડપત્ર પરની હસ્તપ્રત



19. સૂર્યમંદિર (કોણાર્ક, 13મી સદી)



20. મંદિરનું આધારસ્થળ અને જગમોહના, પથ્થરચક્ર (કોણાર્ક)




21. નટમંડપમાં લોખંડના સળિયાની છત (જગન્નાથ મંદિર, પુરી)



22. કૈલાશ મંદિર (ઇલોરા, ૪–૭મી સદી)



23. મહાબલીપુરમ્‌ના રથ (7મી સદી)




24. મીનાક્ષીમંદિર (મદુરાઈ)



25. મીનાક્ષીમંદિરમાં સ્તંભાવલિ



26. મંદિરના પાયા પર સંગીતકારો (ખજુરાહો, 10મી સદી)



27. પૌરાણિક પશુઓ, યોદ્ધાઓ અને વનસ્પતિનાં કોતરકામ (કેશવ મંદિર, સોમનાથપુર)